જ્ઞાન–ભક્તિ

આ પુસ્તકના પ્રેરકશ્રીએ પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબના સ્વહસ્તે વિ. સં. ૧૯૯૫ના કારતક વદ ૨ના શુભ દિને તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજીની શીતળ છાયામાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી. તેઓશ્રી પૂજ્ય આગમોદ્ધારકશ્રીના શિષ્ય તરીકે શ્રી **વિમલસાગરજી** નામે જાહેર થયા. તેઓશ્રીએ પોતાના ક્ષયોપશમ પ્રમાણે અભ્યાસ સારો કર્યો છે. તેઓશ્રી જ્ઞાન, ધ્યાન, તપની સુંદર આરાધના કરી રહ્યા છે. પોતાના દરેક ચાતુર્માસમાં ધર્મની સુંદર આરાધનાઓ કરાવી સર્વેને ધર્મ–રસમાં તરબોળ કરે છે. તેઓશ્રીને વિ. સં. ૨૦23 મહા વદ ૧૦ રવિવારના રોજ **ચાણસ્મામાં ગણિ–પદવીથી** તથા વિ. સં. ૨૦૨૯ મહા સુદ ૩ મંગળવારના રોજ **નરોડા (અમદાવાદ)**માં **પંન્યાસ–પદવી**થી વિભૂષિત કરવામાં આવ્યા છે. વિ. સં. ૨૦30નું ચાતુર્માસ સુગત કરાવવા માટે શ્રી **હરિપુરા સંઘે** પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી **માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબને ભાવપૂર્વક વિનંતી કરતાં તેઓશ્રીની આજ્ઞાથી પૂજ્ય **પંન્યાસજી વિમલસાગરજી** મહારાજ તથા તેમના શિષ્યરત્ન દેવેન્દ્રસાગરજી મહારાજની ચોમાસા માટે જય બોલાવી હતી. વિ. સં. ૨૦30ના ચાતુર્માસમાં અનેક જાતના ધર્મપ્રભાવક કાર્યો થયા છે. તેમાનું મુખ્ય કાર્ય તેઓશ્રીના ઉપદેશથી શ્રી હરિપુરા જૈન સંઘ તરફથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.



આમુખ

શ્રી સિદ્ધચક્રસાહિત્યપ્રચારક સમિતિ મારફત પ્રસિદ્ધ થતા 'શ્રી સિદ્ધચક્ર' પાક્ષિકમાં આવેલ વ્યાખ્યાનો તથા લેખો પૂજ્ય ગુરુદેવ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગર-સૂરીશ્વરજી મહારાજના છે, તેથી તેમનો પરિચય આપવો જરૂરી છે પૂજ્ય ગુરુદેવશ્રીના નામથી જૈન સમાજમાં કોઈ ભાગ્યે જ અપરિચિત હશે જૈન સમાજના પરમ ઉપકારી શાસનના પરમ પ્રભાવક પૂ. ગુરુદેવશ્રીની ઓળખાણ આપવી. એ બાલચેષ્ટા, કિન્તુ તક પામીને એ પુણ્યપુરુષનું શાસનના ધુરંધર સૂરિપુંગવનું સ્મરણ થાય, ભક્તિ થાય એ અનુમોદનીય છે, કર્તવ્ય છે શૈલાનાનરેશપ્રતિબોધક સ્વ.-પર-શાસ્ત્રરહસ્યનિષ્ણાત, જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ જ શ્રી જૈન સમાજના પ્રાણાધિકતરરૂપ પૂજ્ય તીર્થને અંગે સિદ્ધાંતને અંગે, જ્યારે જ્યારે તેવા પ્રસંગો પ્રાપ્ત થયા ત્યારે ત્યારે લેશ પણ વિશ્રાન્તિ વિના કોઈની પણ પરવા વિના તેઓશ્રીએ એકલે હાથે પ્રભુશાસનની અપ્રતિમ સેવાઓ બજાવી છે એની સેવામાં જ જીવનને કૃતાર્થ બનાવ્યું છે. પ્રભુશાસનની વિજયપતાકા જ ફરકાવી છે એમ તો તેઓશ્રીની અગણિત સેવાઓ વિદ્યમાન છે. તેઓશ્રીનું જીવન જ સેવાના પ્રતીક સમાન છે અનેકવિધ સેવાઓમાં આગમ-સેવા એ તેઓશ્રીનું પ્રધાનતમ આત્મીય જીવન છે આગમના વાચન સંશોધન પ્રકાશન આદિથી તો તેઓશ્રી આગમશિરોમણિ તરીકે સુપ્રસિદ્ધ હતા જ, છે જ તેઓ આ જૈનશાસન ઉપર થતા સ્વ અને પરના આક્રમણોનો [illegible] પ્રતિકાર કરતા રહ્યા આ રીતે તેમનું આખું જીવન [illegible] સેવામાં જ વ્યતીત થયું છે

સૂરત અને સૂરીશ્વરજી

પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ પોતાનુ આખું જીવન જૈનશાસનની સેવામા વીતાવ્યુ હતુ અને પોતે અથાગ મહેનતથી શુદ્ધ કરેલા જિનાગમોને મુદ્રણ કરાવીને, આરસ ઉપર કોતરાવીને અને તામ્રપત્ર ઉપર ઉપસેલા અક્ષરોથી આરૂઢ કરીને, ત્રણ પ્રકારે તેનો ઉદ્ધાર કર્યો તેમના ત્રીજા ઉદ્ધારનું કાર્ય ભાગ્યયોગે સૂરતને સાંપડયું. તે તામ્રપત્ર ઉપર આરૂઢ કરેલા આગમો સૂરતમા એક દેરાસર બધાવી તેની દીવાલો ઉપર લગાડવાનું નક્કી થયું આથી તે માટે તથા અન્ય ધાર્મિક વહીવટો માટે પૂ. ગુરુદેવશ્રીના ઉપદેશથી એક પેઢી સ્થાપવાનું નક્કી થયું અને શ્રી ચતુર્વિધ સંઘે સંવત ૨૦૦૨ ના વૈશાખ સુદ ૧૧ ને શનિવારના દિવસે શ્રી આગમોદ્ધારક સંસ્થાની સ્થાપના કરી. અને તે સંસ્થાદ્વારા સૂરતમા શ્રી વર્ધમાન જૈનતામ્રપત્ર આગમમંદિર બાંધવામા આવ્યુ

તેનુ ખાતમુહૂર્ત સં. ૨૦૦૩ ના ફાગણ વદ ૬ ને દિવસે કરવામા આવ્યુ હતું ખાતમુહૂર્ત પછી નવ માસ જેટલા ટૂંકા સમયમા જ આ દહેરાસરનુ કામ પૂરું કરી, સંવત ૨૦૦૪ ના મહા સુદ ૩ ને શુક્રવારે પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજીના વરદ હસ્તે આ મંદિરમા પ્રતિષ્ઠા કરાવવામા આવી આ દહેરાસર બાંધવામા તથા બહારથી દીવાલોમા સોનુ વગેરે પુરાવી ડેકોરેશન વિગેરે કરવામા તેમ જ તામ્રપત્ર ઉપર આગમો તૈયાર કરાવવા વિગેરેમા કુલ્લે લગભગ રૂા ૫,૦૦,૦૦૦ અંકે પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો

સૂરતના ગુરુમંદિરના અપૂર્વ દૃશ્યો અને ભવ્ય પ્રતિમા

શ્રી આગમોદ્ધારક ગુરુમંદિર

આ ગુરુમંદિર આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. ના સ્મરણચિહ્નરૂપે બંધાવવામાં આવ્યું છે.

પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૨૦૦૬ના વૈશાખ વદ ૫ ને શનિવારના દિવસે સુરત મધ્યે ગોપીપુરાના માળીફળિયામાં આવેલી શેઠ મછુભાઈ દીપચંદની ધર્મશાળામાં (લીમડાના ઉપાશ્રયમાં) નિર્વાણ પામ્યા હતા. તેમના દેહનો અગ્નિસંસ્કાર શ્રી આગમોદ્ધારક સંસ્થાની માલિકીની, શહેરની વચમાં આવેલી જગ્યા ઉપર સરકારી સ્પેશિયલ (ખાસ) પરવાનગીથી કરવામાં આવ્યો હતો. તે જ જગ્યા ઉપર શ્રી આગમોદ્ધારક ગુરુમંદિર બાંધી. વિ. સં. ૨૦૦૯ના મહા સુદ ૩ને ગુરુવારના દિવસે પૂ. આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.ની પ્રતિમાજીની પ્રતિષ્ઠા તેમના અનન્યપટ્ટધર આચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે કરાવવામાં આવી છે.

રંગમંડપમાં પ્રવેશદ્વારની ઉપર ધ્યાનસ્થ ગુરુદેવનું તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે. તે ચિત્ર આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. નિર્વાણ પહેલાં ૫૬ દિવસ આગાઉથી [illegible] ધ્યાનમાં રહેલા તેનું છે. તેઓ તે [illegible] કરેલ [illegible] ન હતા અને [illegible] ન હતા [illegible] નિર્વાણના ધ્યાનમાં રહ્યા હતા તેનું આબેહૂબ તૈલચિત્ર છે.

રંગમંડપના પ્રવેશદ્વારની બંને બાજુએ ગુરુદેવશ્રીનાં દીક્ષાથી માંડી અંત સુધીના ચાતુર્માસોની અને જીવનના મુખ્ય મુખ્ય પ્રસંગોની નોંધ આપવામાં આવી છે

રંગમંડપમાં દક્ષિણ તરફના દ્વારની ઉપર શ્રી આગમોદ્ધારકે આપેલી વાચનાનું દૃશ્ય છે.

રંગમંડપમાં પશ્ચિમ તરફની બંને બાજુની દીવાલો ઉપર આગમોદ્ધારકના રચેલા સંસ્કૃત-ગ્રન્થો અને સંકલિત ગ્રંથોનાં નામો આરસમાં અંકિત કરાવવામાં આવ્યા છે

ગભારાના પ્રવેશદ્વાર ઉપર રાજપ્રતિબોધનું દૃશ્ય છે. આમાં મધ્યે ગુરુદેવશ્રી, ડાબી બાજુએ શૈલાનાનરેશ છે ને જમણી બાજુએ રાજાએ આપેલો અમારી-પડહનો પટ્ટક છે

રંગમંડપમાં ઉત્તર તરફના દ્વારની ઉપર (૧) સ્કંદિલાચાર્યે આપેલી માથુરી વાચના છે ને (૨) દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણે કરાવેલ પુસ્તકારોહણ રૂપ વલ્લભી વાચના છે.

રંગમંડપમાં દક્ષિણ અને ઉત્તર તરફના દ્વારોની બેઉ બાજુએ ચાર ફ્રેમો છે પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી સ્થપાયેલ શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ તરફથી છપાયેલ સચિત્ર 'બારસા સૂત્ર' મૂળ તામ્રપત્ર ઉપર ઉપસાવેલ અક્ષરોથી અલંકૃત કરી સુંદર ફ્રેમમાં તૈયાર કરીને દીવાલ ઉપર લગાડવામાં આવેલ છે ને એક અદ્ભુત વસ્તુ શ્રી આગમોદ્ધારક-ગુરુમંદિરમાં દર્શન કરવાલાયક બનેલ છે

રંગમંડપના ઘૂમટમાં, ગુરુદેવશ્રીના દેહની જેવી સ્મશાન-યાત્રા નીકળેલી હતી તેવી આબેહૂબ રંગોમાં આલેખવામાં આવી છે

વિ. સં. ૨૦૨૧, ભાદરવા સુદ પાંચમ —ગુણસાગર

卐

સ્વ. વિદુષી સાધ્વીજી શ્રી ચન્દ્રપ્રભા શ્રીજી મહારાજ



જન્મ :	દીક્ષા	કાળધર્મ :
વિ. સં. ૧૯૮૯	વિ. સં. ૧૯૯૮	વિ. સં. ૨૦૩૯
મહા સુદિ ૧૩	મહા સુદિ ૧૩	ફાગણ વદ ૬
મહેસાણા	મહેસાણા	[illegible]

ભગવંતના શિષ્ય તરીકે શ્રી **વિમલસાગરજી** બન્યા સંયમની ઉત્તમ આરાધનાથી તેઓશ્રી હાલ પંન્યાસ તથા ગણિપદથી વિભૂષિત છે તેઓશ્રીના ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રીની પીયૂષ પ્રેરણાથી સંઘમા અનુષ્ઠાનો અને આરાધના સારા પ્રમાણમા થાય છે રાજુલ જેમ પ્રભુ નેમિનાથના સંયમમાર્ગે ગઇ તેમ શ્રી કુસુમબેન દીક્ષાભિલાષિણી થયાં ધર્માનુરાગી માતા-પિતાની અનુમતિથી મહોત્સવ સહ ઘણી ધામધૂમથી ઉમંગ અને ઉત્સાહથી સોનામા સુગંધ ભળે તેમ પરમપૂજ્ય આચાર્યદેવશ્રી **કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ** સાહેબના વરદ હસ્તે અઢાર વર્ષની વયે વિ. સં. ૧૯૯૮ના મહા સુદ ૧૩ ને શુક્રવારે **મહેસાણામાં** પ્રવ્રજ્યા ગ્રહણ કરી વિદુષી સાધ્વી શ્રી **પ્રમોદશ્રીજી** મહારાજ સાહેબના શિષ્યા તરીકે કુસુમબેન મટી સાધ્વીશ્રી **ચંદ્રપ્રભાશ્રીજી** બન્યા. **પ્રમોદ**શ્રીજી મ.ના સમુદાયમા લગભગ ૨૫ ઠાણા છે ચંદ્રપ્રભાશ્રીજીએ સાધ્વીપણામા ન્યાય, વ્યાકરણ, કાવ્યો આદિનો ધાર્મિક અભ્યાસ સારા પ્રમાણમાં કર્યો. તેઓશ્રીની ખાસ વિશિષ્ટતા એ હતી કે ગુરુઓની વૈયાવચ્ચ કરવા તેઓ અહર્નિશ ખડે પગે તૈયાર જ રહેતા તેઓશ્રી શાન્ત અને સરળ સ્વભાવના હતા. તેઓશ્રીનો કંઠ કોયલ જેવો મધુર હતો તેઓશ્રીના મધુર કંઠે ગવાતા સ્તવનો, સજ્ઝાયો, પૂજાની ઢાળો આદિથી સાંભળનારને અપૂર્વ ભાવોલ્લાસ જાગતો અને ભક્તિ રસમા શ્રોતાવર્ગ તલ્લીન થઈ જતા શ્રી સમેતશિખરજીની યાત્રા કરવા જતા વિહારમા આવતા-જતાં ગામે ગામ જે જે ગામો [illegible] ગામોમા તેમનો પ્રભાવ શ્રાવક-શ્રાવિકાઓ [illegible] પ્રત્યે [illegible] તેઓશ્રીનાં જ્ઞાન, ધ્યાન, શાન્ત-સરળ [illegible] તેઓશ્રીનું [illegible] [illegible] શિષ્યાઓને જ્ઞાન, ધ્યાન, તપ [illegible]

કરતા વ્યાખ્યાન આપવાનો પ્રસંગ આવે તો પોતાની શિષ્યાઓ પાસે વ્યાખ્યાન અપાવતા. નમ્રતા અને સરળતાથી તેઓ શોભતા હતા. પોતાના ૩૧ વર્ષના દીક્ષાપર્યાયમા ગ્રામાનુગ્રામ ચાતુર્માસ કરી સારી ધર્મ-પ્રભાવના કરી હતી. તપશ્ચર્યાઓમા ૧૬ ઉપવાસ, ૮ ઉપવાસ, સિદ્ધિ-તપ, પ્રથમ વર્ષીતપ પાલીતાણામા, દ્વિતીય વર્ષીતપ કલકત્તામા, વર્ધમાનતપની ૨૯ મી ઓળી આદિ તપશ્ચર્યાઓ કરી હતી તથા સંવત ૨૦૨૦મા પુણ્યભૂમિ પાલીતાણામા પોતાના ગુરુબેન પ્રિયદર્શનાશ્રીજીએ ૫૦૦ આયંબિલ કર્યા ત્યારે તેમનુ આલંબન લઈ તેઓશ્રીએ ૧૧૫ આયંબિલ કર્યા હતા અને કર્મમલને યથાશક્તિ દૂર કરી શાસનની પ્રભાવના કરી હતી.

[illegible] તીર્થંકર ભગવંતો જ્યા સિદ્ધિ-ગતિને પામેલા છે તે પવિત્ર તીર્થભૂમિ શ્રી સમેતશિખરજી આદિ [illegible] ભૂમિ[illegible]ની યાત્રા કરી પોતાના જીવનને કૃતાર્થ કર્યું [illegible] ચાતુર્માસ કલકત્તામા અને એક ચાતુર્માસ [illegible] [illegible]ની સારી પ્રભાવના કરી હતી [illegible] [illegible] તરફ વિહાર કરતા સંવત ૨૦૩૦ના [illegible] [illegible] સંવત ૨૦૩૦ના [illegible] તેઓશ્રી [illegible] [illegible] નમસ્કાર મહામંત્રનુ ધ્યાન [illegible] [illegible] વિહાર કરી [illegible] કલ્પનાના [illegible] [illegible]

[illegible]

અને સરળ સ્વભાવી હતાં. તેઓશ્રી હિન્દીમાં સુંદર વ્યાખ્યાન આપતાં રાજસ્થાન અને ઉત્તર ભારતમાં પોતાના પ્રતિભાસંપન્ન હિન્દી વ્યાખ્યાનોથી શાસનની સુંદર પ્રભાવના કરી હતી તેઓશ્રી નમ્ર, પરમ વિનયી અને ગુર્વાદિકની ભક્તિ કરવામા અજોડ હતાં. તેઓશ્રીનો ગુરુ પ્રત્યેનો વિનય, પ્રેમ અને રાગ અનહદ હતો તેઓશ્રી હસ્તરેખા જોઈ ઘણી વાર પોતાના ગુરુ શ્રી ચન્દ્રપ્રભાશ્રીજીને કહેતા. "સાહેબજી, અંતકાળે મારે અને તમારે ફેર નહીં રહે, મારે અને તમારે કાળધર્મનો આંતરો નહીં રહે." સં. ૨૦૩૦ના ફાગણ વદ ૬ના દિને ગોઝારો અકસ્માત બન્યો ત્યારે થોડોક સમય શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મહારાજ સાહેબના હાથ હાલતા હતા અને શ્રી ચારુશીલાશ્રીજીની આંખો ખુલ્લી હતી. શ્રી ચંદ્રપ્રભાશ્રીજીના હાથ હાલતા બંધ થયા ને તરત જ શ્રી ચારુશીલાશ્રીજીની આંખો બંધ થઈ ગઈ. બંનેના પ્રાણ સાથે જ ગયા કાળધર્મ પામેલા શ્રી ચન્દ્રપ્રભાશ્રીજીના ગુરુબેન શ્રી પ્રિયદર્શનાશ્રીજી તથા શ્રી કલ્પશીલાશ્રીજી સદ્ભાગ્યે બચી ગયા સમાધિમરણ પામેલા શ્રી ચંદ્રપ્રભાશ્રીજી તથા તેમની શિષ્યા શ્રી ચારુશીલાશ્રીજીના આત્મશ્રેયાર્થે જયપુર અને મહેસાણામાં અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો અને કેટલાક ગામોમાં કાગળી આંગી રચાવવામાં આવી હતી તેઓશ્રીના આત્મ શ્રેયાર્થે જયપુરમા મોટા જિનાલયના એક બાજુની દીવાલ પર "શ્રી મહાવીર સ્વામીના સત્તાવીસ ભવ, પંચ કલ્યાણક પાવાપુરી" આદિ ચિત્રપટ સ્થાપવાનો શ્રી સંઘે નિર્ણય લીધો છે

વિષયાનુક્રમ

પૂ. આગમોદ્ધારકશ્રીના વચનામૃતો

૧ વીતરાગ પ્રણીત વચનની વિશાળ [illegible] જગતના [illegible] માપાય છે

૨ [illegible] અને [illegible] તો સર્વજ્ઞકથિત વચનના [illegible].

વીતરાગની વાણી એક સરખી હોવા છતાં [illegible]

૩ [illegible] ભૂમિમાં [illegible] પવિત્ર બને છે અને સ્વાતિ [illegible]

ઉત્તીર્ણ થવું મુશ્કેલ છે.

૮. શ્રદ્ધાપૂર્વક સમજવું જેટલું સહેલું છે તેના કરતાં યે વર્તવું એ કઠિનમાં કઠિન માર્ગ છે.

૯. વર્તમાનમાં કહેવાતો સુખી ભવિષ્યમાં કેમ દુઃખી થાય છે, અને વર્તમાનમાં કહેવાતો દુઃખી ભવિષ્યમાં સુખી કેમ થાય છે એ કોયડો ઉકેલીને પુણ્ય પથે વિચરવુ એમાં જ માનવજીવનની સફળતા છે

૧૦. મેળવેલ સાધનો દ્વારા સવર, નિર્જરા અને પુણ્ય પ્રાપ્ત કરવાં તે પ્રાપ્ત સાધનોનો સદુપયોગ કર્યો કહેવાય છે

૧૧. મેળવેલ સાધનો દ્વારા આશ્રવ, બંધ અને પાપનાં પોટલાં બાંધવાં તે પ્રાપ્ત સાધનોનો દુરુપયોગ કર્યો કહેવાય છે

૧૨ તમામ વિચારો અને વર્તન, મૈત્રી આદિ ચાર ભાવનાને સ્પર્શતાં ન હોય તો આ[illegible] જ થાય છે, એ નિર્ણય મગજમાં સદાકાળ સ્થિર રાખજો

૧૩ મૈત્રી આદિ ભાવનાથી ભાવિત થયેલા આત્માઓથી જગતભરના તમામ જીવોનું ભલું જ થાય છે

૧૪ આત્મકલ્યાણના અર્થીઓને શાસ્ત્ર અને શાસ્ત્રવિહિત તપોધર્માદિ અનુષ્ઠાનો એ અનેક આનંદના દાતા તથા પરમાનંદ ધામ લાગે છે

૧૫ જેટલો તનુ પ્રત્યે તિરસ્કાર તેટલો આગળ તેથીય વધુ તિરસ્કાર મન પ્રત્યે હોવો જ જોઈએ

૧૬ જૈનશાસનમાં જીવ માત્રનો [illegible] કર્યું છે

૧૭ જ્ઞાનીની નમ્રતા મહાન મુશ્કેલી ખડી કરે છે અને [illegible] અનંત આત્માઓને [illegible] શાન્તિ અને આનંદ સમર્પે છે [illegible]

૧૮ [illegible] પ્રભુના સમ્યગ્- [illegible]

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
णमो आगमोद्धारयाणं

આગમોદ્ધારકની તાત્ત્વિક વાણી

સુરત શ્રી વર્દ્ધમાન જૈન તામ્રપત્ર આગમ-મંદિરની પ્રતિષ્ઠાના ભવ્યતમ દિને થયેલા નૂતન દીક્ષિતોને પૂ. આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ ઉચ્ચરાવેલ

"કરેમિ ભંતે" સૂત્રનો વ્યાખ્યાનદ્વારા સમજાવેલ ગંભીર અર્થ

(અવતરણકાર પૂ. આચાર્યદેવશ્રી હેમસાગરસૂરીશ્વરજી મ.)

વિ. સં. ૨૦૦૪ના મહા શુદ ૩ [illegible] શ્રીભગવતીજી ભાગવતી દીક્ષાને પામેલા નવા મુનિ [illegible] વાળી વ્યાખ્યાનશાળામાં નવદીક્ષિતોને [illegible] "કરેમિ ભંતે" સૂત્રનું ગંભીર [illegible] આગમોદ્ધારક આચાર્ય મહારાજાએ [illegible]

ગાંડપણ કેડે લાગ્યું. એ પદાર્થો કયે રસ્તે મળે? ખેતી કરવાથી, નોકરી કરવાથી કે વેપાર કરવાથી મળે, તેના વિચારમાં આપણે લાગ્યા. એ તૃષ્ણાને તેમાંના ગમે તે ઉપાય વડે પૂરી કરવા આપણે મહેનત કરીએ તેને આપણે કર્તવ્યતા ગણી. મહેનત કરતાં એ તૃષ્ણા સંતોષાય, ત્યારે તે સંતોષને આપણે ફળ માન્યુ. પચીશ મણ અનાજ, થોડાં કપડા, એકાદ ઘર, સ્ત્રી, પુત્ર પરિવાર મળ્યો એટલે સંતોષ; એ જ કર્તવ્ય ગણ્યું. આ માની લીધેલા સંતોષના સકંજામાંથી આપણે કેમે ય નથી નીકળી શકતા. એ વિચાર આપણને આવે ત્યારે શું કરવુ?

જેમ જમીનમાં ઘાલીને માથું જ બાકી રહે, ત્યાં સુધી ત્રાસ આપે તેવા શત્રુને સમજુ અને વિવેકી જન કદાપિ મિત્ર ન ગણે, તેમ જે તૃષ્ણા આપણને સંસારમાં આપત્તિ, વિપત્તિ સંજોગ અને વિજોગમા રવડાવે છે, તે તૃષ્ણાને આપણે કેમ સારી માનીએ? માટે જ નિસ્તૃષ્ણ ભગવાન સિવાય બીજું તત્ત્વ નથી, એ માન્યતાથી તમે આજે એ તૃષ્ણાના સકંજામાંથી છૂટવા સર્વવિરતિ અંગીકાર કરો છો. તેમા પ્રથમ સ્વીકારો છો કે 'હું આજથી એ નિસ્તૃષ્ણપણું સાધનારાઓને જ મારા વડીલ ગણીશ. તે માટે જ આજથી કેડ બાંધીશ. તેને જ હું આજથી મારા મુરબ્બી માનીશ. મારા સાથે જેટલું નિસ્તૃષ્ણપણું સધાય, તેને જ હું ધર્મ ગણીશ તમે ઉચ્ચારો છો કે—

'अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो।
जिणपण्णत्तं तत्तं इअ सम्मत्तं मए गहियं ॥ १ ॥"

'યાવજ્જીવને માટે અરિહંત એ જ મારા દેવાધિદેવ, સુસાધુ એ જ મારા ભવસમુદ્રતારક ગુરુ, જિનેશ્વરે કહેલ એ જ સંસારકારાગારથી છોડાવનાર મારો ધર્મ: એ રૂપ સમ્યક્ત્વ અંગીકાર કરું છું.' આ પ્રમાણે ઉચ્ચરીને તમે આજથી ચતુર્વિધ સંઘ સમક્ષ પાપનાં પચ્ચક્ખાણ કરો છો. આ પચ્ચક્ખાણ વડે કરીને આપણા સંઘમાં અત્યારે તો તમે માત્ર સમ્યક્ત્વમાં તમારી તે ધારણાવાળી માન્યતા કરી. પણ એટલી માન્યતા માત્રથી કાર્ય ન થાય. માન્યતા મુજબની ક્રિયા થાય ત્યારે જ કાર્ય થાય, તમારે હવે નિરંતર ભાવવી રહી. કે જેથી કર્મરાજ [illegible] આ કાર્ય કેવળ માન્યતાથી નહિ પરંતુ વર્તનથી-ક્રિયાથી થાય છે. આથી તમે સમ્યક્ત્વ ઉચ્ચર્યાં પછી 'करेमि भंते सामाइयं' ઉચ્ચારીને સ્વીકારો છો કે 'આજથી હું [illegible] યાવજ્જીવ પર્યંત ત્યાગ કરું છું' [illegible]

[illegible]

સામાયિક-ચારિત્ર લેતી વખતે જે પ્રતિજ્ઞાઓ કરી હતી, તે પ્રતિજ્ઞાઓનો આજે હું શ્રી સઘ સમક્ષ નક્કી સ્વીકાર કરુ છુ. દરેક મહાવ્રતોની વ્યક્તિગત-એકેક કરીને પ્રતિજ્ઞા કર્યા પછી હવે સમૂહરૂપે બધાય વ્રતોની એક સાથે પ્રતિજ્ઞા કરે છે આ રીતે નજીકના કાળમા જણાવેલ સ્વરૂપવાળા મહાવ્રતોની હવે નક્કી કબુલાત તરીકે 'ફેર પ્રતિજ્ઞા' કરાવી

મહાવ્રત કહો કા તો અણુવ્રત કહો ? પરંતુ બંનેમાં જુદા જુદા બે વિશેષણો શુ કામ ? તેનો ખુલાસો.—

'મહાવ્રતમાં' રહેલા 'મહા' શબ્દની સાર્થકતા :

અણુવ્રતમા 'અણુ' વિશેષણ આપેલ હોવાથી અહિં 'મહા' વિશેષણ મૂકયુ. વ્રતોમા સામાન્ય નિયમ એ છે કે 'ज्ञात्वाऽभ्युपेत्याकरणं' 'પાપો જાણવા, તેની પ્રતિજ્ઞા કરવી અને તે પાપથી દૂર રહેવુ આટલુ થાય ત્યારે મહાવ્રત. અહિં 'મહા' શબ્દ એટલા જ માટે છે કે-ત્રણે પ્રકારની સામાચારી સહિત વ્રતો લેવા છે, માટે જ તે મહાવ્રત કહેવાય છે અને દીક્ષિત તે બાબતનો સ્વીકાર કરે છે આગમના [illegible], જેવા કે પડિલેહણ, ઇચ્છાદિક ઓઘ સામાચારી અને પદવિભાગ સામાચારી ત વિગેર મહાવ્રતની માફક મારે સ્વીકાર્ય છે પ્રતિક્રમણ બન્ને વખત, નિત્ય દેરાસર જવું, કાળ વખતે [illegible]ના ન જવુ, [illegible]માં ન જવુ આવવુ આ બધુ તે મહાવ્રતોની પ્રતિજ્ઞામા આવી જાય છે અણુવ્રતોની પ્રતિજ્ઞામા ઉપરોક્ત બધી જ વસ્તુ આવી જાય

આ [illegible]મા આદિ પાંચ મહાવ્રત કહ્યા અને [illegible] ? [illegible] જ [illegible].

જુદા જુદા કેમ કહ્યા ? છ મહાવ્રત ન કહેતાં મહાવ્રત પાચ જ કેમ કહો છો ? તેના ખુલાસામા જણાવવાનુ કે અવિરતિ ગ ળ ધિનો કર્મબંધ હિંસાદિક પાચ અવ્રતને અ ગે હતો. એ પાચ અવ્રતને લઈને તે આશ્રવ લાગુ હતો. માટે તે પાંચ આશ્રવ ટાળવાં માટે આ પાચ મહાવ્રતો છે રાત્રિ ભોજનને તે આશ્રવના હિસાબમા અવકાશ નથી. માટે જ પાચને મહાવ્રત કહીને રાત્રિભોજનવિરમણ વ્રત જુદુ જણાવ્યું

જૈનમત સિવાય અવ્રતને પાપ માનનાર બીજા કોઈ નથી જૈનો જ અવ્રતને પાપ માને છે અને તેથી જ તો પાંચ અવ્રતથી સર્વથા નિવૃત્તિ કરવી, તેને મહાવ્રત કહે છે રાત્રિભોજનવિરમણ વ્રત તો તેના સાધન તરીકે છે. આ પાચ મહાવ્રત અને છઠ્ઠુ રાત્રિભોજન વિરમણ વ્રત, હુ મન–વચન–કાયાથી ત્રિવિધે ત્રિવિધે યાવજ્જીવ પર્યન્ત અંગીકાર કરું છું. આમ તો આવા મહાવ્રતો પૂર્વભવમા મેં અનેકવાર ઉચ્ચર્યા છે, પાળ્યા છે. જિંદગી પર્યન્ત સાચવ્યા છે, પણ તેમા મારુ ધાર્યું કામ અત્ય ર સુધી ન થયું તો હવે આમા મારું શી રીતે કાર્ય થશે ? એ શ કાના સમાધાનમા સમજો કે વાવ્યા વગરની જમીનમા હજારો વ ર્ષથી વરસાદ પડતો હતો, છતા એક પણ દાણો ઊગતો ન હતો પ ત્તુ ખેડૂતને તે જમીન નકામી ન ગણાય વાવ્યા વગરનાં વરસો ઘણા નકામા ગયા, તેથી શુ ખેતરોની માલિકી પણ નકામી ? નહિ વાવવાનું બને ત્યારે એ ખેતરો ઘણાં કામના છે તેમ જિંદગી સુધી મહાવ્રતો ઘણી વખત પાળ્યા, પરતુ ત્યા માગ કલ્યાણને માટે, આશ્રવના નિરોધને માટે, તેમ જ સ વરના પોષણને માટે આ હું કરું છુ, એવી બુદ્ધિ તે વખતે આવી જ ન હતી હવે તે

સાધનો અ તરાયકર્મ ક્ષયના અનુસારે મળે છે

બુદ્ધિપૂર્વક કરવાનું છે આત્માર્થે કરેલું નિષ્ફળ જતું નથી, આત્માના હિતની બુદ્ધિ આવવી જોઈએ. એ હિસાબે જ 'अत्त०' કહી તમે કબૂલ કરો છો. તેથી જ આત્મકલ્યાણને માટે આ ભવ ચારિત્ર પાળવાનું. નવમો ભવ કરવો જ ન પડે. વસ્તુસ્વરૂપ આઠ હોવાથી હવે તમે વ્રતો લેવા નક્કી કરો છો કે 'આત્મકલ્યાણ માટે જ આ મહાવ્રત પાળીશ, અને અપ્રતિબદ્ધપણે મમતા વગર વિહાર કરીશ કે જેથી પાપ પ્રસંગ આવે નહિ. આ સ્વીકારેલ ચારિત્રમાં હું આજથી આવી રીતે વિચરીશ.'

આવા પ્રકારની પ્રતિજ્ઞાઓ તમે લીધી છે અને તમને તે આપી છે. 'उवसंपज्जि०' અંગીકાર કરું છુ અને તેમ કહી મારા આત્માને બાધા આવવા દઈશ નહિ એમ સંઘ સમક્ષ નક્કી કબુલાત જણાવો છો.

પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રીએ
સં. ૨૦૦૨ વૈશાખ સુદિ ૧૧ શનિવારે
આગમોદ્ધારક સંસ્થાના સ્થાપન પ્રસંગે

આગમની મહત્તા

વિષે આપેલ વિદ્વત્તાપૂર્ણ પ્રવચન

'आगमं आयरं तेणं':

શાસ્ત્રકાર મહારાજા સૂચવી ગયા કે સંસારમાં જે જે મતો પાપ-પુણ્ય અને મોક્ષને માનનારા છે, તે તમામ મતો ત્રણ તત્ત્વોમાં તો સમાન જ માન્યતા ધરાવે છે. તે ક્યા ત્રણ

જિનેશ્વર ભગવાને જે વખતે જેમ થવાનું જોયું છે ત્યાં તેમ જ પ્રમાણે થાય છે

તત્ત્વો? દેવ, ગુરુ અને ધર્મ, કોઈ પણ આસ્તિક મતવાળાઓ દેવ, ગુરુ કે ધર્મ એ ત્રણ તત્ત્વોને માનવામાં આનાકાની કરતા નથી. એને અંગે નકારતા નથી અર્થાત્ 'તે ત્રણને ન માનવા' તેવો કોઈપણ આસ્તિકનો અવાજ નથી. વસ્તુસ્થિતિ જો આમ છે તો પછી ભેદ કયા પડે છે? તો સમજો કે સ્વરૂપમા

'દેવ માનવા' તે વાતમાં દરેક આસ્તિકદર્શનનો એક મત છે ગુરુ માટે પણ તેમ જ અને ધર્મ માટે પણ તેમ જ પોતાને અધર્મી કહેવડાવવા કોઈ તૈયાર નથી. પરંતુ તે દરેક પોતાને જે દેવ, ગુરુ અને ધર્મને માનવાવાળા તરીકે ઓળખાવે છે તે માત્ર નામથી જ, સ્વરૂપથી નહિ. કારણ કે કોઈ પરમેશ્વરનું કેવું સ્વરૂપ માને છે અને કોઈ કેવું!

આચાર્ય મહારાજ શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે 'बहुत्वात्परीक्षाऽवतार.' અર્થાત્ ઘણા હોય ત્યા પરીક્ષાનો પ્રસંગ છે દેવદત્તને જો એક જ છોકરો હોય તો મોટા–નાનાનો વિભાગ કયાથી હોય? એમ જ દેવ પણ જો એક જ હોત તો પરીક્ષાનો અવકાશ ન હોત પણ મત બહુ તેથી તે દેવ બહુ છે અને તેથી દેવ બાબત પરીક્ષાનો અવકાશ છે

આ પરીક્ષા કેવી રીતે કરવી? જૈનેતરો ભૌતિક સંબંધે–ધન–સ્ત્રી–માલ વિગેરે આપે છે તેથી દેવ માને છે જૈનો આત્માને અવિચલ પદ પમાડવાનું સાધન જેઓએ અમલમાં મૂક્યું અને બતાવ્યુ, તેને અગે દેવ માને છે ગૃહીલિંગે અન્યલિગે પણ સિદ્ધ થનારા હોય છે, છતાં તીર્થંકર મહારાજ ઘરમા કેમ ભાવના ભાવીને સિદ્ધ થતા નથી?

તપસ્યાથી ક્ષીણ નહિ થયેલું કર્મ પંડિતપુરુષોને પણ નિયમે કરીને ભોગવવુ પડે છે.

ભૂતકાળે, વર્તમાનકાળે કે ભવિષ્યકાળે તીર્થંકરો ગૃહી કે અન્યલિંગે સિદ્ધ થતા નથી. કારણ કે જે માર્ગ તેમણે દેખાડવો છે તે માર્ગનો પોતાને અમલ કરવો છે જો તેઓ ગૃહીલિંગે રહે તો સાધુમાર્ગનું દૃષ્ટાંત બીજાને પૂરું પાડી શકે નહિ.

આચાર્ય મહારાજ શ્રીહરિભદ્રસૂરિજી જણાવે છે કે ઉપસર્ગ ત્યાગાદિ કરીને પણ જો કર્મનો જ ક્ષય કરવાનો છે તો જેના આત્મામાં ઘણી શક્તિ છે એવા તીર્થંકરો ગૃહવાસે રહીને પણ કર્મોનો માત્ર ભાવનાથી ક્ષય કરી દે છતા તેઓ ચારિત્ર કેમ લે છે? ત્યારે સમજો કે—તીર્થંકરો પોતાને માટે દીક્ષા લેતા નથી, ત્યાગ કરતા નથી, જગત્‌ને માટે દીક્ષા લે છે, ત્યાગ કરે છે. (જગતને આ માર્ગે દોરૂં એ પૂર્વની ઉત્કૃષ્ટ ભાવનાના બળે એમને ચારિત્ર લેવું જ પડે આથી જ દરેક તીર્થંકરને ત્યાગ કલ્યાણક નક્કી. જો તીર્થંકરો ગૃહી કે અન્યલિંગે કેવળજ્ઞાનને પામે, તો દીક્ષાકલ્યાણક ક્યાં રહ્યુ? ત્યારે કહો કે જગતને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો રસ્તો બનાવવા માટે, જગતને કેવળજ્ઞાન-પ્રાપ્તિના પંથે પ્રવર્તાવવાને માટે ભગવંતને ચારિત્ર લેવું પડે આચાર્ય મહારાજ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે એ માટે જ કહેવું પડ્યું કે—

[illegible] તરીકે તીર્થંકરોને ઉપસ્થાપનીય આદિ હોય જ નહિ, ત્યારે તીર્થંકરોને [illegible] માટે કેમ? શાસનની [illegible] માટે ઉપસ્થાપનીયનું જિનશાસનમાં નિયમિતપણું [illegible] તીર્થંકર [illegible] છે, તેથી [illegible] જ [illegible]

હોય છે માટે જ શાસ્ત્રકાર 'व्रतानि विधिवत्०' કહે છે. જગતને શમસુખ આપવાને માટે પ્રવૃત્તિ છે તેથી જ તીર્થ કરો ત્યાગ કરે છે. આ રીતે ધર્મમા પણ છે અન્યદર્શનીઓને ભૌતિક સાધનોને સુધારનારો ધર્મ માનવાનો અને જૈનોને આત્મીય સાધનને સુધારનારો ધર્મ માનવાનો

કોઈ પણ મતવાળાને પરમેશ્વર વર્તમાનમા પ્રત્યક્ષ નથી ક્રિશ્ચિયનોએ ઇસુને દેખ્યો નથી, બૌદ્ધોએ બુદ્ધને દેખ્યો નથી, મુસ્લિમોએ મહંમદને દેખ્યો નથી, વૈષ્ણવોએ વિષ્ણુને દેખ્યો નથી ત્યારે સમજો કે તેઓ પોતાના શાસ્ત્રને આધારે જ પોત-પોતાના દેવને માને છે આથી નક્કી થયુ કે દેવને ઓળખવાની જડ જો કોઈ હોય તો તે શાસ્ત્રો

મહાવીર સર્વજ્ઞ થયા ઇન્દ્રોએ પૂજ્યા વિગેરે આપણે દેખ્યુ ? નહિ ત્યારે એ બધુ શેને આધારે માનીએ છીએ ? શાસ્ત્રને આધારે તેવી જ રીતે આવુ અને આમ આચાર પાળે તે ગુરુ કહ્યા. તે વાત માન્યા સિવાય કોઈ ગુરુમા તે ગુરુનાનુ સ્વરૂપ દેખ્યુ ? તેવી જ રીતે અમે ધર્મ કર્યો, એમ કહ્યુ પણ તે દેખ્યો ? નહિ. ત્યારે શાથી માન્યુ ? ત્યારે કહો કે તે દરેકને માનવા કોઈ પણ આધાર હોય તો તે શાસ્ત્ર જ છે માટે જ શાસ્ત્રકાર અહિ કહે છે કે 'आगममायर तेण '

પણ ધ્યાનમા રાખજો કે પ્રજા કરતા જાસુસો ઘણી જ વફાદારી દેખાડે કારણ પ્રજાને પકડાઈ જવાનો ભય નથી, જાસુસને પકડાઈ જવાનો ભય છે

મોહની આધીનતામા ઘુચાયેલો મનુષ્ય, જ્યા પૌદ્ગલિક ઇચ્છાવાળો હોય ત્યા એટલો બધો 'તે તે નહિ મળે તો ?'

બન્ધમા જે ભાવ અને કષાયો છે તે વેદનને અનુસરતા છે.

એવો ભય ધરાવે છે. એ એટલો બધો પૌદ્‌ગલિક પદાર્થોને મેળવવા તૈયાર રહે. પણ એથી આત્માને માટે શું ?

માટે કહ્યું કે–अत्तणो हियकंखिणो. મનુષ્ય, આત્માના હિતની બુદ્ધિવાળો હોવો જોઈએ જે સાધુને આત્માના હિતની ઇચ્છાએ આગમનો આદર કરવો છે તેને તો દહેરું પાસે હોય છતાં જો વરસાદ વરસતો હોય તો ચિંતવે કે ભગવાનની આજ્ઞા નથી, આથી દેરે ન જાય ત્યારે કહો, દર્શન કરવા જ જોઈએ તેને બદલે તે દર્શન કરવા તો નથી ગયો છતાં તે આરાધક ખરો ને ? જાય ત્યારે તો આરાધક, પણ ન જાય તો પણ આરાધક ખરો ને ? શાથી ? શાસ્ત્રના આધારે વર્તે છે તેથી.

આગમનું આલંબન આગળ કરીને તીર્થંકર કે ગુરુની કારણવશાત્ સેવા ન કરે તો પણ તે દેવ અને ગુરુને માનનારો જ છે પણ ક્યારે ? આગમને આગળ કરીને આગમ 'ના' કહે ત્યારે ન આચરે. આગમ 'ના' ન કહેતું હોય ત્યાં તો દેવ ગુરુ અને ધર્મને આચરે જ દેવ, ગુરુ અને ધર્મમાં બહુમાનની મનમાં શ્રેષ્ઠતા ન હોય તો તે કામનું નથી આગમનો આદર કરવાવાળો જ ખરેખર તે તત્વત્રયીને સેવવાવાળો ગણાય

આ વાત ધ્યાનમાં લેશો ત્યારે સમજાશે કે–'हा अनाहा कह हुंता'' વસ્તુ યથાર્થ છે આ આત્માને દોરનાર કોણ ? આગમ न हुंति जो जिणागमो' જો જિનાગમ ન હોત તો અમારું શું થાત ? આથી સ્પષ્ટ છે કે–દેવ અને ગુરુની

સ્વરૂપની ન જાણી આગમ વાટે નહિ ત્યાં સુધી,
દર્શનની ન જાણી આગમ મીંચાય નહિ ત્યાં સુધી

ઓળખાણ આપનાર આગમજ છે ધર્મને પણ તેજ ઓળખાવે

આવી આગમની મહત્તા સમજશો ત્યારે ખ્યાલમાં આવશે કે તીર્થંકર મહારાજાઓએ સ્થાપેલા ગણધર ભગવંતોએ કરેલ દ્વાદશાંગીની રચના વખતે દેવતાએ વાસક્ષેપ કર્યો તે પણ આગમની મહત્તાને અંગેજ તે વખતે સામાન્ય કેવલીઓ પણ ગણધર ભગવંતની પાછળ બેસે. કેમ? આશાતના નહિ? નહિ જ કારણ કે કેવલજ્ઞાન કરતા આગમ ઉત્કૃષ્ટ છે કેવલીમા રહેલ કેવલજ્ઞાનના આધારે કોઈ સ્વરૂપ આપણાથી જાણી શકાતું નથી. કેવલી પણ બોલે ત્યારે જ તત્ત્વત્રયીનું સ્વરૂપ જણાય ને? કેવલીના કેવલજ્ઞાનથી છદ્મસ્થોને તત્ત્વત્રયીનું સ્વરૂપ જણાય? નહીં જ.

આ વાત ખ્યાલમાં લેશું ત્યારે સમજાશે કે શાસ્ત્રકાર, બધા જ્ઞાનોમાં શ્રુતજ્ઞાનની મહત્તા કેમ જણાવે છે? શાસનની અપેક્ષાએ કેવલજ્ઞાન કરતા ઉપકારની દૃષ્ટિએ શ્રુતજ્ઞાનની મહત્તા છે. જેમ જંગલમા હીરા કરતાં લોટી પાણીની મહત્તા છે કારણ કે ત્યા જીવને ટકાવનાર હીરો નથી પણ પાણી છે કેવલજ્ઞાન હીરા જેવુ, છતાં શાસનને ટકાવવા તો શ્રુતજ્ઞાન જ, પાણીની લોટીનુ કામ કરે છે એથી જ સામાન્ય કેવલીઓ ગણધર ભગવંતની પાછળ બેસે છે શ્રુતજ્ઞાનની આવી મહત્તા છે.

એટલે જ શાસ્ત્રકારને કહેવું પડયું કે-'हा अनाहा' ઇત્યાદિ. આથી જ જે ભવિકો આગમને આરાધે છે તે દેવ, ગુરુ અને ધર્મને આરાધવાવાળા જ છે. જે ભવિકોનું આગમનાં વચનો ઉપર લક્ષ છે, તે ભવિક તેવી પ્રવૃત્તિમા ન હોય તો પણ શુભપ્રવૃત્તિનુ જ ફળ મેળવે છે.

વૈદ્ય ઉદ્યમ કરનાર છે, પણ ફળ તો કર્મને આધીન છે.

તીર્થંકર મહારાજ શ્રી ચતુર્વિધ સંઘને શેને અંગે નમસ્કાર કરે છે? દ્વાદશાંગીશ્રુતનો આધાર સંઘ છે માટે નમસ્કાર કરે છે. તીર્થપ્રવૃત્તિ કોની ગણાઈ? દ્વાદશાંગી રચાઈ તેની. મહાવીરદેવને ઋજુવાલુકાને કિનારે કેવલજ્ઞાન થયુ ત્યારથી તીર્થપ્રવૃત્તિ ગણાઈ? નહિ. કેમ? શ્રુતજ્ઞાન અને શ્રુતવાનનો અભાવ હતો તીર્થનો છેડો પણ ક્યારે? શ્રુતજ્ઞાનના અંતમાં. શાસનની આદિ, મધ્ય અને અંત શ્રુતજ્ઞાન સાથે જ સંકળાયેલ છે. આવા તારક આગમને અંગે આદર ન હોય તો મૂળ વસ્તુને સમજ્યા નથી એમ કહેવું પડે.

બારે મહિનાના બધા પર્વોમા કોઈપણ પર્વ દર્શનનામથી કે ચારિત્રનામથી છે? નહિ. જ્યારે જ્ઞાનના નામથી 'જ્ઞાનપંચમી' છે જ્ઞાનપચમી જે જ્ઞાન અગે આરાધાય છે તે જ્ઞાનને અવધિ, મનઃપર્યવ કે કેવલજ્ઞાન સાથે સંબંધ નથી, શ્રુતજ્ઞાન સાથે જ સબંધ છે

અતિચારમાં જ્ઞાનના અતિચાર આઠ અતિચારમાં શું? તે અતિચારો મતિ-અવધિ-મનઃપર્યવના અતિચાર આલોવવા માટે છે? ના વિનયનું નિરૂપણ પણ કોને માટે? એ શ્રુતને માટે જ ને? ઉપધાન પણ કોને માટે? શ્રુત આરાધન માટે જ ને? વ્યંજન, અર્થ, તદુભય એ પણ શ્રુતને જ માટે ને? છતાં બોલો છો શું? 'જ્ઞાનાચાર!' કેમ? તમારે તો 'શ્રુતાચાર' કહેવું જોઈએ! કેમ તે પ્રમાણે બોલતા નથી? એટલા જ માટે કે જ્ઞાન એ જ શ્રુત અને શ્રુત એ જ જ્ઞાન લેવાનુ છે. મતિ વિગેરે જ્ઞાનો તો તેમા ઉપલક્ષણથી સમજવાના છે

જ્ઞાન કે અજ્ઞાન પૂર્વે કરેલા કર્મોથી ઉત્પન્ન થયેલી છે

મતિજ્ઞાન, સમ્યક્ત્વ થતી વખતે અજ્ઞાનરૂપ હોય અને સમ્યક્ત્વ થયા પછી શુદ્ધ થતું હોય તેવું નથી; અવધિ આદિ પણ એમ જ, ત્યારે એવું તો એક શ્રુત જ! કે જે સમ્યક્ત્વ પૂર્વે અશુદ્ધ હોય, અને સમ્યક્ત્વ પછી શુદ્ધ થાય.

'सम्यग्दर्शनशुद्धं' આદિ કહેલ છે, ત્યાં પણ 'ज्ञानाचार' કહેલ છે. અને તે જ્ઞાનાચારમાં પણ મતિ–અવધિ–મનઃપર્યવ કે કેવલજ્ઞાનમાનું એકેય નહિ ફક્ત શ્રુતજ્ઞાન જ લેવાનું છે.

શાસનની આદિ, મધ્ય અને અંતે પણ રહેનારું હોય તો તે શ્રુતજ્ઞાન જ છે માટે જેઓ આત્માના હિતને ઇચ્છનારા હોય તેઓએ આગમ તરફ જ આદર કરવાની જરૂર, જેઓ એ પ્રમાણે સમજી આગમનો આદર કરશે તે કલ્યાણ મંગલિકની માળા પામીને ઉત્તરોત્તર મોક્ષ–સુખને પામશે सर्वमङ्गलमाङ्गल्यम्० ॥

નવપદ માહાત્મ્ય

સિદ્ધચક્રમાં જાતિવાદનું જયવંતપણુ છે.
કારણ વ્યકિતવાદ હંમેશાં રહેવાનો નથી!
અભવ્ય અને ભવ્યમાં ફરક!
દ્વાદશાંગી અર્થથી ફરતી નથી, પણ શબ્દથી ફરે છે; પણ નવકાર મંત્ર–શબ્દથી કે અર્થથી ફરતો જ નથી!
તપ એ પ્રવૃત્તિ ધર્મ છે!

જગતમાં એવી કોઈ ચીજ નથી, કે જે નવપદથી બહાર હોય આરાધવા લાયક જે ચીજ જગતમાં છે તે બધી નવપદમાં

આયુષ્ય પૂરું થયું નથી તેનું મરણ નથી, તેમ જ આયુષ્ય વગરનાનું જીવન નથી

છે અરિહંત પદ લઈએ તો સિદ્ધ આચાર્ય વિગેરે રહી જાય. ગુણી લઈએ તો ગુણ રહી જાય અને ગુણ લઈએ તો ગુણી રહી જાય. બધા ગુણ અને બધા ગુણી આરાધન કરવાલાયક નવપદમાં લઈ લીધા છે. નવપદના નવ દિવસો એ તો સમજજો કે ખેતરમાં વરસાદ પડવાના દિવસો છે, પણ વરસાદ પડયા પછી અંકુરાં, થડીઆં, ફળ, ફૂલ, દાણા ભરાવા તે બધું વરસાદ પછીનું કામ છે. વરસાદ વખત હળ ફેરવી આવે અને આવીને ઘેર લમણે હાથ મૂકીને બેસી જાય તે કારતક મહિને શું કરે !

નવ દિવસમાં નૂતન વરસાદ વરસાવવાનો છે પણ **તેનો થયેલો સંસ્કાર હંમેશ રહેવો જોઈએ. નવપદ નવ દિવસ માટે નથી !** બારે મહિના તમારું ધ્યાન નવપદ તરફ જ હોવું જોઈએ આરાધવા લાયક એવી કઈ ચીજ નવપદની બહાર છે ? દરેક ધર્મવાળા ત્રણ તત્ત્વ માને છે ધર્મના અર્થીને ત્રણ તત્ત્વ સિવાય ચાલ્યું નથી, ચાલતું નથી અને ચાલશે પણ નહિ કયા ત્રણ તત્ત્વ ? દેવ, ગુરુ અને ધર્મ. કોઈ પણ મત લો જગતમા ત્રણ સિવાયનો કયો મત છે ? દરેકમા દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ માનવા જ પડે, એટલુ જ નહિ પણ ઋષભદેવજી વિગેરે દેવાધિદેવો આવતી ચોવીશીમા નથી, અપ્રતિમ પ્રભાવશાળી ગૌતમાદિક ગુરુવર્યો તે આવતી ચોવીશીમાં નથી આ ઉપરથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ વિગેરે જગતમાં વ્યક્તિવાદ હંમેશાં રહેવાનો નથી, પણ જાતિવાદ હંમેશાં રહ્યો છે અને રહેશે; માટે ગુણના પૂજારી બનો.'

જ્ઞાન કે આગમના ઉદય પ્રમાણે મહાત્મા મળે છે.

આત્મા માટે અરિહંત નથી!!!

સિદ્ધચક્રમાં નવપદની નવ જાતિઓ છે. અરિહંતપદની બહાર કોઈ ચોવીશી છે? ના, જી. (સભામાંથી). આ ઉપરથી સમજી શકશો કે 'णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स' એ શાશ્વત્ રહેવાનું નથી, આથી પ્રભુમહાવીરની અવગણના નથી. **વ્યક્તિ કરતાં જાતિ કેટલી પ્રબળ છે તે જણાવું છું પ્રભુ શાસનના પૂજારી શ્રાવક વર્ગ અરિહંત-પદથી કેવો સંસ્કારવાળો હોય!!!** જ્યાં દેવનાનો ડર છે, મરવાનો ડર છે, દેવતાના વનમાં પેસનારો શ્રાવક શું વિચારે છે। રાજા રોજ એક માણસને મોકલે છે, જેનો વારો આવે તે મનુષ્ય મરવા માટે બગીચામાં પેસે, ફળ તોડીને નાંખે કે મોતના પંજામા ફસાય એ દશાના વિચારવાળાના મોંમાથી 'નમો અરિહંતાણ' પદ કેમ નીકળ્યું હશે? **એનો સંસ્કાર તપાસો!!!** કઈ દશાનો એ સંસ્કાર? **નિશ્ચિત મરણ તે જગો પર 'નમો અરિહંતાણ'!!!**

બાઈઓ પણ કેવી સંસ્કારવાળી હોવી જોઈએ કે જ્યાં પતિનો હુકમ છૂટે છે, અને સ્ત્રી ઓરડામાં લેવા જાય છે પોતાનું ઘર. પોતાનો ધણી, પોતાનો ઓરડો, ઉત્રેવડમાં રહેલ ઘડો, અને તેમા રહેલી ચીજ લેવા જાય તે વખતે 'નમો અરિહંતાણ' કેમ આવ્યું હશે।!! **દેરા ઉપાશ્રયમાં આપણા માટે અરિહંત છે, પણ આત્મા માટે અરિહંત નથી!!!**

નવકાર મંત્ર શાશ્વત

આત્મા માટે અરિહંતો ફક્ત પુણ્યાત્માઓ માટે જ છે આપણે અરિહંતાદિ પદો દહેરાં ઉપાશ્રય માટે રાખ્યાં છે.

રાગે અશાતાના ઉદયથી ઉત્પન્ન થયેલા છે

ખરેખર! આત્મા માટે તે પુનિતપદો નથી! આપણે માટે તે પવિત્ર છે, છતાં તે પદ પ્રત્યે કેટલો સત્કાર છે તે તમારી મેળે જ જોઈ લો! અચાનક ઠેસ કે કાંટો વાગે, પાણીનો ભય આવે, આગનો ભય આવે, અગર અનેકાનેક આકસ્મિક આફતોના ભય લાગે તે વખત 'નમો અરિહંતાણું' નથી. શૂળમાં સન્નેપાત થાય તેવાઓ માટે શૂળીની તો વાત જ શી કરવી! આરાધન કરનારા હલુકર્મી જીવોની ટીકા નથી. આપણે આ રસ્તો લીધો છે કે નહિ તે વિચારો! જે હજુ દહેરા ઉપાશ્રય માટે અરિહંત પ્રત્યે પ્રેમાળ થયા નથી, એમનું તો કહેવું જ શું! અરિહંતપદ સર્વ ચોવીશીમાં એકનું એક જ, અને તે આઘું ખસેડી શકાતું નથી. ચોવીશી કે વીશી અરિહંતપદ વગર નભી શકતી નથી, અને તેથી જ અરિહંતાદિપદને શાશ્વતા પદ કહીએ છીએ. નવકાર મંત્ર શાશ્વતો છે તેનું કારણ જાતિવાચકપદ તેમા છે.

દેવતત્ત્વના પરૂપકો

શ્રી ઋષભદેવ શ્રી મહાવીર વિગેરે વ્યકિતવાચક પદો તેમા નથી પ્રભુ મહાવીર અને ગૌતમાદિ આચાર્યો તે વ્યકિતપદ છે તેત તે પદો આપણને ફાયદો કરશે અને મુશ્કેલીથી બચાવશે તો સમગ્ર જાતિપદો જરૂર ફાયદો કરશે, તેમા શંકાને સ્થાન જ નથી વળી દ્વાદશાંગી અર્થથી ફરે નહિ પણ શબ્દથી તો ફરે છે નવકારમંત્ર શબ્દથી કે અર્થથી પણ ફરવાનો જ નથી! વિચાર કરો કે કોઈ સમળીના જીવો કયા પદથી પોતે જાતિસ્મરણ પામે? અને કદાચ તેમા વ્યકિતની આરાધના હોય તો તે જીવો કેવળીકથિત માર્ગના કાનુન કાર્યો કેવલ

* આત્મા! જરા બીજાં [illegible] ગમાનું છે, તેટલા [illegible] તે નિરંતર [illegible] પામશે.

કરવાને સમર્થ થાત નહિ. જાતિ આરાધનાની અલૌકિકતા સમજો દેવલોકમા સાગરોપમ સુધીના લાંબા આયુષ્ય ભોગવીને દેવો બીજી ગતિમાં આવે તો પણ અહીં એ અરિહંતાદિ જાતિ-વાચક પદોનું આરાધન ચાલતુ જ હોય છે।

શંકા · અરિહંત આદિ પદોનું આરાધન કરવું છે ને તેમા દેવ ગુરુ ધર્મ ત્રણ તત્ત્વ છે તો 'नमो देवाणं गुरुणो धम्मस्स' દેવ ગુરુ અને ધર્મને નમસ્કાર એવું કહી દો। નવે પદમાં દેવ ગુરુ ધર્મ લાવવા છે માટે અરિહંત ને સિદ્ધમહારાજ દેવ, આચાર્ય આદિ ગુરુ અને દર્શનાદિ પદોથી ધર્મ આવી જાય છે, માટે સીધા જ ત્રણ તત્ત્વો કહી દો.

સમાધાન—દેવ ગુરુ ધર્મ એ ત્રણ તત્ત્વો છે, પણ દેવના બે ભેદો ન સમજે તો દેવ દેવ શબ્દ પોકારતો પોકારતો રખડી મરે !!! સાકાર અને નિરાકાર દેવ સાકાર દેવ ન સમજે તો નિરાકારને સમજવાનો વખત આવે નહિ પહેલા પદે સાકાર બીજા પદે નિરાકાર. અહીં આચાર્ય નામ કોનું ? જ્ઞાનાચારાદિ પાંચે આચારમાં જે બરોબર પ્રવીણ હોય, ગણધર ગુમ્ફિત સૂત્રઅર્થ તદુભયના વેત્તા બની વસ્તુસ્થિતિને પ્રરૂપનાર, પૂર્વોક્ત પ આચારમાં પ્રવર્તનાર ને પ્રવર્તાવનાર તે આચાર્ય. આ જાતિવાચક પદોમા જૈનાચાર્ય કહ્યા નથી, પણ વિશિષ્ટ સ્વરૂપ ધારણ કરતાર જૈનાચાર્યોજ આ પદોમાં હોઈ શકે

અહીં આચાર્યને નમસ્કાર કરેલો છે. દુનિયાના બધા આચાર્યને નમસ્કાર નથી. દેવતત્ત્વના પ્રરૂપકો ગુરુપદમાં બિરાજે છે !!!

ડુંગર ખોદીને ઉંદર કાઢવાનો આ રસ્તો નથી.

નિસ્પૃહપણું દરેક જગા પર શાન્તિ માટે થાય છે

અરિહંતના તત્ત્વને અમલમાં મુકનારાઓ જ આચાર્ય ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠિપદમાં સુશોભિત છે તે સિવાય બાકીના નામના આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સાથે લાગતું-વળગતું નથી. જે શ્રદ્ધાહીન હોય તે જ એમ બોલી શકે કે આચાર્યથી, ઉપાધ્યાયથી અને સાધુથી બધા આચાર્ય આદિ લેવા કેમ નહિ? જો કે સુવિશેષણ લાગ્યું નથી, પણ અહીં આચાર્ય જ્ઞાનાચારાદિ આચારમાં વર્તતા હોય, પ્રરૂપતા હોય. પ્રવર્તતા હોય પ્રવર્તાવતા હોય તે જ ગણવાના છે. ઉપાધ્યાય દ્વાદશાંગી ભણેલા હોય અને શિષ્યોને ભણાવતા હોય કપડા માત્ર પલટાવવાથી આચાર્ય ઉપાધ્યાય અને સાધુ નથી તેમ તેની સાથે કપડાં વગરના એટલે સાધુ વેશ વગરના પણ સાધુ કહી શકાતા નથી છાપ વગરની ચાંદી રૂપિયો નહિ; રૂપિયો ક્યારે? ચાંદી અને છાપ બંને હોય તેવી રીતે ગુરુ ગુરુપણાના ગુણ અને સાધુ વેશની છાપ બે હોય ત્યારે જ ગુરુપદના અધિકારી છે

જેમ હાઈસ્કૂલમાં ત્રણ વસ્તુ છે. હેડમાસ્તર, માસ્તર અને વિદ્યાર્થીઓ તેવી રીતે જૈનશાસનરૂપ હાઈસ્કૂલમાં હેડમાસ્તર તરીકે આચાર્યદેવો, માસ્તર તરીકે ઉપાધ્યાયો, અને વિદ્યાર્થી તરીકે સાધુઓ છે. જાતિસ્વરૂપના પ્રતિપાદનમાં સુવિશેષણ લાવવાની જરૂર નથી દારૂ શબ્દમાં ઘેન ચડાવનાર એવું વિશેષણ મેલાય છે? મીઠો ગોળ કેમ નહીં? ગોળ શબ્દ મીઠા પદાર્થને જણાવનારો છે, તેવી રીતે જાતિપદો સ્વતંત્ર સ્વરૂપમાં મીઠાશવાળા છે મોક્ષની ક્રિયાને સાધ્યપૂર્વક સેવન કરનાર શ્રાવક વર્ગ પ્રાથમિક શાળારૂપ દેશવિરતિમાં જે અભ્યાસ કરે

કમનાઃ ઉત્પન્ન [illegible] એવો બુદ્ધિમાન્ પોતાના [illegible] અર્થાત્ [illegible] સ્થિર થાય છે

છે તે હાઈસ્કુલમા આવવા માટેની તૈયારીઓ છે ! આ પાચ પદો જાતિ તરીકે આરાધીએ શા માટે ? ધ્યેય કયું ? (સભામાથી : મોક્ષનું) 'ડુ ગર ખોદીને ઉંદર કાઢવાનો આ રસ્તો નથી' !

તપ એ પ્રવૃત્તિ ધર્મ છે

બધાને આરાધો પણ ધ્યેય નહિ હોય તો તમે ચૂકો છો. છોકરા સ્કૂલમાં ભણે, મોટી ઉમરના નામાઓ શીખે, પણ કોથળીમા કેટલા પડે તે વિચારવાનું છે કારણ એ અવસ્થા રૂપિયા લાવવાની નથી.

અભ્યાસ વખતે લાખો જમે ઉધાર કરે, સરવાળા બાદબાકી કરે પણ તેમા ધ્યેય કશુ નથી, તેવી રીતે અરિહંતાદિ આરાધીએ અને ધ્યેય ન હોય તો સાધ્યધર્મની અપેક્ષાએ બધું નકામું છે, બલ્કે છોકરાની નામું શીખવાની શાળા જેવું છે. આચારને અગે અરિહત આચાર્યાદિ વિગેરેને માનીએ છીએ. એમનામા અનુપમેય સર્વસ્વ છે, તે મારે મેળવવું છે માટે સમ્યગ-દર્શનાદિ ચાર હોવાથી પાચે પદને માનીએ છીએ, મેળવવા માટે જ માનીએ છીએ, અને તે સાધ્ય તરીકેનો મુદ્દો નહિ રહે તો અભવ્ય ને ભવ્યમા લેશભર ફરક નથી સમ્યગ્-દર્શનવાળાને સમ્યગ્દર્શનાદિનું ધ્યેય હોય અને અભવ્યને તે ધ્યેય હોતુ નથી. આપણું ધ્યેય સમ્યગ્દર્શનાદિ ત્રણનું જ હોઈ શકે. તત્ત્વાર્થકારે ત્રણ પદ જણાવેલા છે, અહીં નવપદમા ચાર પદ કહ્યા, તપ પદ કેમ ઉડાડી દીધું ? પ્રતિજ્ઞા રૂપી તપ સિદ્ધપણામા હોતા નથી, અણાહાર રૂપ તપનુ સાધ્ય રત્નત્રયીમા

કરવાને, નહિ કરવાને અને અન્યથાકરવાને-પલટાવવાને જો તુ સમર્થ નથી, તો પછી શાન્તિનો આશ્રય કર !

હોય છે છતાં તે નથી લીધો, તેનું કારણ એ છે કે અણાહારીપણું એ ગુણ નથી ગણ્યો પણ દોષના અભાવરૂપ ગણ્યો છે.

નામકર્મનો ઉદય હતો, તૈજસની આગ ભભૂકી રહી હતી, ત્યાં સુધી આહારત્યાગ ગુણ હતો જ નહિ, તૈજસના દોષથી થયેલો આહારનો સદ્ભાવ અને તે રૂપી દોષનો અભાવ તે અણાહારીપણું. સાધન તરીકે તપ હતું, માટે તેને સ્વરૂપ ધર્મમાં લીધો નથી સમ્યગ્દર્શનાદિ આત્માનુ સ્વરૂપ, અને તે મોક્ષમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એટલે વીતરાગ પણું હોય છે તેથી તે આત્માના કબજાના માલિકીના છે. તેની અખંડ પ્રાપ્તિ માટે સહાયભૂત તપ એ પ્રવૃત્તિ ધર્મ છે તે પ્રવૃત્તિ રૂપ ધર્મમાં ઉજમાળ રહેલ ભવ્યાત્માઓ સહેજે સ્વરૂપ ધર્મરૂપ શિવ સંપદાઓ સાધે છે. સિદ્ધચક્રમાં સર્વોત્કૃષ્ટ અલૌકિક નવપદ સર્વત્ર શાસનમાં સર્વદા જાતિવાદમાં જયવંત વર્તે છે!!!



વૈયાવચ્ચ કરનારની સ્ખલના થયે છતે સહનશીલતા વગેરે [illegible] ખમે છે

હે જીવ! તે પોતે કરેલાં જ પાપો તારે વેઠવાનાં છે અને ભોગવવાનાં છે

જ્ઞાની પુરુષોએ જોયેલું થવાનું નિયમિતપણું જે રીતે [illegible] જ તેવી રીતે થાય છે

કર્મરૂપી શત્રુ તારા આધીન નહિ [illegible] આ [illegible]

હે આત્મા! [illegible] પ્રયત્ને [illegible] તારા કર્મને [illegible]

[illegible] છે

સ્વસ્તિકાદિ અષ્ટમંગલમાં આકારની અપેક્ષાએજ મંગલતા કે બીજી અપેક્ષાએ ?

અષ્ટમંગલની આવશ્યકતા

જૈનજનતામાં એટલું તો જાહેર છે કે ભગવાન્ તીર્થંકરોના જન્માભિષેકની ક્રિયાઓ જ્યારે ઇંદ્રમહારાજ મેરૂપર્વત ઉપર કરે છે ત્યારે ઇંદ્રમહારાજા અભિષેકની ક્રિયાને અંતે અષ્ટમંલગનો આલેખ કરે છે તેમ જ ભગવાન્ શ્રીજિનેશ્વર ભગવાનના દીક્ષામહોત્સવાદિ અનેક પ્રસંગોમા અષ્ટમંગલ જે સ્વસ્તિકાદિ ગણાય છે તેનો જ આલેખ આગળ કરવામાં આવે છે. વળી શ્રીસૌધર્માદિ દેવલોકોમા શ્રીજિનેશ્વર ભગવાનની પૂજા વગેરેના પ્રસંગોમા સ્વસ્તિક આદિ અષ્ટમંગલો આલેખવામાં આવે છે વળી શ્રેણિકમહારાજા સોનાના નવા નવા બનાવાતા યવોથી હમેશા સ્વસ્તિકાદિનુ આલેખન કરતા હતા, એ વાત પણ સ્થાને સ્થાને શાસ્ત્રોમા પ્રસિદ્ધ છે વળી ભગવાન્ શ્રીજિનેશ્વરમહારાજના પૂજનને અંગે તેમ જ સત્તરભેદી પૂજાદિને પ્રસંગે સ્વસ્તિકાદિક અષ્ટમંગલ આલેખવામા આવે છે

અષ્ટમંગલમાં આકારની મહત્તા

આ ઉપર જણાવેલ અષ્ટમંગલમા આઠ ચીજોના આકારો જે આલેખવામા આવે છે તેજ મંગલરૂપ છે. અર્થાત્ એ આકારોવાળી વસ્તુરૂપ દ્રવ્ય અથવા તેના તે રૂપે પરિણમનરૂપ

જિનેશ્વર ભગવાનના દેખ્યા સિવાયનો ઓછો કે અધિક બીજો કોઈ પણ ભાવ નથી

ભાવનો આ અષ્ટમંગલમાં કોઈપણ જાતનો સંબંધ જ નથી અને આ જ કારણથી વૃત્તિકાર શ્રીકોટયાચાર્ય મહારાજ લક્ષણના બાર નિક્ષેપાઓની વ્યાખ્યા કરતા સ્થાપના લક્ષણમા ચોખ્ખા શબ્દોમાં જ જણાવે છે કે स्थापनालक्षणं लक्षणाकारविशेषो नामद्रव्यमात्रविनिर्लुठिता विवक्षया, आकारश्चेह स्थापना જો કે જગતભરમા કોઈપણ વસ્તુ ચતુર્લક્ષણ વિનાની એટલે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર લક્ષણ વિનાની છે જ નહિ, પણ જેમાં નામ, દ્રવ્ય અને ભાવ એ ત્રણ નિક્ષેપાની હયાતી છતાં તે નામાદિને વિવક્ષામાત્રની અપેક્ષાએ છોડી દેવામાં આવે અને આકારમાત્રની જ વિવક્ષા કરવામાં આવે તે સ્થાપનાલક્ષણ કહેવાય અને તેટલા માટે જ स्थापनालक्षणं એ શબ્દની વ્યાખ્યામાં સ્થાપનાનું લક્ષણ કહેવું કે થાપવું વગેરે અર્થ ન જણાવતાં સ્થાપનારૂપ જે લક્ષણ એમ કહીને તથા સ્પષ્ટ શબ્દોથી પણ लक्षणाकारविशेष એમ કહી ચિહ્નરૂપ આકારવિશેષ હોય તે જ स्थापना લક્ષણ કહેવાય એમ સ્પષ્ટ કરે છે અને તેથી જ તે સ્થાપન લક્ષણમા નામાદિ કશાની દરકાર કે વિવક્ષા ન હોય એમ સ્પષ્ટપણે જણાવે છે

મત્સ્યયુગલના આકારનો ખુલાસો

આ પૂર્વે જણાવેલી સ્થાપનાલક્ષણની હકીકત સમજનારાઓને ચોખ્ખું થઈ જાય છે કે સ્વસ્તિકાદિકના આકારો જ માત્ર મંગલ છે, તો પછી મત્સ્યયુગલના આકારને મંગલાષ્ટકમાં લીધો તેથી મત્સ્યો ઉત્તમ છે એ કહેવાનો અવકાશ જ અષ્ટમંગલોને નથી ઉપર ટીકાકાર મહારાજે સ્પષ્ટપણે જણાવેલું છે કે સ્થાપના

જગતભરમાં સારી ભાવના હોય છે તે કામનામાં સારી ભાવના કારણથી ઉત્તમ કાર્ય થાય છે

લક્ષણમાં નામ, દ્રવ્ય અને ભાવને સર્વથા દૂર રાખીને જ આ આ સ્વસ્તિકાદિક અષ્ટમંગલનો આકાર ગણાય છે અને આઠ આકારો જ નામાદિની અપેક્ષા સિવાય પણ મંગલરૂપ છે, તેથી સ્વસ્તિક નંદાવર્ત વગેરે મંગલ ગણાતા આકાર શાના પ્રતિબિંબ છે અને શાથી મંગલ છે એ પ્રશ્નને અવકાશ જ નથી.

મત્સ્યનો આકાર ભાંગવાનું કેમ?

આ જ કારણથી તંદુલ કે યવ આદિથી અષ્ટમંગલ આલેખતાં મત્સ્યયુગ્મનો આકાર કરેલો હોય છતાં તે અષ્ટમંગલનો ભંગ થતા મત્સ્યની જાતિના નાશને અંગે કોઈ જાતનો સંબંધ નથી, કારણકે નામની સાથે પણ સંબંધ રાખવાની શાસ્ત્રકારો મનાઈ કરે છે. અક્કલમંદ આદમી સ્હેજે સમજી શકશે કે અષ્ટમંગલમાં આવતા આકારો માત્ર સ્થાપનાલક્ષણ એટલે લક્ષણભૂત આકાર-વિશેષો છે અને તે આકારવિશેષો નામ, દ્રવ્ય કે ભાવ સાથે સંબંધ રાખવાવાળા જ નથી અને વાસ્તવિક રીતે કોઈપણ ચીજ નામ, દ્રવ્ય અને ભાવ વિનાની હોય જ નહિ, છતાં તે નામ આદિની વિવક્ષા કર્યા વિના એકલા આકારને જ અહિં મંગલ તરીકે ગણેલો છે અને તેથી જ શાસ્ત્રકારોને ચોખ્ખા શબ્દમાં જણાવવું અને સૂચવવું પડે છે કે અન્યત્ર તો સદ્ભૂત કે અસદ્ભૂતપણે મૂલપદાર્થની કલ્પનાએ જે આકાર સ્થપાય તે સ્થાપના કહેવાય, પણ અહિં સ્થાપનાલક્ષણમાં તો કોઈ તેવો સ્થાપ્ય પદાર્થ જ નથી, કે જેની સદ્ભૂત કે અસદ્ભૂત આકારની સ્થાપના કરાય, માટે આ સ્થાપનાલક્ષણમાં યાને લક્ષણભૂત એવા આ આકારોમાં જે આ આકારો સ્વસ્તિકાદિના છે

હે જિનેશ્વર ભગવાન્! તારા ચરણકમળની ભક્તિ સિવાય હું બીજી કાંઈ પ્રાર્થના કરતો નથી

તે સ્થાપના ગણવી. અર્થાત્ અહિં કોઈ સ્વસ્તિકાદિ નામનો પદાર્થ હોય અને તે સ્વસ્તિકાદિ પદાર્થોની સદ્ભાવ કે અસદ્ભાવ એ બેમાંથી કોઈપણ પ્રકારની આકૃતિની સ્થાપના કે તે સ્વસ્તિકાદિક પદાર્થનો અભિપ્રાય રાખીને સ્વસ્તિકાદિક આકારની સ્થાપના કરાઈ નથી.

સ્વસ્તિકાદિના અર્થની બેદરકારી

મત્સ્યાદિપદાર્થોના દ્રવ્ય અને ભાવની પણ અપેક્ષા અહીં સ્થાપનાલક્ષણમાં રાખવામા આવી નથી, તો પછી તે તે પદાર્થોની કે તેના તેના આકારની વિવક્ષા હોય જ કયાંથી? વળી સ્વસ્તિકાદિમાં ઘણા તો કોઈ પદાર્થરૂપ જ નથી કે જેથી તેના દ્રવ્ય કે ભાવની દરકાર આ અષ્ટમંગલમાં રાખી હોય એમ માની શકીએ અને જ્યારે સ્વસ્તિકાદિરૂપી સ્થાપના એટલે તે તે આકારમાં જ્યારે દ્રવ્ય કે ભાવની અપેક્ષા જ નથી તો પછી મત્સ્યયુગલનો આકાર તે મત્સ્યયુગલનો આકાર નથી, પણ જે આકાર છે તે માત્ર મત્સ્યયુગલ છે, એટલે મત્સ્યના દ્રવ્ય કે ભાવની સાથે આ આકારનો કોઈ સંબંધ નથી વળી સ્વસ્તિક વગેરે કોઈ પદાર્થોના નામો પણ નથી, પરંતુ માત્ર તે તે આકારોના સ્વસ્તિકઆદિ માત્ર નામો જ છે. જેમ ચોરસ, ત્રિકોણ, વર્તુલ આયત આદિ સ્વતંત્ર આકારના જ નામો છે અને તે તે આકારરૂપ રહેનારા પદાર્થો તે તે આકારે ઓળખાય છે. તેવી રીતે સ્વસ્તિકાદિક નામો જ તે તે આકારોના છે, અને તે તે આકારો સ્થાપન ને તે નામો લાગુ થતા જે પદાર્થ પાટલીપુત્રના કિલ્લા વગેરે સ્વસ્તિકઆદિના આકારે હોય તે તે પદાર્થો તે તે આકારે

ગણાય, એટલે મત્સ્યયુગલના આકારવાળું મત્સ્યયુગલ કહેવાય એ એક જુદી જ હકીકત છે.

કલ્પનાથી લેવાતો અર્થ અને તેની નિરુપયોગિતા

આ ઉપરથી જેઓ બીજા સાત મંગલોમાં નહિં પણ સ્વસ્તિકનામના મંગલને અંગે સુ + અસ્તિ + ક એમ ત્રણ વિભાગ સ્વસ્તિકશબ્દમાં કરી સારી હયાતીને કરનાર તે સ્વસ્તિક, આવો અર્થ કરવા જાય છે તે સ્વસ્તિકના પદાર્થને સમજતો નથી એ ચોક્કસ જ છે વળી એવી રીતે જેઓ એક ઘટના તરીકે આરોપિતપણાની અપેક્ષાએ નહિ, પણ વાસ્તવિરૂપ ગણીને સ્વસ્તિકના ચાર પાંખિયાને નરકાદિક ગતિ તરીકે જણાવે છે તેઓ ઉપર જણાવેલા નામ, દ્રવ્ય અને ભાવથી નિરપેક્ષપણા રૂપ ટીકાકાર મહારાજે કહેલી સ્થિતિ ધ્યાનમાં લેતા હોય તેમ જણાતું નથી. વળી એ નરકાદિક ગતિની જો અસદ્‌ભાવપણે જો સ્થાપના હોય તો તે નરક અને તિર્યંચની ગતિની અસદ્‌ભાવસ્થાપનાને મંગલ તરીકે ગણવા કોણ તૈયાર થાય એ સમજવું મુશ્કેલ નથી.

સ્વસ્તિકાદિની સ્થાપના એ સ્થાપનાલક્ષણ કેમ ?

કદાચ એમ કહેવામાં આવે કે સ્થાપનાલક્ષણ કે લક્ષણાકારવિશેષમાં માત્ર દ્રવ્ય ભાવ કે નામની વિવક્ષારહિત આકારમાત્ર સ્થાપનાલક્ષણ તરીકે જણાવ્યો છે, પણ એમા સ્વસ્તિકાદિકની વાત ન્હોતી તો પછી તે સ્થાને સ્વસ્તિકાદિને સ્થાપનાલક્ષણ તરીકે શી રીતે લીધું ? અને મત્સ્યયુગલના આકારને શી રીતે પદાર્થથી નિરપેક્ષ બતાવ્યો ? આવું કહેવું વ્યાજબી નથી, કારણકે જે કોઈ આકારવિશેષ લક્ષણવાળો ને તે

અનંતા મરણોથી એક પુદ્‌ગલપરાવર્ત્ત બને છે તેવા પુદ્‌ગલપરાવર્તો તારે આ સંસારમા અપરિમિત થયા છે

પણ મનુષ્યને ઉદ્દેશીને અષ્ટમંગલની સ્થાપના આકારમાત્રથી મંગલરૂપ કેમ ગણી શકાય? અર્થાત્ ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજની આગળ સ્વસ્તિકાદિ આકારોનું સ્થાપનામંગલપણું હોવા છતાં મુનિમહારાજ આદિ આગળ કરાતી સ્વસ્તિકાદિ રચના મંગલરૂપ કેમ ગણાય? પણ આ ધારણા વાસ્તવિક નથી, કારણકે જમાલિ અને મહાબલ રૂપ રાજકુમારોની આગળ પણ સ્વસ્તિકાદિની સ્થાપના મંગલરૂપ ગણીને તેનું આગળ પ્રસ્થાન યોગ્ય ગણવામા આવેલ છે. વળી ટીકાકાર મહારાજ પણ સ્વસ્તિકાદિના આકારની સ્થાપના કરવાનું જણાવતા **व्रीह्यादिभिस्तत् स्थापनालक्षणं** અર્થાત્ ડાંગર આદિ શબ્દથી યવ આદિ પણ લેવા તે ડાગર કે યવ આદિથી જે સ્વસ્તિકાદિ આકારની સ્થાપના તે સ્થાપનાલક્ષણ ગણાય એમ જણાવે છે આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કોઈ પણ સ્થાને કોઈ પણ ડાંગર આદિ પદાર્થથી સ્વસ્તિકાદિ આકારો કરવા તે સ્થાપનામંગલ અને સ્થાપનાલક્ષણ છે.



હે નાથ! જો તારા શાસનને ન પામ્યો હોત તો [illegible] મનોહર કેવી રીતે થાત?

જે ધર્મનું આરાધન કરવા વડે સંસારથી પાર ઉતારનાર એવા [illegible] હું પામ્યો તેથી હું ધન્ય છું

[illegible] ધર્મથી મળે છે તે માટે ધર્મ કોની સાથે સરખાવી શકાય? અર્થાત્ ધર્મ કોઈની સાથે ન સરખાવાય

ધર્મ [illegible] કેવી રીતે? કારણ કે જે ધર્મ [illegible] આત્માને ઉત્પન્ન કરે છે

આવશ્યકના કર્ત્તા ગણધર ભગવાન્ કે સ્થવિર મહારાજ ? આવશ્યકસૂત્રનો પલટો થયો છે કે મૂળરૂપ જ છે ?

૧ આવશ્યકનિર્યુક્તિને ઘણી જગો પર અંગબાહ્યાદિના વિચારમા આવશ્યક તરીકે ગણવામાં આવે તો તે વ્યાખ્યેય અને વ્યાખ્યાનનો અભેદ માનીને સમજવું અને તે નિર્યુક્તિની અપેક્ષાએ જ આવશ્યક એટલે આવશ્યકનિર્યુક્તિનું સ્થવિરકૃતપણું જણાવ્યુ છે. બાકી આવશ્યકસૂત્ર તો ભગવાન્ મહાવીર મહારાજે જ અર્થથી જણાવ્યું અને ભગવાન્ ગૌતમસ્વામીજીએ ગૂંથેલું છે એ હકીકત ઉદ્દેશાદિદ્વારોને જણાવનાર ગાથાના કારણ અને પ્રત્યયદ્વારને સમજનાર સ્પષ્ટ સમજી શકે તેમ છે.

૨ અનુયોગદ્વારસૂત્રમાં ઉદ્દેશ, સમુદ્દેશાદિ વિધિને અંગે થએલા પ્રશ્નોત્તરોમા સામાન્ય શ્રુતના ઉદ્દેશાદિનો પ્રશ્ન કર્યા પછી આદિમા આવશ્યકતા ઉદ્દેશાદિને પ્રથમ જણાવ્યા છે અને પછી આવશ્યકવ્યતિરિક્ત તરીકે સર્વ સૂત્રોને જણાવ્યા છે તે ઉપરથી સર્વ સૂત્રોની આદિમા આવશ્યકની સ્થિતિ જણાય છે.

૩ શ્રીભગવતીજી વિગેરેમાં જે જે સાધુ અને સાધ્વીને અંગે અગિયાર અંગના અધ્યયનનો અધિકાર આવે છે ત્યાં

હે આત્મા ! તારો આ સમ્યગ્દર્શનવાળો જન્મ જ ભવોના મૂળને ભેદશે એમ હું જાણું છું-માનું છું.

હોય એ માન્યતા ભૂલભરેલી છે, પણ અંગપ્રવિષ્ટશાસ્ત્ર ગણધરનાં જ કરેલા હોય એ માન્યતા વ્યાજબી છે, અર્થાત્ અંગબાહ્યશ્રુત ગણધર કે અન્ય સ્થવિરકૃત હોય તેમા અડચણ નથી

૭ आपसा मुक्कवागरणओ वाचि એવું જે વિશેષઆવશ્યકભાષ્યનું વાક્ય અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય સૂત્રોનાં લક્ષણને અંગે છે. તેનો પણ શ્રીમલયગિરિજી મહારાજ એવો અર્થ જણાવે છે કે उत्पन्नेइ वा વિગેરે ત્રણ નિષદ્યાથી થએલ જે સૂત્રો તે અંગપ્રવિષ્ટ કહેવાય, બાકી તે ત્રણ નિષદ્યા સિવાય ભગવાન્ ગણધર મહારાજના પ્રશ્નપૂર્વક કે પ્રશ્ન સિવાય પોતે ભગવાને સ્વતઃ કહેલું કે અન્ય સ્થવિરોના પ્રશ્નોપૂર્વક કહેલું તે બધું મુત્કલકથન કહેવાય અને તેની જે રચના થાય તે બધુ અનંગપ્રવિષ્ટ સૂત્ર કહેવાય આ શ્રીમલયગિરિજીનું વચન વિચારતા આવશ્યકસૂત્ર અનંગપ્રવિષ્ટ પણ હોય, અને ગણધર મહારાજનું પણ કરેલું હોય એમ માનવામા કોઈ જાતની હરકત નથી

૮ દિવસની શરૂઆત સૂર્યોદયથી થાય છે અને તેથી રાત્રિના અંતે થનાર રાત્રિક પ્રતિક્રમણ જ પાંચે પ્રતિક્રમણોમા પહેલું હોવું જોઈએ એવી શંકાના સમાધાનને અંગે આવશ્યકમા જણાવવામા આવ્યુ છે કે તીર્થની સ્થાપના દિવસે જ થાય છે, અને દિવસે તીર્થની સ્થાપના થયા પછી પહેલામા પહેલું સાંજે દૈવસિક પ્રતિક્રમણ જ કરવાનુ હોય છે, તેથી પાંચે પ્રતિક્રમણોમાં પહેલું દૈવસિક પ્રતિક્રમણ રાખ્યું છે આવી રીતે આપેલા સમાધાનથી સ્પષ્ટ થાય છે કે તીર્થસ્થાપનાને દિવસે જ સાંજે

મમતાનો બદિના કોઈ આશા નથી કેમકે કૂરો પણ આનુગાર ચરેલ સિદ્ધિને પામ્યા

થવા પહેલાં ગણધરોએ આવશ્યકની રચના ભગવાન્ તીર્થંકરોના વચનોને અનુસરીને કરી અને તે આવશ્યકસૂત્રથી સાંજે પ્રતિક્રમણ કર્યું અર્થાત્ ગણધર મહારાજાઓએ ૧૧ અંગની રચનાને દિવસેજ આવશ્યકસૂત્રની રચના કરી

૯ ભગવાન્ પાર્શ્વનાથજીના તીર્થ કરતાં જુદાપણે ભગવાન્ મહાવીર મહારાજના તીર્થમા સાધુપણુ લેતી વખતે જ સામાન્ય રીતે करेमि भंते સૂત્રથી સામાયિકચારિત્રનો ઉચ્ચાર થતો, પણ પ્રાણાતિપાત આદિના વિરમણરૂપ વ્રતોના વિભાગથી ઉચ્ચાર થતો ન હતો, પણ વડી દીક્ષા થાય ત્યારે જ વિભાગથી મહાવ્રતોનો ઉચ્ચાર થતો હતો અર્થાત્ મહાવીર મહારાજાના શાસનની શરૂઆતમા જ સામાયિક આવશ્યકને સ્થાન હતુ. (તત્ત્વથી ૧૧ અંગની રચના કરતા પહેલા પણ એટલે ગણધરોની દીક્ષા થતી વખતે જ સામાયિકના અર્થ અને સૂત્રનો ઉચ્ચાર ખુદ તીર્થંકર ભગવાનના મુખે જ થતો હતો)

૧૦ ભગવાન્ પાર્શ્વનાથજીના તીર્થમા પ્રતિક્રમણ નહોતા કરતા એમ ન હતું, પરતુ અજિતનાથજી વિગેરે બાવીસ તીર્થંકરોના સાધુઓ લાગેલા દોષોનું પ્રતિક્રમણ તો કરતા જ હતા, પણ તે પ્રતિક્રમણ તેઓ દોષ લાગે તે જ વખતે કરતા હતા જો દોષ દિવસે લાગ્યો તો દિવસે, રાત્રિએ લાગ્યો તો રાત્રિએ, અને તેમા પણ પહેલે પહોરે લાગ્યો તો પહેલે પહોરે અને છેલ્લે પહોરે લાગ્યો તો છેલ્લે પહોરે લાગેલા દોષોનું પ્રતિક્રમણ તો કરી જ લેતા હતા છતાં ભગવાન્ પાર્શ્વનાથજી કે અજિતનાથજી આદિ બાવીસ તીર્થંકરોનું શાસન સપ્રતિક્રમણ તરીકે ગણાયું નથી, પણ ભગવાન્ મહાવીર મહારાજનું શાસન

જો સમાધિ-મરણ પ્રાપ્ત થાય તો આત્માને બીજા કોઈ પદાર્થથી પ્રયોજન નથી

સપ્રતિક્રમણ તરીકે ગણાયું છે તેનુ એ જ કારણ છે કે ભગવાન્ મહાવીર મહારાજના શાસનમાં પ્રતિદિન અને પાક્ષિક આદિ દરેક પર્વે પ્રતિક્રમણ કરવાનું નિયમિત જ છે, તો પછી ભગવાન્ મહાવીર મહારાજના શાસનની સ્થાપનાને દિવસે જ ભગવાન્ ગણધર મહારાજાદિ સર્વ સાધુઓને પ્રતિક્રમણ કરવુ જ પડે અને તેથી તે પ્રતિક્રમણ સૂત્ર ગણધર મહારાજને તે તીર્થસ્થાપનાના દિવસની સાંજ પહેલાં જ બનાવવું પડે

૧૧ શ્રમણ ભગવાન્ મહાવીરની મહારાજે જ દીક્ષા લેતી વખતે સર્વ પાપોને નહિ કરવાની પ્રતિજ્ઞા કરતા સામાયિક ઉચ્ચારેલુ છે એ વાત આવશ્યકનિર્યુક્તિ અને તત્ત્વાર્થભાષ્ય વિગેરે શાસ્ત્રોના જાણકારોથી અજાણી નથી, તેમ જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ગણધરાદિને દીક્ષા આપી ત્યારે પણ સર્વસાવદ્યના ત્યાગરૂપ સામાયિક આવશ્યકની તો જરૂર પડી જ છે, છતા અહીં એકલા સામાયિક આવશ્યકનો વિચાર નથી લેવાનો, પણ છએ આવશ્યકનો વિચાર લેવાનો હોવાથી સપ્રતિક્રમણ ધર્મનું વિવેચન કરવાની જરૂર પડી છે.

૧૨ ભગવાન્ મહાવીર મહારાજે સુરભિપુર આગળ ગંગા નદી ઉતરીને ઇર્યાવહિયા પડિક્કમી એવો આવશ્યકનો ચોખ્ખો લેખ હોવાથી પ્રતિક્રમણ આવશ્યકનો ઈર્યાવહિયા રૂપ વિભાગ કેવળજ્ઞાન થવા પ્રથમ પણ હતો એમ માનવું જોઈએ.

૧૩ આવશ્યકના જે સૂત્રો વર્તમાનમાં છે, તે જો અન્યના રચેલા હોત કે પલટાવેલાં હોત તો નિર્યુક્તિકાર ભગવાન આ વર્તમાન સૂત્રોની ઉત્પત્તિ શ્રી જિનેશ્વર ભગવાન અને ગણધર

જે મિથ્યાત્વને પામે છે તે આગમનાશી છે અને જે ચારિત્રને પામે છે તે તેનાથી પણ અનન્ત આગમનાશી છે

મહારાજથી જણાવત નહિ, તેમજ અનુયોગદ્વારમાં આ જ સામાયિક આદિ સૂત્રોને ગણધર મહારાજના આત્માગમ તરીકે જણાવત નહિ

આ લેખનો સારાંશ :

૧. આવશ્યકસૂત્ર જે વર્તમાનમાં છે તે અસલથી છે

૨. આ આવશ્યકસૂત્રનું કથન અર્થથકી ભગવાન્ મહાવીર મહારાજે કરેલું છે અને સૂત્રથકી તેની રચના ગણધર મહારાજે જ કરેલી છે

૩. તીર્થસ્થાપનાને દિવસે જ આવશ્યકસૂત્રની રચના થએલી છે.

૪ અંગપ્રવિષ્ટ નહિ છતા પણ આવશ્યકસૂત્રની રચના ગણધરોએ જ કરેલી છે



અપેક્ષા અથવા ગુદ્ધભાવ મસાગરમુદ્રને બાધક છે અર્થાત સંસારનો નાશ કરનાર છે

જો તુ બોધિરૂપ પ્રવહણને પામ્યો તો સંસારરૂપી સમુદ્ર તરી ગયો

સંસારરૂપ સમુદ્રમાથી ઉદ્ધાર કરનાર સંયમને વિષે જે જ્ઞાન તે કર્ણધાર એટલે ખલાસી સમાન છે

શુદ્ધ આત્મસ્વરૂપનો નિરંતર તુ વિચાર કર।

જેવા ભાવો થવાના હોય તે ભાવો તેવા થશે માટે તેની ચિંતા વર્જ સર્વ

જૈનો અને પરમેશ્વર

જગતમાં પ્રવર્તતા મતોમાં જે નાસ્તિકમત છે, તે તો જીવને પણ માનતો નથી, મોક્ષને માનતો નથી, અને તેઓનો મત એવો છે કે કામગુણની સિદ્ધિ એ જ ધર્મ છે, એટલે ઇન્દ્રિયોના ગુણો અને પુદ્ગલઆરામ સિવાય તે નાસ્તિકોનું બીજું ધ્યેય જ હોતું નથી "આ લોક મીઠા તો પરલોક કોણે દીઠા" એ વાક્યનું ઉત્થાન મુખ્યતાએ નાસ્તિકને જ આભારી છે એથી પરલોકને અર્થે કરાતી તપસ્યા અને કરાતા સંયમો તે નાસ્તિકોના મતે શારીરિક પીડા અને ભોગથી ઠગાવા રૂપ જ છે આવી રીતિની માન્યતા ધરાવનાર નાસ્તિકો તપ અને સંયમની આદ્ય પ્રવૃત્તિ કરનાર અને તપ તથા સંયમના આદ્ય ઉપદેશ કરનાર એવા પરમેશ્વરને ન માને તે અસ્વાભાવિક નથી પરંતુ જેઓ પોતાને આસ્તિક રૂપે ઓળખાવે છે તેઓમાં સ્વલ્પભાગ જ તેવો છે કે જે સર્વજ્ઞને ન માનતા કોઈને પરમેશ્વરને માનવા તૈયાર નથી પરંતુ આસ્તિકોમાંનો મોટો ભાગ કોઈને કોઈ રૂપે પરમેશ્વરને માનવા તરફ દોરાયેલો જ છે કેટલાક આસ્તિકો પરમેશ્વરને માનવાવાળા છતાં પરમેશ્વર દ્વારા આત્માની ઉન્નતિ સાધવાની પ્રેરણા થાય છે એમ નહિ માનતાં માત્ર પરમેશ્વરથી પૃથ્વી, પાણી, હવા, પર્વત, ચંદ્ર, સૂર્ય, નદી અને સમુદ્ર જેવા જડપદાર્થોની સિદ્ધિને માટે કે તે પૃથ્વીઆદિ પદાર્થો આપવાને લીધે થએલા ઉપકારને માનીને પરમેશ્વરને માનવા તૈયાર થાય છે, એટલે આસ્તિકતાને માનવા [illegible] છતાં અને પરમેશ્વરને માનવાવાળા છતાં પણ [illegible] આત્માની પરમાર્થના માનવાની [illegible]

પ્રેરણા માટે પરમેશ્વરને નહિ માનતા હોવાથી અને તેણે જગત્ બનાવ્યું છે તેથી તેને માનવો એમ કહીને જે પરમેશ્વરને માનવામાં આવે છે તે પરમાર્થથી નાસ્તિકવાદનો જ મહિમા જાહેર કરે છે ભગવાન્ જિનેન્દ્ર-મહારાજે નિરૂપણ કરેલ એવો શ્રીજૈનધર્મ અર્થાત્ જૈનદર્શન એ જ ઇંદ્રિયસુખો સિવાય બીજો ધર્મ નથી એમ માનતા નથી.

પરંતુ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરાવનાર એવા અહિંસા, સંયમ, અને તપને જ ધર્મ માને છે અને તેવા ધર્મના જે જે કાળે, જે જે આદ્ય પ્રવર્તકો અને આદ્ય ઉપદેશકો બનનાર સ્વયંભૂ આત્માઓ થયા છે થાય છે અને થશે તે સર્વે સ્વયંભૂ આત્માઓને જૈનદર્શન પરમેશ્વર તરીકે માને છે આ કારણથી જ જેમ મુસલમાન વિગેરે પાશ્ચાત્ય મતવાળાઓ એક એક ભવથી બીજે ભવ, બીજે ભવથી ત્રીજે ભવ, ત્રીજે ભવથી ચોથે ભવ એમ અનેક ભવોમાં હિંડનાર એટલે હિંદુ એવા આત્માને માનનાર બૌદ્ધ સાંખ્ય, વૈદિક, શૈવ, કે જૈન વિગેરે મતોને માનનાર એવા સર્વહિંદુઓને કાફર કહીને બોલાવે છે અગર કાફર ગણે છે પરંતુ પદાર્થના સાચા સ્વરૂપ તરફ લક્ષ જેમ આપતા નથી અને સાચા પદાર્થ માનનારાઓ માટે ઘૃણા ઉત્પન્ન કરે તેવા અધમ શબ્દનો પ્રયોગ કરે છે, તેવી રીતે પરમાર્થથી નાસ્તિકતા તરફ જ ઘસડી જાય. અગર દુનિયાદારીના પદાર્થોની સિદ્ધિમાં જ પરમેશ્વરનું પરમેશ્વરપણું સમાઈ જાય તેવા પરમેશ્વરને માનવાવાળા લોકો તપ અને સંયમના આદ્ય પ્રવર્તક અને આદ્ય ઉપદેષ્ટા એવા પરમેશ્વરને માનનાર જૈનો તરફ અણસમજથી ઘૃણા દર્શાવનાર એવા નાસ્તિક તેમાં કાંઈપણ આશ્ચર્ય જેવું નથી.

સમારમ્ભનું મૂળ કારણ રાગ અને દ્વેષ એ બે છે માટે ભવસાગર તરવાની ઇચ્છાવાળાએ એ બેનો સદંતર ત્યાગ કરવો જોઈએ

વાચકે ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જૈનદર્શન પ્રમાણે જગત, જીવો, સ્વર્ગ, નરક, વિગેરે પદાર્થોની હયાતી અનાદિસિદ્ધ જ છે. પરમેશ્વરને અન્યથા માનનારાઓ જેમ પરમેશ્વરને અન્યથા માનનારાઓ જેમ પરમેશ્વરને અનાદિસિદ્ધ માને છે, તેવી રીતે જૈનો જગત, સ્વર્ગ, નરક, વિગેરે પદાર્થોને અનાદિસિદ્ધ જ માને છે. તેથી જૈનોને જગતની ઉત્પત્તિ માટે કે સ્વર્ગ અને નરકને બનાવવા માટે પરમેશ્વરને માનવાની જરૂર રહેતી નથી, પરંતુ જગતના સર્વ જીવો અનાદિકાળથી અજ્ઞાનમાં ડૂબી રહેલા છે, અને તે અજ્ઞાનના પ્રતાપે પોતાના જ હિતને, પારલૌકિક પદાર્થને, આત્માના શુદ્ધ સ્વરૂપને કે શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરનારાં કારણોને જીવ સમજી શકે નહિ તે અસ્વાભાવિક નથી એટલે અજ્ઞાન જીવોને પોતાનું હિત સમજાવનાર, પારલૌકિક પદાર્થોને કહેનાર, આત્માના શુદ્ધ સ્વરૂપને દેખીને દેખાડનાર, તથા તે શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવાના ઉપાયોની યોજનાનો અમલ કરવાપૂર્વક ઉપદેશ કરનાર એવા પરમેશ્વરને માનવાની જરૂરિયાત થાય તે સ્વાભાવિક જ છે ઉપર જણાવેલી હકીકતને જાણીને સમજનારો મનુષ્ય સહેલાઈથી સમજી શકશે કે જ્યારે પરમેશ્વરને પરમેશ્વર તરીકે માનવામાં જૈનેતરોનું જગત કર્તા એટલે બનાવનાર તરીકે માનવામાં રહે છે ત્યારે જૈનદર્શન અને તેને અનુસરવાવાળાનું ધ્યેય બતાવનાર તરીકે માનવામાં રહે છે જૈનદર્શન પ્રમાણે પરમેશ્વરનું સ્વરૂપ એક આદર્શ પુરુષ તરીકે રહે છે, ત્યારે જૈનેતરોની અપેક્ષાએ માત્ર ઉદ્દેશ તરીકે રહે છે જૈનો પરમેશ્વરની મૂર્તિના દર્શન કરતા પોતાના આત્માને પરમેશ્વર જેવા થવાનું ચિંતવી શકે છે, ત્યારે કેવળ જ પરમેશ્વર માનવાથી જૈનેતરોને તેવું ચિંતવવાનો

અવકાશ રહેતો નથી જૈનદર્શનાનુયાયીઓ પરમેશ્વરને આત્મકર્તવ્યતાપરાયણ માની તેનું અનુકરણ કરવાની ભાવના રાખી શકે છે, ત્યારે જૈનેતરોથી તે ભાવના રાખી શકાતી નથી. જૈનો પરમેશ્વરની મૂર્તિના દર્શન કરતાં સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન, ત્યાગ, તપ. વીતરાગતા આદિ ઉત્તમગુણોનું સ્થાન પરમેશ્વર છે એમ માનીને પરમેશ્વરની મૂર્તિની દર્શનીયતા સ્વીકારી શકે છે, ત્યારે જૈનેતરો ઈશ્વરને અનાદિશુદ્ધ અને સિદ્ધ માનતા હોવાથી, ઉત્પન્ન કરેલા જ્ઞાનાદિ ગુણોના આધાર તરીકે પરમેશ્વરને વિચારી શકતા નથી. જૈનો પરમેશ્વરની મૂર્તિના દર્શન કરતાં પરમેશ્વરે જણાવેલ જે ધર્મમાર્ગ તેની પ્રાપ્તિના ઉપકારને લીધે અંતઃકરણથી પરમેશ્વરની પૂજ્યતાનો નિર્ધાર કરી શકે છે, તેવી રીતે જૈનેતરોથી તેવો ઉપકાર કે તેવા ઉપકારને લીધે પૂજ્યતા-તરીકેનો નિર્ધાર કરી શકાતો નથી. જૈનો પરમેશ્વરની જિંદગીમા જન્મથી મરણ સુધી અદ્વિતીય ઉત્તમતા માનતા હોવાને લીધે તેની જિંદગીનુ અનુકરણીયપણું ધારી શકે છે, તેવી રીતે જૈનેતરો પોતાના પરમેશ્વરોને આત્મકર્તવ્યમા પરાયણ ન માનનાર હોઈને અનુકરણીયતા માની શકે જ નહિ. આ ઉપરથી સમજી શકાય છે કે જૈનોની પરમેશ્વર સબંધી માન્યતા અદ્વિતીય છે.

હે પુણ્યવંત ! જો તને તીવ્ર વિચારવાની ઇચ્છા હોય તો સ્વરૂપથી આત્માને વિચાર

પૂર્વે બાંધેલા તે પાપકર્મની શ્રેણીનો આ વિપાક છે

હે નાથ ! જાગતો છતો પણ ક્ષણ પછી મારું શું થશે તે હું જાણતો નથી

વાચકવૃંદને યાદ હશે કે ભગવાન્ હરિભદ્રસૂરિજી મહારાજની વખતે એક એવો પણ પૂર્વપક્ષનો વર્ગ હતો કે જે વર્ગ કે પક્ષ માત્ર બાલપણાની દીક્ષાને જ માનનારો હતો તે વર્ગનુ કહેવું એવુ હતુ કે જેઓ બાલપણથી દીક્ષિત થાય તેઓ જ અશુભ સસ્કાર વગરના હોઈને શુભ સસ્કારને પામવાને માટે સપૂર્ણ લાયક ગણાય પરન્તુ જેઓ અશુભ સસ્કારના કચરામા રગદોળાયેલા હોય તેવા ભુક્તભોગીઓ કે સસારીઓ ગ્હાય જેવા ત્યાગી બને તો પણ-પૂર્વના-અશુચિ ભરેલા સસ્કારોને લીધે કોઈ દિવસ તેવી પવિત્રતાને પામી શકે જ નહિ. જો કે ભગવાન્ હરિભદ્રસરિજીએ આ પક્ષનુ સમાધાન આપ્યુ છે અને તેમા અવિવેકરૂપી બાલ્યતા છોડવાનું મુખ્ય કેન્દ્ર રાખ્યું છે, પરન્તુ વયની અપેક્ષાએ બાલ્યવયની દીક્ષાને અશે પણ આચ આવવા દીધી નથી આવી રીતે બાલ્યપણામા દીક્ષા લેનારા હોય તેને શાસનને અનુસરનારો શ્રાવક અત્યત ધન્યતાને પાત્ર ગણે તો પછી જેઓ બાલકની દીક્ષાને અયોગ્ય કે નાલાયક ઠગવે તેવા ભાન વગરના લોકોને શાસનની સીડીએ ચઢેલા પણ કોણ સમ્યગ્દષ્ટિ માની શકે ?

યાદ રાખવુ કે આ શાસન જૈનનું હોવાથી એના પગથીયાથી શિખર સુધી ત્યાગ ત્યાગ ને ત્યાગ જ ઓતપ્રોત થયેલો છે અને તેથી જે કોઈપણ પોતાને જૈન કહેવડાવે કે શ્રાવક કહેવડાવે કે સઘ કહેવડાવે અને પોતે બાલદીક્ષાથી વિરુદ્ધ માન્યતા ધરાવે બોલે કે તેવુ વર્તન કરે તો તે કેવળ શાસનઅનુસારીપણા શ્રાવકપણાનો કે સઘપણાનો પોતાને માટે મૃત્યુ ઘટ જ વગાડે છે શાસનને અનુસરનાર શ્રાવકપણુ ધરાવનાર કે શ્રીસઘની મહત્તાને ઉપાડનાર જો કોઈ પણ હોય તો તે માત્ર તેઓ જ હોઈ શકે કે જેઓ સ્રીકુટુંબઆદિ ગૃહવાસને છોડીને બાલપણામા

નાતસાળો આત્મા સમાધિમા જોડાય છે અને તેનાં જોડાવા માટે પૂર્વપુરુષોના ચરિત્રો ચિત્તના ધારણ કરે છે

છોડીને બાળપણામાં દીક્ષા લેનારા છે અર્થાત્ તેઓ જ ત્રણ જગતને પૂજવાલાયક છે.

આચાર્યશ્રીદેવેન્દ્રસૂરિજી મહારાજનાં ઉપર જણાવેલા વચનો વાંચી, વિચારી અને તેની શ્રદ્ધા કરીને શ્રીજૈનધર્મ માનનારો અને જૈન કહેવડાવનારો વર્ગ હમેશા વ્રતધારી અને તેમાં પણ બાલદીક્ષિતોના બહુમાનને કરનારો જ થાય એ સ્વાભાવિક છે.

માનવપ્રધાન કે માનવ ધર્મપ્રધાન

જૈનજનતા અને જૈનેતર વર્ગ પણ સ્પષ્ટ રીતે જાણે અને માને છે કે ચોરાશી લાખ જીવયોનિમા રખડતા એવા જીવને મનુષ્યભવની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે, જો કે દેવોનિમા સુખસાહેબી અને સમૃદ્ધિ અપાર છે અને મનુષ્યજન્મ કરતા દેવતાની સુખસાહેબી લાખો ગુણી છે એમ લોકો માને છે, છતા ચોરાશી લાખ જીવયોનિમા મનુષ્ય ભવની દુર્લભતા છે, એમ અને જૈનેતર શાસ્ત્રકારો સ્પષ્ટપણે ફરમાવે છે શ્રીઉત્તરાધ્યાનસૂત્રમા "दुल्लहे खलु माणुसे भवे-" એમ જણાવી ભગવાન્ મહાવીર મહારાજા ભગવાન્ ગૌતમસ્વામી સરખા ગણધર મહારાજને ઉપદેશ આપે છે સૂત્રકાર-મહારાજા સામાન્ય રીતે સર્વસંઘને પણ "चत्तारि परमंगाणि दुल्लहानीह जंतुणां माणुसत्तं એમ કહી મનુષ્યપણાની દુર્લભતા સ્પષ્ટપણે જણાવે છે. આવશ્યકનિર્યુક્તિ વિગેરેમા પણ चोल्लगपासग-ઇત્યાદિ ગાથા કહી મનુષ્યપણાની દુર્લભતા દશ દૃષ્ટાન્તોથી સાબીત કરી

આપે છે એટલે મનુષ્યભવ દુર્લભ છે એમાં કોઈપણ આસ્તિકથી મતભેદ ઉભો કરી શકાય તેમ નથી. પરન્તુ આવી રીતે ચોરાશીલાખ જીવાયોનિમાં રખડતા મળેલું મનુષ્યપણું દુર્લભ છતાં પણ જે મળ્યું છે તેનો ઘણા ભાગે જીવોથી દુરુપયોગ જ થાય છે, અને આ જ કારણથી ભાષ્યકાર મહારાજા મનુષ્યભવને દુઃખ એટલે સંસારના કારણભૂત એટલે વધારનાર જણાવીને તથા जन्मनि कर्मक्लेशैरनुबद्धे એમ જણાવી આ મનુષ્યભવ કર્મ અને કલેશની પરંપરાવાળો હોય છે અને જો મનુષ્યજન્મ કર્મકલેશની પરંપરાવાળો થાય છે તો તે મનુષ્યજન્મ સંસારની વૃદ્ધિ કરાવનારો યાવત્ અનંતભવ ભટકાવનારો થાય છે. એટલે શત્રુના જયને કરાવનાર એવું હથિયાર જેમ અણસમજુ મનુષ્યના હાથમાં આવ્યુ હોય તો તે હથિયાર અણસમજુ એવા ગ્રહણ કરનાર મનુષ્યને જ કે તે ગ્રહણ કરનારના સંબંધીઓને જ મારનારું થાય છે, તેવી રીતે આ મનુષ્યભવ પણ જો કર્મકલેશના અભાવને કરવા કે તેને કમી કરનારો હોય અને સંસારનુ અલ્પપણું કરનારો કે સંસારનો અભાવ કરનારો હોય તો જ આ મનુષ્યભવને મેળવીને લાભ પામ્યા કહી શકાય અર્થાત્ માનવજાતની કે માનવદેહની જે મુખ્યતા શાસ્ત્રકારોએ કહેલી છે અગર તો જગત્માં ગવાયેલી છે તે દેખાતા મનુષ્યપણાની અપેક્ષાએ માનવદેહની કે માનવજાતની મહત્તાને માટે નથી, પરન્તુ આ માનવદેહ જ એવો છે કે જેને પ્રાપ્ત કરવાવાળો મનુષ્ય સંસારનુ અલ્પપણુ કે સંસારનું સર્વથા અભાવપણું કરી માનવદેહની સફળતા મેળવી શકે છે અર્થાત્

અજ્ઞાને આંધળા, ચપળ ઇન્દ્રિયોવાળા એવા જીવે પહેલા જે પાપ બાંધ્યુ તેનુ આ વિષમપણુ થયુ અને ઋદ્ધિવાળું વિપાકથી મુકત આ ભવ કર પરિણામ આવ્યુ

જે લોકો માનવદેહને પામ્યા છતાં કે માનવજાતિને પામ્યા છતાં સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્રની આરાધના-દ્વારાએ એટલે ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિદ્વારાએ માનવજાત કે માનવદેહને સફળ કરી શકતા નથી તેમના હાથમાં આવેલું મનુષ્યપણું માનવજાતિ કે માનવદેહ કેવલ કર્મ અને ક્લેશની પરંપરાને વધારી સંસારની વૃદ્ધિ કરનારો જ થાય છે અને એ જ અપેક્ષાએ; શાસ્ત્રકારો કેટલેક સ્થાને જણાવે છે કે એવા કર્મક્લેશની પરંપરાને વધારી સમાર્ગને વધારનાર મનુષ્યો એટલે માનવદેહવાળા કરતાં ઘોડા ગાય વિગેરે જાનવરો ઘણા જ ઉત્તમ ગણી શકાય. યાદ રાખવું કે માનવજાતિ પામેલો જીવ માનવજાતિના અનુભવમાં દરેક ક્ષણે પુણ્યના ઢગલાના ઢગલા ભોગવીને ખાલી કરી નાખે છે અને તે પુણ્યના ઢગલા ખાલી કરવાની સાથે દરેક ક્ષણે પલ્યોપમના પલ્યોપમો સુધી ભોગવવા પડે તેવાં પાપો પેદા કરે છે. જ્યારે કેટલાક જાનવરો દરેક ક્ષણે પોતાની જિંદગીમા પૂર્વભવના કરેલા પાપોના ઢગલા ને ઢગલા ખાલી કરે છે, અને કેટલાક પવિત્ર મનવાળા અગર ખરાબ મન વગરના જાનવરો ક્ષણે ક્ષણે કઈ પલ્યોપમ સુધી કામ લાગે તેવા પુણ્યના ઢગલાઓ ઉપાર્જન કરે છે. એટલે માનવજાતિમાં આવેલો મનુષ્ય જો દુર્ગતિ તરફ પ્રયાણ કરવાને તૈયાર થયેલો હોય તો તેના કરતાં સદ્ગતિ તરફ પ્રયાણ કરવા વાળું જનાવર ઉત્તમત્તાનું પાત્ર અને પ્રશંસાનું સ્થાન છે. જેમ નીતિશાસ્ત્રકારો સાહિત્યાદિકથી રહિત એવા માનવદેહવાળાને જાનવરની સાથે તોલે છે, તેવી રીતે ધર્મશાસ્ત્રકારો ધર્મરહિત એવા માનવદેહધારીને તિર્યંચથી પણ અધમદશામા ગણે છે

ઘરમાં જ્યારે સારી તબીયત હોય ત્યારે પ્રમાદ છોડી ઉપયોગ રાખી તીર્થયાત્રા વિગેરેનો લાભ ઉઠાવશો

ઉપરની હકીકત ધ્યાનમાં લેવાવાળો મનુષ્ય માનવજાતિને કે માનવદેહને ઉત્તમ માનવાવાળો થાય તેમાં આશ્ચર્ય નથી. પરન્તુ ન માનવજાતિની કે માનવદેહની ઉત્તમતા માનવદેહ કે માનવજાતિ તરીકે નથી એ સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે.

જૈનશાસ્ત્રનું યત્કિંચિત્ પણ જેને જ્ઞાન હોય અને જેઓ રમાવલ્લભ કે પ્રિયાવલ્લભ જેવા જડદાસો ન હોય તેઓ એટલું તો સહેજે સમજી શકે તેમ છે કે આ માનવદેહ કે આ માનવજાતિ આ જીવને પહેલવહેલી મળેલી છે એમ નથી, પરન્તુ આ માનવજાતિ કે આ માનવદેહ અનંતી વખત મળેલો છે, પરન્તુ તે અનંતી વખત મળેલો માનવદેહ અર્થ અભિલાષાનો અને કામાભિલાષાનો નિલય થઈ જવાને લીધે તે કેવળ પાપાલય જ થયેલો હતો પરન્તુ આ માનવદેહને જો દેવાલયનો સેવક બનાવીએ તથા ધર્માનુષ્ઠાનના સ્થાનભૂત બનાવીએ તો જ આ માનવદેહ સફળતાને પામેલો કહી શકીએ.

હે માનવ ! તું ઉપરની હકીકત બરોબર સમજજે અને ગુંડાગીરીના ગહનવનમાં ઝંપલાયેલા રમાવલ્લભો અને રામાવલ્લભોની માનવદેહને દેવાલય ગણવા જેવી અપવિત્ર અને તુચ્છમાં તુચ્છ વાણીને કાનમાં પણ પેસવા દઈશ નહિ, પરન્તુ અનન્તા પુદ્ગલપરાવર્ત્ત મળેલા આ માનવદેહને દેવ ગુરુ અને ધર્મની પવિત્ર સેવાથી અલંકૃત કરીને જરૂર સફળ બનાવજે.

ઉપર જણાવેલા કથનનું તત્ત્વ શ્રીદેવ ગુરુ અને ધર્મની આરાધનામાં સમજવાનું છે પરન્તુ એ ઉપરના કથનથી માનવજાતિ તરફ કે કોઈપણ પ્રાણીજાતિ તરફ કે કોઈપણ

સંસારસમુદ્રથી તારનાર શ્રી જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલા દાનાદિ ધર્મ છે. એ વાત દરેક ધર્મિષ્ઠે મનન કરી હૃદયગત રાખવાની છે

પ્રાણીજાતિ તરફ થતો અનુકંપાભાવ કે પરમ પવિત્ર ધર્મને આચરવાવાળા માનવજાતિધારી સાધર્મિકો તરફ ભક્તિભાવની ન્યૂનતાને માટે કોઈપણ અંશે ઇશારો હોય એમ સમજવુ નહિં

અરે માનવ ! તુ દુનિયાદારીથી વિચાર કરે તો તને જરૂર એમ જ લાગશે કે આ માનવદેહ જગતના સર્વ જીવો પ્રાણીઓ અને પુદ્ગલો તરફથી માત્ર પોષણ મેળવનાર સ્થિતિનો છે, પરન્તુ કોઈના પણ જીવનને મદદ કરનારો નથી, જ્યારે પાશવીય જીવન જો કે જાતિમા હલકું ગણાય છે છતા તે એટલું બધું ઉત્તમ છે કે તારા જેવા માનવજીવનને જીવવાવાળાને આધારભૂત થાય છે. સ્પષ્ટ વાત તું ચમજી શકે તેમ છે કે જાનવર વગર તારું જીવન પ્રવર્ત્તવું એ સર્વથા અશક્ય છે, છે. પરન્તુ તારું જીવન ન હોય તો પશુવર્ગને પાશવીય જીવન જીવવામા તો કોઈ પણ જાતની અડચણ આવે તેમ નથી માટે તું કોઈના પણ જીવનમાં મદદગાર થવા માટે માનવજાતિની મહત્તા કંઈપણ અશે ગણતો હોય તો તે ભૂલી જજે અને સર્વદા દેવ ગુરુ અને ધર્મની આરાધના દ્વારાએ એટલે શુદ્ધ ધર્મના અનુષ્ઠાનની પ્રવૃત્તિદ્વારાએ જ તારા દેહને ગુંડાઓના કથન પ્રમાણે દેવાલય નહિ, પણ પુણ્યાલય તરીકે બનાવજે

હે માનવ ! યાદ રાખજે કે આ ઉપર જણાવેલુ કથન કોઈપણ દેશકાળને અપેક્ષિત થયેલુ નથી, તેમજ કોઈપણ કાળે ઉપરના કથનમાં ફેર થઈ શકે તેમ નથી માટે ઉપરનું કથન સત્ય તરીકે ધારજે, એટલું જ નહિ પરન્તુ ઉપરના કથનને સનાતન સત્યતરીકે ધારજે.

સંસારઅરણ્યમા મુસાફરી કરનારાઓને શ્રી જિનેશ્વરમહારાજ રૂપ મહાસાર્થવાહની અને તેના વાક્યોના આલંબનની પૂરી જરૂર છે

શ્રાવકે કેવી દેશના કરવી

શાસ્ત્રને સમજનારી અને માનનારી જૈનજનતા ઉપરનું હેડીંગ દેખીને જરૂર વિચારમાં પડશે કે શાસ્ત્રકારો જ્યારે સાધુસામાન્યને પણ દેશનાનો અધિકાર આપતા નથી, કિન્તુ સાવદ્ય-નિરવદ્ય વચનોના તફાવતને જાણનારો અને આચાર-પ્રકલ્પ એટલે નિશીથસૂત્રને ધારણ કરનાર હોય તેવા જ પાંચે મહાવ્રતની પ્રતિજ્ઞાવાળા અને ગીતાર્થપણું પામેલા સાધુને જ્યારે ધર્મદેશના કરવાનો અધિકાર આપે છે. તો પછી જેમ શહેનશાહી ઢંઢેરો વાચવાનો અધિકાર શેરીફ જેવાને જ હોય છે તેમ ભગવાન્ જિનેશ્વરમહારાજના ધર્મને એટલે સર્વથા પાપથી વિરમવુ અને હિંસાદિક પાંચે આશ્રવોથી ત્રિવિધ ત્રિવિધ દૂર રહેવું એવું સ્વરૂપ જૈનધર્મનું હોવાથી તેને નિરૂપણ કરવાનો અને પર્ષદામાં કહેવાનો હક્ક તેવા વિરતિવાળા અને ગીતાર્થ સાધુને જ છે, તો પછી શ્રાવકને ધર્મદેશનાનો અધિકાર જ નથી એટલે શ્રાવકે કરાતી ધર્મદેશના એ વસ્તુ જ સંભવે કેમ ? આવી રીતના આવતા વિચારનું સમાધાન કરીએ તેની પહેલાં સભાની અંદર ગીતાર્થ એવા સાધુનો જ સર્વવિરતિરૂપી જૈનધર્મ કહેવાનો અધિકાર છે એ વાતને કબૂલ કરીને આગળ ચાલતાં કહેવુ જોઈએ કે જે વંદિત્તુસૂત્ર શ્રાવકો હંમેશાં સાંજે તથા સવારે બોલે છે તેમાં જ 'विवरीयपरूवणाए य' એટલે ભગવાન્ જિનેશ્વર મહારાજના માર્ગથી જે કોઈ વિપરીત પ્રરૂપણા થઈ હોય તેનું હું પ્રતિ-

---

સંસારસમુદ્રથી તારનાર અને આભવ પરભવના કષ્ટો ટાળનાર શ્રી જિનેશ્વરમહારાજના માર્ગમાં દેવ, ગુરૂ અને ધર્મરૂપી રત્નત્રયી છે.

ક્રમણ નિંદન અને ગર્હણ કરૂં છું એમ સ્પષ્ટ જણાવેલું છે. હવે જો શ્રાવકને ધર્મપ્રરૂપણાનો એટલે ધર્મદેશનાનો અધિકાર જ ન હોય અને શ્રાવકો ધર્મપ્રરૂપણા કરે એ જો શાસ્ત્રકારોને ઇષ્ટ ન હોય તો વૃક્ષના અભાવે શાખાની માફક અને ગામના અભાવે સીમાની વ્યવસ્થાની માફક વિપરીત-પ્રરૂપણાથી પ્રતિક્રમણાદિ કરવાનું હોય જ નહિ. એટલે સ્પષ્ટપણે માનવું જોઈએ કે શ્રાવક એટલે જે સર્વવિરતિ નથી કરી શક્યો, પણ દેશવિરતિગુણઠાણામાં કે અવિરતિગુણઠાણામાં રહેલો છે તેને પણ ધર્મદેશનાનો અધિકાર છે કેટલાક મહાનુભાવો પશ્ચાત્કૃત એટલે પતિત થયેલા સાધુ કે સિદ્ધપુત્રાદિકની અપેક્ષાએ 'विवरीयपरूवणाए य' એ પદ વંદિત્તામાં કહેવામાં આવ્યું છે એમ જણાવે છે, પરન્તુ તેઓએ ધ્યાનમાં ગણવું જોઈએ કે મુખ્યશ્રાવકો કે જેઓ પશ્ચાત્કૃત ન હોય કે સિદ્ધપુત્ર ન હોય તેવાઓને પણ 'जणस्स धम्मं परिकहेइ' એમ કહીને દેશના કરવાનો અધિકાર શાસ્ત્રકાર કહે છે વળી આવશ્યક વિગેરેમાં સ્પષ્ટપણે સાંભળીએ છીએ કે જિનદત્ત શ્રાવક જે પુસ્તકો વાંચતા હતા તે સાંભળીને જ કંબલશંબલ નામના વૃષભો ભાવિક થયા હતા. અર્થાત્ એકલા પશ્ચાત્કૃત કે સિદ્ધ-પુત્રોને જ શ્રાવકપણામાં દેશનાનો અધિકાર છે એમ કહી શકાય નહિ, પરંતુ કહેવું જોઈએ કે સર્વસામાન્ય રીતે શ્રાવકોને ધર્મદેશનાનો અધિકાર છે જો કે વાચકોને 'धम्मो जिणपन्नत्तो पकप्पजइणा कहेयव्वो' એ વચનથી ઉપર જણાવેલું કથન વિરુદ્ધ લાગશે, પરન્તુ શાસ્ત્રકારો સ્થાને સ્થાને જણાવે છે કે व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि सन्देहादलक्षणम् અર્થાત્ જે

સંસારસમુદ્રથી તરવાનો માર્ગ શ્રી જિનેશ્વરમહારાજની પૂજાદિ ષટ્કાર્ય કરવા એ છે

વાક્યોમા પરસ્પર વિરોધ લાગતો હોય અને સન્દેહ પડતો હોય તે સૂત્ર વાક્યોની વ્યવસ્થા એ સૂત્રના વ્યાખ્યાનને અનુસરીને કરી દેવી, પરંતુ પરસ્પર વિરોધ લાગે અને સંદેહ થાય એટલે સૂત્રન વિરોવવાળું માની લેવું નહિં આ વાત બરોબર લક્ષ્યમા રાખીને દરેક વાચકે વ્યવસ્થા કરવી જોઈએ અને વ્યાખ્યાકારોએ પણ તેવી જ વ્યવસ્થા કરેલી છે. અર્થાત્ સંઘ કે સભા સમક્ષ ધર્મદેશના દેવાનો અધિકાર નિશીથસૂત્રને જાણનારા અને પંચમહાવ્રતને ધારણ કરનારા સાધુ સિવાય બીજા કોઈનો પણ નથી, પરંતુ જેમ ઘરના મનુષ્યોને ઘરનો આગેવાન શરીફ નહિ છતા પણ શહેનશાહી ઢંઢેરો સંભળાવી અને સમજાવી શકે, તેવી રીતે ઘરના કુટુમ્બી માણસોને દેશવિરતિવાળો કે એકલી સમ્યગ્દષ્ટિવાળો જૈનધર્મનું કથન કરે અગર જૈન ધર્મની દેશના કરે તેમાં કોઈ પણ જાતનો વિરોધ રહેતો નથી

શ્રાવકે કરાતી ધર્મદેશનાનો નમુનો

अणोरपारंमि भवोदहिंमि, उब्बुड्डनिब्बुड्डकरतएहिं,
दुक्खेण पत्त इह माणुसत्तं, तुब्भेहिं रोरेहिं निहाणभूयं ॥१॥

શ્રાવક પોતાના કુટુમ્બવર્ગને રાત્રે પડિક્કમણું કરીને ઘેર ગયા પછી ધર્મદેશના કરતા જણાવે કે અનાદિકાળથી જેનો પાર આવ્યો ન્હોતો અને અનંતાકાળે પણ જેનો પાર આવી શકે એવો નથી એવો આ સંસારરૂપી સમુદ્ર છે, અને તે સંસારરૂપી સમુદ્રમાં ઊંચા આવવું અને નીચા જવું એમ કરતા કરતા અનંતા પુદ્ગલપરાવર્તો આપણે મહાદુઃખમાં કાઢેલા છે, એવી રીતે સંસારસમુદ્રમાં રખડપટ્ટી કરતા કરતા મનુષ્ય-

---

સંસારસમુદ્રથી તારનાર શ્રીમાન જિનેશ્વર ભગવાને નિરૂપણ કરેલ ધર્મ છે.

જન્મ ઘણોજ દુર્લભ હતો અને તે મહાદુઃખે પ્રાપ્ત થયો છે જેમ જન્મથી દરિદ્ર એવા મનુષ્યને રત્નાદિકે કરીને ભરેલું એવું નિધાન પ્રાપ્ત થવું તે અસંભવિત નહિં તો પણ દુઃસંભવિત તો જરૂર છે, તેવી રીતે સંસારસમુદ્રમાં રખડપટ્ટી કરનારા જીવને આ મનુષ્યપણાની પ્રાપ્તિ થવી તે સર્વથા અસંભવિત નથી તો પણ દુઃસંભવિત તો જરૂર છે. માટે આ નિધાન જેવા મનુષ્યજન્મને પામીને તેને સફળ કરવા સર્વથા તત્પર થવું તે જ ભવભીરૂ અને આત્માર્થીઓનું કર્તવ્ય છે

આવી રીતની બીજી બીજી પણ દેશના શ્રાવકે પોતાના કુટુંબને દેવી જોઈએ એમ શાસ્ત્રકારો ચોખ્ખા શબ્દોમા ફરમાવે છે આજકાલ જયંતી, ભાષણ અને લેકચરના નામે જેઓ ધર્મ અને શાસનની વિરુદ્ધ બખાલા કાઢીને પોતાના જન્મને કલંકિત કરે છે તેઓ ઉપર જણાવેલા શાસ્ત્રકારના માર્ગને અનુસરશે તો પોતાની અને પોતાના કુટુંબની ધાર્મિક ઉન્નતિ સાધવામાં જરૂર સફળ થશે

ધર્મની પ્રરૂપણા અંગે ગ્હાય જેટલી અપ્રીતિ થાય તો પણ સત્ય પ્રરૂપણા જ થાય, પછી તે કટુ અગર મધુ હોય

કર્મની નિર્જરા, કર્મનો ક્ષય એ જ મુદ્દાએ ધર્મપ્રવૃત્તિમાં આગળ વધો.

શાસ્ત્રોનું વિદ્યમાનપણું હોવાથી અમે સનાથ છીએ.

તીર્થંકર, કેવલી. ગણધર અને વિશિષ્ટ જ્ઞાનીના વિરહ-કાળમા વીરવચન આલંબનભૂત છે.

શાસનસેવા અને સ્વસેવા

જૈનજનતામાં એક વાત તો અત્યંત પ્રસિદ્ધ જ છે કે દરેક જીવ પોતાને અંગે શરીર આહાર ઇંદ્રિયો તેના વિષયો અને તેને અનુકૂળ સાધનો મેળવવા માટે જે જે પ્રયત્ન કરે છે તે સર્વ સ્વસેવાને નામે એટલે સ્વાર્થવૃત્તિ તરીકે ઓળખાય છે, પરંતુ આ ગણાતી સ્વસેવા માત્ર લૌકિકમાર્ગમાં પણ પાશવીયવૃત્તિની મુખ્યતાવાળાને હોય છે, પરંતુ જેઓ શારીરિક જીવન રૂપી પાશવીયવૃત્તિ કરતાં આગળ વધીને આહંપુરુષિકા વૃત્તિને ધારણ કરનારા હોય છે તે જીવોનું નિર્વિવેકી જીવન છતાં તે આહાર કે શરીરાદિ તરફ ઢળેલું હોતું નથી, પરંતુ તેઓનું જીવન તો કેવળ યશકીર્તિ ખાટવા તરફ જ હોય છે, અને તે યશકીર્તિને માટે કુટુમ્બ અને ધનનો ભોગ આપવા સાથે યાવત્ આત્માનો પણ ભોગ આપે છે જો કે તે લૌકિકદૃષ્ટિની અપેક્ષાએ થયેલી યશઃકીર્તિ વિશ્વમાં વ્યાપેલી અને દિગન્ત સુધી પ્રસરેલી હોય છે અને તે યશઃકીર્તિના ગાયનો તે કાળના ભાટ ચારણ અને કવિઓ તથા કાળાંતરે થવાવાળા ભાટ ચારણ અને કવિઓ ગાય છે ગવડાવે છે અને તે કીર્તિગાન દ્વારાએ પોતાને કૃતાર્થ મનાવવા સાથે ઇષ્ટ-પુરુષાર્થની સિદ્ધિ થઈ ગણે છે તેની યશકીર્તિને અંગે જ દુનિયામાં કહેવત પ્રચલિત થઈ છે કે 'કાં તો નામ ભીંતડે કાં તો નામ ગીતડે' પરંતુ આવી રીતની જીવનનિર્વાહને અંગે થયેલી સાધ્યસિદ્ધિ કે યશઃકીર્તિ અને તેના ફેલાવો કે [illegible] છે તેની કિંમત આત્માના સ્વરૂપથી [illegible] પુદ્ગલોના ઢગમાં જ અગર કરે છે, પરંતુ આત્માના સ્વરૂપ [illegible]

૧. [illegible]

કે તેના ભવિષ્યના ઉદય તરફ જેની નજર એક અંશે પણ હોય તેવો મહાપુરુષ કે જેને યથાસ્થિત રીતિએ મહાત્મા કહી શકાય તેને એની મુદ્દલ અસર જ હોતી નથી. યાદ રાખવું કે જગતમાં મહાત્મા નામ ધારવાવાળા પણ ઘણા નીકળે છે અને નીકળશે, પરંતુ જેની દષ્ટિ એક અંશે પણ આત્માના સ્વરૂપ તરફ વળેલી ન હોય, જેની દષ્ટિ યથાસ્થિતધર્મને ઓળખવા માટે એક ક્ષણ પણ તૈયાર થતી ન હોય, જેની દષ્ટિ હિન્દુપણાની સંસ્કૃતિને હચમચાવવા માટે જ તૈયાર થયેલી હોય, જેવી રીતે જીવન અને કસ્ચલ મોતીને એકઠા કરવામાં આવે, સાચા હીરા કે ઈમીટેશનને ભેળસેળ કરવામા આવે, પાણી અને પેશાબને મિશ્ર કરવામા આવે, ખોરાક અને વિષ્ઠાને ભેળસેળ કરવામા આવે એવી રીતે જેની દષ્ટિ હિન્દુધર્મ અને હિન્દુત્વનો નાશ કરવાની ભેળસેળ યોજનામા જ રાતદિવસ મચી રહે, જેની દષ્ટિ ગોજાતિને ઝેર દેવામા પણ દયાના નામને ધારણ કરવા માગે, જેની દષ્ટિ વૃક્ષના નુકશાનને નામે વાનરાઓને ગોળીથી ઠાર કરવા માગે, જેની દષ્ટિ શીલના અલંકારને મળગાવી દેવા સ્રીપુરુષોને રાત્રિએ નિષ્કંટક એકઠી મદદ કરાવવા દોરાય, જેની દષ્ટિ ડગલે પગલે નિષ્ફળ અને નુકશાનકારક હિલચાલો ઊભી કરી દુનિયાને પાયમાલીને રસ્તે દોરવવા સાથે હિંદુત્વનુ હાડ હચમચાવી નાખે, જેની દષ્ટિ આત્મધર્મ–રાજધર્મ–વર્ણધર્મ–અને કુળધર્મના સર્વથા નાશને માટે જ તૈયાર રહે એમ હોય છે તેને કોઈ હિન્દુ તો મહાત્મા ન જ માને પરન્તુ વાસ્તવિક મહાત્મા પદને ધારણ કરનારા તેઓ જ હોય છે કે જેઓ નથી તો શરીરાદિ જડજીવનના નિર્વાહના સાધનોમા સતત સંડોવાયેલા કે નથી તો કીર્તિના

શાસનની ઉત્પત્તિ, વૃદ્ધિ, અને આબાદી સાધુઓથી જ થાય છે તે વગર તીર્થ પણ સ્થપાતુ નથી.

કોટડે હટાવવા માગતા અને નથી તો આત્માને અધોગતિએ લઈ જનાર કોઈપણ જાતના કર્મકર્દમમાં કચડાતા. ખરેખર મહાત્માઓ તો તેઓ જ હોય છે કે જેઓ ભૂત અને ભવિષ્યના જીવનની મુખ્ય દરકાર રાખીને આ ભવના જીવનમાં તેવી સ્થિતિએ વર્તે કે જેથી પોતાનુ ભવિષ્યના ભવનું જીવન ઉત્સવરૂપ જ હોય, એટલુંજ નહિ, પરન્તુ જગતના જીવોને પણ જન્મ જરા મરણ રોગ શોક આધિ વ્યાધિ અને ઉપાધિના વિષમ મોજાંઓમાં મગ્ન થયેલા જોઈને તેઓનો ઉદ્ધાર કરવા માટે આત્માના પરમઉદયને કરનાર એવાં જીવાદિ મત્ય તત્ત્વોને અને દેવાદિ સુંદર રત્નત્રયીને ઓળખાવવા સાથે જડ અને ચેતનનું ભાન કરાવી ભવ અને મોક્ષનાં સાધનોને શુદ્ધ રીતિએ ઓળખાવી નિર્મમત્વભાવપૂર્વકના આત્માનો ઉદય કરે તેવા માર્ગમાં પ્રયાણ જેઓ ઉદ્ધાર કરી રહ્યા હોય તેઓ જ યથાર્થસ્થિતિએ મહાત્માપદને લાયક ગણાય એ સિવાય કોઈ મહાતમપદ તે અન્ય માટે કહે તો તે ખોટું ગણાય નહિ, કેમકે આત્માને કર્મબંધનના કારણો જેવું એક પણ તમ એટલે અંધકારનું સ્થાન નથી. અને જેઓ અત્યંત અજ્ઞાન અંધકારમાં ગોથાં ખાઈ રહેલા હોય તેવાઓ મહા તમ કહેવાય અને તેઓની દષ્ટિ પણ મહા તમવાળી ગણાય તેમાં આશ્ચર્ય નથી, પરંતુ મહત્ એટલે પ્રશસ્ય અત્યંત ઊંચો એવો આત્મા જેનો થયેલો હોય તે જ ખરેખર મહાત્મા કહેવાય અને જેનો આત્મા ખરેખર ઉંચ દશામાં આવલો હોય તે કોઈ દિવસ મિથ્યાત્વ અજ્ઞાન કે અવિરતિ તરફ તો ધસેલો હોય જ નહિ, તો પછી આત્મધર્મ, વર્ણધર્મ, કુળધર્મ અને રાજ્યધર્મને લોપનારો તો

સાધુઓને મોક્ષ સિવાયની સાધ્યતા રાખવાનો સર્વથા નિષેધ કરેલો છે

હોય જ ક્યાંથી ? પરંતુ વાચકવૃંદે યાદ રાખવું કે વાસ્તવિક-રીતિએ મળેલું મહાત્માપણું જે આત્માની ઉત્તમતાને આભારી હોવા સાથે સાચી માન્યતા, સાચુ જ્ઞાન અને શુદ્ધ વર્ત્તનની સીડીએ ચઢવાવાળું અને ઉત્તરોત્તર વધવાની ઉમેદવારીવાળું હોય છે, છતાં જગતમાં ફક્ત સદાનંદમય એવું જે મોક્ષપદ અને તેમાં રહેવાવાળા જીવો સિવાય જગતના સર્વપદો અને સર્વજીવોને માટે કાળની કરવાલ કરોડો ફટકાઓ મારે છે, અને તે કાળની કરવાલના ફટકામાંથી બીજો કોઈપણ ઊગરવા પામતો નથી. તેવી રીતે આ મહાત્માનું પદ પણ કાળની કરવાલના ફટકામાંથી ઊતરી ગયેલુ હોવું સંભવિત નથી યાદ રાખવુ કે જીવને પહેલવહેલું મળેલું મહાત્માપણું જે અનાશ્રિત એવું મોક્ષપદ તે પામવા સુધી અખંડ રહે એ સંભવિત જ નથી આગમવચનોને વિચારનારા વિચક્ષણ વિદ્વાનોના વિચારની બહાર એ વાત છે જ નહિ કે મહાત્માપણું અનંતી વખત દ્રવ્યથકી આવ્યા સિવાય ભાવથકી મહાત્માપણું આવતું જ નથી અને તેમા પણ ભાવથકી આવેલું મહાત્માપણુ કાળકરવાલના ફટકામા ન ફસાયુ હોય તેવું બનતું જ નથી અને તેથીજ કોઈ પણ જૈનશાસ્ત્રકાર અનાદિ મિથ્યાદૃષ્ટિને પહેલવહેલું ક્ષાયિકસમ્યક્ત્વ હોય એમ માનવાની સાફ ના પાડે છે અને ક્ષાયોપશમિક ભાવ પ્રાપ્ત થયા સિવાય ક્ષાયિકચારિત્ર કે સમ્યક્ત્વનો ભાવ આવી જાય એમ માનવાની પણ ના જ પાડે છે

ઉપર જણાવેલી બધી હકીકત વિચારતા માલમ પડશે કે શાસનસેવાની ધગશ અગર મહાત્માપણું કદાચ મળી જાય તો

મોક્ષનો ઉપદેશ ચૂકીને લૌકિક ઉપદેશ કરનારને પ્રભુ-શાસનમા સાચુ સાધુપણુ હોતું જ નથી

દેવદુષ્યવસ્ત્રનો રંગ અને તેનું સ્થાન

જૈનજનતા સારી રીતે જાણે છે કે ભગવાન્ જિનેશ્વરમહારાજાઓ જ્યારે ધનમાલ, કુટુંબકબીલાઓ અને રાજ્યઋદ્ધિ છોડીને દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે ઇંદ્રમહારાજા દરેક જિનેશ્વર મહારાજાઓને ખભે દેવદુષ્ય સ્થાપન કરે છે. પરંતુ તે દેવદુષ્ય એક લાખ સોનૈયાની કિંમતવાળું છતાં પણ વિવિધવર્ણવાળું હતું કે એકવર્ણવાળું હતું, અને જો એકરંગવાળું હતું તો પણ પાંચ રંગોમાં કયા રંગવાળું હતું એ હકીકત ઘણા ઓછા જ જૈનોની જાણમાં હોય છે સ્વાભાવિક રીતિએ એ દેવદુષ્યની કિંમત સાંભળીને કેટલાક ભદ્રિકજૈનો રત્નથી ભરેલું અને વિવિધવર્ણવાળું માનવા લલચાય એ અસ્વાભાવિક નથી પરન્તુ નથી તો તે દેવદુષ્ય હીરામોતી કે રત્નથી અલંકૃત હોતું, અને નથી તો તે અનેક પ્રકારના ચિત્રામણોથી ચિત્રિત હોતું, કિન્તુ ભગવાન્ મહાવીર મહારાજે દીક્ષા ગ્રહણ કરી તે વખતે ઇંદ્રમહારાજે જે દેવદુષ્ય તેઓશ્રીને ખભે સ્થાપન કરેલું છે તે શ્વેતવર્ણવાળું હતું. કારણ કે આચાર્યમહારાજ શ્રી સિદ્ધસેનસૂરિજી તત્ત્વાર્થવૃત્તિમાં 'अमरेःपहितमित-दुकूल-' વગેરે શબ્દોથી સ્પષ્ટપણે જણાવે છે અને તેથી એ સમજવું સહેલું પડે છે કે ભગવાન્ મહાવીર મહાવીર મહારાજે ધારણ કરેલું દેવદુષ્ય સફેદ રંગવાળું હતું સંભવ છે કે અજીતનાથમહારાજ આદિ બાવીસ તીર્થંકરોના દેવદુષ્યનો રંગ કદાચ અનેકપ્રકારનો પણ હોય. પરન્તુ ભગવાન્ મહાવીર મહારાજના દેવદુષ્યનો રંગ તો સફેદ હતો એ ચોક્કસ જ છે અને આ અપેક્ષાએ જેમ બાવીસ તીર્થંકરના સાધુઓ પંચરંગી

ભાવદીક્ષાના અર્થીઓને પણ દ્રવ્યદીક્ષા તો ગ્રહણ કરવાની ખાસ આવશ્યકતા જ છે

વસ્ત્ર ધારણ કરતા હોવાથી કેવળ સફેદ વસ્ત્રને ધારણ કરવાવાળા મહાવીર મહારાજના સાધુઓ શ્વેતામ્બર તરીકે ઓળખાયા, તેવી રીતે ભગવાન્ મહાવીર મહારાજને માટે પણ શ્વેત વસ્ત્રથી શ્વેતાબરપણું કહેવામા આવે તો તેમા કઈ આશ્ચર્ય નથી.

યાદ રાખવું કે દિગમ્બર સમાજનો મૂલ પુરુષ શ્વેતામ્બર-માથી નીકળેલો હતો, અને વસ્ત્રવાળી સસ્થામાથી તે ભિન્ન પડેલો હોઈને લોકોએ જ્યારે તેને વસ્ત્ર સંબંધી પ્રશ્ન કર્યો ત્યારે તે દિગમ્બરના આદ્ય પુરૂષે "અમારે તો દિશારૂપી વસ્ત્રો" એમ ઉત્તર આપ્યો. અને તેથી તેઓ જગત્મા દિગમ્બર તરીકે જ જાહેર થયા. દિગમ્બરોના કહેવા મુજબ જો શ્વેતામ્બરો દિગમ્બરમાંથી નીકળ્યા હોત તો તેઓને માટે સવસ્ત્ર કે સામ્બર જેવા શબ્દો હોત, પરતુ શ્વેતામ્બર શબ્દ હોત નહિ અને વર્ગથી તો ફક્ત શ્વેતામ્બરપણાનું ખરું કારણ તો ઉપર જણાવ્યા પ્રમાણે પાચ રંગને ધારણ કરવાવાળા મુનિવર્ગથી ફક્ત શ્વેતવર્ણ ધારણ કરવાવાળો મુનિવર્ગ થયો એ જ છે દેવદુષ્યના વર્ણને અગે જેમ શ્વેતપણું છે, તેમ દેવદુષ્યના સ્થાનને અગે કેટલાકો ઉત્તરાસગ જેવુ વૈકક્ષ શબ્દ સાભળીને તેનું ધારણ કરવુ મનાય, પરન્તુ 'सुरदूमं ठवइ सव्वजिणखंधे' એ વગેરે વાક્યોથી ભગવાન્ જિનેશ્વર મહારાજના ખભા ઉપર તે ધારણ કરાતું હોય તે માનવું ઉચિત છે ભગવાન્ મહાવીર મહારાજના વર્ણનને અગે અર્ધું દેવદુષ્ય આપવું અને પછી કાટાના લાગીને અર્ધાનુ પડી જવું એ હકીકત જે પ્રસિદ્ધ છે તે પણ તે ઉત્તરાસંગનો આકાર સૂચવે તેના કરતાં ખભા ઉપર સ્થાપવાનુ વધારે સૂચન કરે છે

જે પરિણામથી સાધુપણુ લેવામા આવે છે, તે પરિણામને હમેશા નિભાવી રાખવા જરૂરી છે

પર્યુષણાપર્વ અને અમારીપડહો

લૌકિકરીતિએ જેમ દીવાળીને અંગે લેણાદેણાનો હિસાબ ચોક્કસ કરવામા આવે છે અને દીવાળી પછી નવું નામું શરૂ કરી વ્યવહાર કરવામા આવે છે, તેવી રીતે આત્માના ગુણો અને દોષોના હિસાબને માટે જૈનશાસ્ત્રકારોએ પર્યુષણનો તહેવાર અને તેમા પણ મુખ્યતાએ એક સંવચ્છરીનો દિવસ જણાવ્યો છે. છતાં જેમ જગત્‌મા લગ્નનો એક જ દિવસ છતા તે લગનના દિવસને ધ્યાનમાં રાખી પહેલેથી મહોચ્છવ વિગેરે કરવામાં આવે છે તેવી રીતે જૈનશાસનમા પણ આ તથા અન્ય ચતુર્માસીપર્વોને અંગે પણ તેના છેલ્લા દિવસને લક્ષ્યમા રાખી અઠ્ઠાઈમહોચ્છવ અગર અઠ્ઠાઈનું પર્વ ગણવામા આવે છે. વળી પ્રતિષ્ઠા અને પદવી વિગેરેનાં મુહૂર્તો પણ એક જ દિવસના મુખ્યતાએ હોય છે, છતાં તે એક જ દિવસને ઉદ્દેશીને અઠ્ઠાઈમહોત્સવો કરવામા આવે છે, તેવી રીતે શ્રીપર્યુષણાપર્વને અંગે પણ પર્યુષણા એટલે સંવચ્છરીનું પર્વ જો કે એકદિવસનું છે પરંતુ તેને ઉદ્દેશીને તે દિવસ છેલ્લો રહે તેવી રીતે આઠ દિવસોની અઠ્ઠાઈ ગણવામાં આવે છે જો કે તે અઠ્ઠાઈના આઠે દિવસો પવિત્ર અને પર્વ તરીકે છે અને બાકીની ચોમાસી આદિ અઠ્ઠાઈના દિવસો પણ પવિત્ર અને પર્વ તરીકે છે, છતાં મુખ્ય પર્વ સંવચ્છરી તથા ચોમાસી વિગેરેનું હોવાથી તેને અનુલક્ષીને પર્વ તરીકે ગણાયેલા બીજા સાત આઠ દિવસોમાં તિથિની વૃદ્ધિ હાનિ થાય છે તો તેને અંગે પૂર્વ કે પૂર્વતર તિથિની વૃદ્ધિ હાનિમાં જવું પડતું નથી, પરન્તુ તે સંવચ્છરી આદિના અન્ત્ય દિવસને

આત્મકલ્યાણ કરનારને, તેનાં આત્મકલ્યાણનાં સાધનો તરફ યથાસ્થિત, પ્રતીતિપૂર્વક પ્રીતિ તે સમ્યક્ત્વ પરિણામ.

ઉદ્દેશીને જે આવે તે આઠ કે સાત તિથિઓ અઠ્ઠાઈ તરીકે લેવામાં આવે છે.

આ સંવચ્છરી અને ચોમાસા આદિ અઠ્ઠાઈઓનો મહિમા એકલા મનુષ્યો જ કરે છે એમ નહિં, પરંતુ ચારે નિકાયના દેવતાઓ પણ શ્રીનંદીશ્વરદ્વીપમા ત્રણે ચોમાસી અને સંવચ્છરીની અઠ્ઠાઈઓને આરાધે છે એમ શ્રીજીવાભિગમસૂત્રમા જણાવવા સાથે અને શ્રીસ્થાનાગસૂત્રમા ખુલ્લા શબ્દોથી સૂચવવામા આવ્યું છે.

જો કે શ્રમણભગવંતોને પોતાના સાધુપણાના પર્યાયના વર્ષમાં સંવચ્છરીના દિવસને છેલ્લો દિવસ ગણવાનો હોય છે અને સંવચ્છરીના બીજા જ દિવસથી નવું વર્ષ ગણવાનું હોય છે, તથા ક્લેશકંકાસ આદિના પ્રાયશ્ચિત્તોને અંગે પણ સંવત્સરીનો દિવસ એ આખરી પ્રાયશ્ચિત્ત નિર્ણયનો દિવસ હોય છે અને તેથી જ સૂત્રકારો સંવચ્છરીને દિવસે પણ થયેલા ક્લેશકંકાસ આદિને તે દિવસે નહિં ખમાવવાવાળો હોય તેને તે એક જ દિવસને અંગે મૂલનામનુ પ્રાયશ્ચિત્ત ફરમાવે છે. આ વસ્તુ વિચારનારાઓને સ્પષ્ટ માલમ પડશે કે સાધુના પર્યાય અને સાધુનાં પ્રાયશ્ચિત્ત એ બન્નેને નિયમિત કરવાનો દિવસ પર્યુષણ એટલે સંવચ્છરીનો જ છે અને એ ઉપરથી લૌકિક લેવાદેવાને માટે જેમ દીવાળી આખરી તિથિ જણાવી તેવી જ રીતે શ્રીચતુર્વિધ સંઘને માટે પર્યુષણ એટલે સંવચ્છરીનો દિવસ પણ આરાધના અને વિરાધનાના હિસાબ માટેનો પણ આખરી દિવસ મનાય તેમાં આશ્ચર્ય નથી

ચૌદ રાજલોકમાં સર્વકાળ માટે અભયદાન દેનારી તો દીક્ષા જ છે

શ્રમણ ભગવંતો અને શ્રાવક મહાશ્રાવકોને અંગે આરાધના વિરાધનાને અંગે જણાવેલો હિસાબ સરખો છતાં આરાધનાની વિધિમાં બન્ને વર્ગને ફરક રહે છે. એટલે શ્રમણ ભગવતો સંવચ્છરી સહિત તેનો પહેલાંના પાચ દિવસ કલ્પકથન કરી દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી ચોમાસાની મર્યાદાને અવશ્ય સ્થાપન કરી પર્યુષણાકલ્પનું આરાધન કરે છે, ત્યારે શ્રાવક અગર મહાશ્રાવકોનું કર્ત્તવ્ય તે પર્યુષણની અને બીજી પણ અઠ્ઠાઈઓના તહેવારોમાં અમારીપડહો વિગેરે વજડાવી પાંચ કૃત્યો વિગેરેથી અઠ્ઠાઈના પર્વની અને વિશેષે કરીને પર્યુષણાપર્વ સંબધી અઠ્ઠાઈની આરાધના કરવામા આવે છે.

સર્વજીવોના અમારીપડહાને અંગે વર્ત્તમાનકાળમા શ્રીહીરસૂરિજી મહારાજનું માહાત્મ્ય પ્રસિદ્ધ છે અને તેવી જ રીતે અમારીપડહો શ્રમણ ભગવંત મહાવીરમહારાજની વખતે શ્રેણિકમહારાજની રાજધાની શ્રીરાજગૃહીમાં વગડાવવામા આવ્યો હતો એમ શ્રીઉપાસકદશાંગસૂત્રના મહાશતકઅધ્યયનને જાણનારાઓની જાણ બહાર નથી. અર્થાત વર્ત્તમાનકાળમાં જે ભયંકર ભીખમપંથીઓ અમારીપડહામાં પણ પાપ મનાવવા તૈયાર થયા છે તેઓ ભગવંત મહાવીરમહારાજા વિગેરેની કેટલી બધી તીવ્ર આશાતના કરનારા થાય છે અને તેને લીધે કેટલા બધા ભવભ્રમણમાં તેઓ ફસાઈ જાય છે એ વાત શ્રદ્ધાળુને સ્પષ્ટપણે માલમ પડશે.

કેટલાક ભદ્રિકજીવો આજ્ઞા અને લાજ શરમથી અમારી

ગુણો પ્રાપ્ત થયા પછી જ ગુણી પ્રત્યે બહુમાન પ્રેમ અને સાચી સેવા સંપાદન થાય છે, માટે ગુણના ગ્રાહક બનો.

પડહો જે વગડાવાય તેને તો ઇષ્ટ ગણે છે, પરન્તુ જે કંઈ ધન ખર્ચવા આદિ દ્વારાએ અમારીપડહો વગડાવાય તે અમારીપડહાને ઉત્તમ ગણતા નથી, પરન્તુ તેઓએ શ્રીપંચાશક-સૂત્રના પ્રતિષ્ઠાના અધિકારને જોઈને વિચારી લેવો જોઈએ. કેમકે ત્યા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે શ્રીઆચાર્ય-ભગવંતની દેશના કે શ્રીશ્રાવકસંઘની વિનંતિથી અમારીપડહાનુ કાર્ય ન થાય તો રાજામહારાજાને ભેટ વિગેરે આપીને પણ અમારીપડહાનું કાર્ય કરવું જોઈએ. એમ કહી દ્રવ્ય ખર્ચવા આદિ દ્વારાએ પણ પર્વ અને તહેવારોમાં અમારીપડહો વજડાવવાની જરૂરિયાત જણાવી છે, વળી કેટલાક ભદ્રિકો બકરા વિગેરે જાનવરોના માલિકને અપાતી રકમની અપેક્ષાએ હિંસાનો વધારે પ્રચાર થશે એવી વાતો કરી અમારીના કાર્યને રોકવા જાય છે તેઓએ પણ સમજવાની જરૂર છે કે અમારી કરનારો મનુષ્ય થનારા આરંભને માટે ઘૃણાવાળો જ હોય છે, છતાં પર્વને દિવસે તેવી હિંસકોએ ભવિષ્યમાં કરાતી હિંસાને નામે રોકી દેવી તે કોઈપણ પ્રકારે ઇષ્ટ ગણાય નહિ, જો એમ ન હોય તો તિથિને અંગે બ્રહ્મચર્ય આદિ વ્રત પાળનારો આગળ પાછળની તિથિમાં આસક્તિવાળો થશે એમ ગણી શાસ્ત્રકારોએ કહેલા તિથિસંબંધી બ્રહ્મચર્ય આદિ નિયમો પણ શું ઉડાડી મૂકવા? અથવા સંવચ્છરી ચોમાસી પક્ખી આદિ તિથિઓની તપસ્યામાં કરાતા અશનાદિક ચારે પ્રકારના આહારના ત્યાગને અંગે તે પર્વના પહેલા અને પછીના દિવસે થતા અંતર-વાયણા અને પારણાના સરસ આહારાદિને નામે શું પર્વતિથિની તપસ્યાને ઉડાડી દેવાય? અર્થાત્ કહેવું જોઈએ કે જેમ તિથિની

ગુણિજનો પ્રત્યે બહુમાન અને આદરભાવ વિના આત્મભાવની સન્મુખ જવું એ પણ બહુ બહુ મુશ્કેલ છે.

આરાધના ઉપર તત્ત્વ રાખી બ્રહ્મચર્યાદિ અને ઉપવાસાદિ કરવામાં આવે છે અને તે તિથિની પૂર્વોત્તરદિવસોમાં થતી ક્રિયાનુ લક્ષ્ય નથી લેવાતુ તેવી જ રીતે પર્યુષણ વિગેરે તહેવારોમા અમારીપડહો વગડાવતા સુજ્ઞ મનુષ્યોએ અમારીપડહાથી થતી જીવદયા ઉપર જ પૂર્ણપણે લક્ષ્ય આપવાની જરૂર છે, પરંતુ ભયંકર ભીખમપંથીયોના પ્રવાહમાં તણાઈ જઈ અમારીપડહાના આરાધનવાળા ન થવું તે આસ્તિકને કોઈપણ પ્રકારે પાલવે નહિ.

હિતશિક્ષાને શ્રવણ કરતાં આત્મા કલુષિત થાય તો સમજવું કે ભાગ્યદશામાં લોપાણું જ છે.

આત્માને ઓળખ્યો તેણે સારાએ જગતને સારાસારપણે ઓળખેલ જ છે.

આરાધવાલાયક સર્વ સ્થાનો સિદ્ધચક્રમાં છે.

નવપદ નવ દિવસ માટે નથી, પણ નિરંતર સંસ્કાર બન્યો રહેવો જોઈએ તે માટે છે

બે ઘડી માટે કરેલા અભિમાનથી પણ પરમ દુર્લભ માનવજીવન હારી જવાય છે.

અખંડ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ માટે સહાયભૂત એવી પ્રવૃત્તિ–તપ તે ધર્મ છે

ધર્મરત્નને લાયક બનો

પુણ્યાઈનાં પગથિયાં

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મરત્ન પ્રકરણને કરતાં થતા ધર્મરત્નને લાયક કેવી રીતે બની શકાય તે જણાવે છે. ધર્મરત્નને યોગ્ય જીવોએ મેળવવા જોઈતા શ્રાવકના ૨૧ ગુણ ને તેનું સ્વરૂપ, દ્રષ્ટાંત વિગેરે સાંભળવાથી જીવને શ્રવણભૂમિકા અને જ્ઞાનભૂમિકા સહેજે પ્રાપ્ત થાય. આપણે પૂર્વ અવસ્થા યાદ કરીએ તો એકેન્દ્રિયપણામાં અનંતો કાળ રખડયા ત્યા જિહ્વા ઘ્રાણ ચક્ષુ ન હતી તો શ્રોત્ર કયાંથી હોય? દ્રવ્ય ઇન્દ્રિય ભલે ન હોય પણ ક્ષયોપશમરૂપ ભાવ ઇન્દ્રિય એકેન્દ્રિયને પણ હોઈ શકે છે તેથી ક્ષયોપશમની અપેક્ષાએ બકુલવૃક્ષ એકેન્દ્રિય છતા પાચે ઇન્દ્રિયવાળો માન્યો છે. પણ દ્રવ્યથી પાંચ ઇન્દ્રિય ન હોય ત્યાંસુધી તેને પચેન્દ્રિય કહેવાય નહિ. પાંચે ઇન્દ્રિયો નામકર્મથી પ્રાપ્ત થાય ત્યારે પંચેન્દ્રિય કહેવાય તે કેટલા પુન્યથી મળે છે તે લગીર વિચારી લો. અનંતા એકેન્દ્રિય એકઠા થાય તો પણ રસ જાણવાની તાકાત હોતી નથી નિગોદીયા જીવો એકેન્દ્રિય છે, સ્પર્શન ઇન્દ્રિયવાળા છે અનંતાનો તે ક્ષયોપશમ એકઠો મળ્યો તો પણ રસ જાણી શકયા નહિ ઝાડ વિગેરેને કડવું, ખાટું, ખારું પાણી સીંચો તે લઈ લે છે. જીહ્વાનો રસ કડવા તરફ ન જતાં મીઠા તરફ જાય છે સાકરનું પાણી ઢોળાયુ તો કીડીનો ઢગલો કડવું

અરિહંત તત્ત્વને આરાધનારા જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ પરમેષ્ઠિપદે સુશોભિત છે.

તમાકુનું પાણી ઢોળાયું તો કીડીઓ હોય તો એ ભાગી જાય. અનંતા એકેન્દ્રિય અને અસંખ્યાત એકેન્દ્રિયનો ક્ષયોપશમ એકઠો થાય તો પણ રસ જાણવાની તાકાત તે જીવોમાં નથી. તેમ અસંખ્યાત રસનાવાળા જીવો કરતાં પુણ્યાઈ વધે ત્યારે જીવ ઘ્રાણઈન્દ્રિયવાળો બને છે. અસંખ્યાત ઘ્રાણવાળા જીવો કરતાં પુણ્યાઈ વધે ત્યારે ચક્ષુઇન્દ્રિયવાળો જીવ થાય. એ ચક્ષુવાળો થયો છતાં પોતાની જાતવાળા અસંખ્યાત જીવો એકઠા થાય તો શબ્દ સાંભળવાની તાકાત મળતી નથી. અસંખ્યાતા ચઉરિન્દ્રિયની પુણ્યાઈ કરતાં પુણ્યાઈ વધે ત્યારે શ્રોત્રઇન્દ્રિયની પ્રાપ્તિ થાય, તે છતાં મનની તાકાત નથી ચિંતવન સ્મરણ-શક્તિ દેનારી મન સંજ્ઞા એ પણ જેને ન હોય તેવાઓ અસંખ્યાત એકઠા થાય તેના કરતાં પુણ્યાઈ વધે ત્યારે સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. અસંખ્યાતા તિર્યંચો કરતાં પુણ્યાઈ વધે ત્યારે મનુષ્યપણામાં આવીએ. અત્યારે આપણે કેટલી પુણ્યાઈવાળા છીએ તે વિચારી લેજો.

આત્મધ્યેયવાળો સંજ્ઞી

એ મનુષ્યપણામાં આવ્યા છતાં શાસ્ત્રકાર વિચારશૂન્ય કહે છે. વિચારશૂન્યપણું આપેક્ષિક રહે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જેટલા છે તે મનુષ્ય, દેવતા, નારકી, તિર્યંચ હોય તે બધા વિચારવાળા છે, છતાં શાસ્ત્રકારો વિચારશૂન્ય કહે છે. દેવતા, નારકી, તિર્યંચને અને મનુષ્યને અમે વિચારશૂન્ય કહીએ છીએ. જેમ મન મળ્યું ન હતું તેવા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય તે વિષયોને અંગે વિચારવાળા હતા છતા અપેક્ષાએ વિચાર વગરના ગણ્યા નહીંતર કીડી દોડતી ત્યા

ગુરુપણાના ગુણ અને સર્વવિરતિનો સુશોભિત વેશ બન્ને હોય તે જ ગુરુપદને શોભાવે છે.

વિકલેંદ્રિયને અસંજ્ઞી કહ્યા છે. વિષયોને અંગે વિચારવાળા છતાં કર્મસિદ્ધાંતની અપેક્ષાએ અસંજ્ઞી ગણાયા તેમ શિક્ષાદિકના વિચારવાળા છતાં આત્માના વિચારવાળા ન હોય તો તેને વિચારશૂન્યમાં ગણે છે એટલે અસંજ્ઞી. તે માટે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા આત્મતત્ત્વને ગવેષવાવાળી સંજ્ઞા છે. તે સંજ્ઞાએ કરી ધર્મસિદ્ધાંતની અપેક્ષાએ આત્માના ધ્યેયની સંજ્ઞા હોવી જોઈએ જેઓ સંજ્ઞા વગરના છે તે ભલે વિષયોની સંજ્ઞાવાળા હોય, શિક્ષા ઉપદેશને આલાપની સંજ્ઞાવાળા હોય છતાં ધર્મસિદ્ધાંત તેને સંજ્ઞી માનવા તૈયાર નથી. ધર્મસિદ્ધાંત કોને સંજ્ઞી માને છે? સંખ્યાતા ગર્ભજ મનુષ્યો સંજ્ઞી પંચેંદ્રિય અસંખ્યાત દેવતા તિર્યંચ નારકીને સંજ્ઞી માનવા તૈયાર નથી. તેમાંથી જેટલા આત્માના ધ્યેયવાળા છે તેટલાને વિચારવાળા માનવા તૈયાર છે.

જડજીવન અને જીવજીવનના ફરક સમજો

આટલા મનુષ્યો દેવતા તિર્યંચ અને નારકીઓ બધા શિક્ષા ઉપદેશ ને ભાષાને જાણવાવાળા પ્રવર્તાવવાને પ્રવર્તવાવાળા પાંચે ઇન્દ્રિયોના વિષયોને અંગે વિચાર કરનાર છતાં શાસ્ત્રકાર અસંજ્ઞી કહે છે મડદામાં ને જીવતાના અંગોપાંગના શરીરમાં ફરક હોતો નથી. મડદાને હાથ પગ કાન માથું શું નથી? બધું છે. સર્વ અંગોપાંગ છતાં પણ તે જ અંગોપાંગ અને તે જ શરીર દહનક્રિયાને લાયકનુ ગણવામાં આવે છે. જે શરીર કિંમતી ગણવામાં આવતુ હતું તે જ અંગોપાંગ ને શરીર દહનક્રિયાને લાયક ગણ્યું? કારણ જીવન ચાલ્યું ગયુ જડ જીવન ચાલ્યું જાય તો જડ શરીર બાળી નાખવા લાયક તો જ્યાથી

નિશ્ચિત મરણની અવસ્થામા પણ 'નમો અરિહંતાણં' બોલાય, એ તો પવિત્ર સંસ્કારની ખરેખરી પરાકાષ્ઠા જ છે.

જીવજીવન ચાલી જાય તેવા જડજીવનને હિસાબમાં લેવું શી રીતે? જેઓને જીવજીવનનો હિસાબ હોય અને જડજીવનના હિસાબ ઉપર મુસ્તાક ન હોય તે જ સંજ્ઞી છે. ઇન્દ્રિય પ્રાણો એ પણ જડજીવન છે. શિક્ષા, ઉપદેશ, આલાપ અને એના વિચારો મન પ્રાણની અપેક્ષાએ પણ જડજીવન અર્થાત્ એ પણ એ જ કુંડીનો કટકો ઇન્દ્રિયો જેમ જડજીવન તેમ મન એ પણ જાતે તો જડ. તેના આલંબને ભાવ મન થાય તેથી આત્મા વિચાર કરે પણ જડ જોઈએ તો મન જડ છે. જડ જીવન ચાહે જેટલું જબરજસ્ત હોય જ્યાં જીવજીવનનું લક્ષ્ય ન હોય. જડજીવન ધારણ કરે તો પણ વિચારશૂન્ય છે. કર્મસિદ્ધાંતની અપેક્ષાએ શિક્ષાદિકને જાણનારો છતાં તે વિચારવાળો ગણાય છે પણ સિદ્ધાંતની અપેક્ષાએ તે અસંજ્ઞી છે, વિચારશૂન્ય છે જ્યારે એ બે બાજી વિષયના વિચારને અને શિક્ષાદિ વિચારને ઓળંગીએ ત્યારે શ્રવણમાં ને જ્ઞાનમાં આવીએ તે અપેક્ષાએ શ્રવણ ને જ્ઞાન ભૂમિકા. તે બે પણ મળવા મુશ્કેલ છે. છતાં તે મુશ્કેલી ઇતર જીવોની અપેક્ષાએ, આપણા પૂર્વકાળની અપેક્ષાએ, સંજ્ઞી પંચેંદ્રિયપણે વર્તમાન આપણું જીવન તે અપેક્ષાએ શ્રવણ અને જ્ઞાન મુશ્કેલ નથી.

એક સ્થળે મુશ્કેલ ગણાતી ચીજ બીજે સ્થળે સરળ અને સહેલી

એક વાત અમુક જગોએ મુશ્કેલ હોય તે વાત બીજી જગોએ સહેલી ગણવામા આવે છે દૃષ્ટાત તરીકે પૂજાને અગે, માન્યતાને અંગે, દુર્ગતિથી ડરવાને અગે ને સદ્ગતિ મેળવવાને અગે नमो अरिहंताणं નો નકાર અગર કરેમિ ભંતેનો કકાર પુદ્ગલ

દેહુગ અને ઉપાશ્રય માટે નહિ, પણ આત્માને માટે જ અરિહંત છે.

પરાવર્તોએ મળ્યો છે. એ જ વાત ધર્મસિદ્ધાંતની અપેક્ષાએ વિચારીએ તો અનંતી વખત આ જીવ પૂર્વધર થઈ ગયો એ વાતમાં વિરોધ નથી ઇતર જાતિની અપેક્ષાએ ઇતર પુદ્ગલ પરાવર્તની અપેક્ષાએ નકાર ફકાર મુશ્કેલીવાળો મનુષ્યજાતિની અપેક્ષાએ અનંતી વખત આવી ગયા તે સુલભ. તેમ ઇતર જાતિની અપેક્ષાએ આપણા પૂર્વકાળની અપેક્ષાએ શ્રવણ અને જ્ઞાન મળવા ઘણાં જ મુશ્કેલ પણ વર્તમાનકાળની અપેક્ષાએ શ્રવણ ને જ્ઞાન સહેલામાં સહેલી ચીજ સ્વજાતિને વર્તમાન કાળની અપેક્ષાએ સુલભ કહું છું આપણે એવી જગો પર જન્મ્યા છીએ કે ઇચ્છીએ કે વગર ઇચ્છાએ કાનમાં શબ્દ આવે આવે ને આવેજ. ઘરમાં તમે ભાવથી સ્તવન બોલો પણ આડોશીપાડોશી વગર-ઇચ્છાએ પણ સાભળે. સંજ્ઞી પંચેન્દ્રિય હોવાથી અનાયાસે વગર પ્રયાસે સાંભળવાનું બને છે આથી રોહિણીયા ચોરને પણ ગાથા મળી ગઈ હતી. શબ્દનો વ્યાપક સ્વભાવ ન હોત તો રોહિણીયાને ગાથા મળવાનો વખત જ ન હોત. શ્રોત્રનો ગ્રાહક સ્વભાવ ન હોત તો રોહિણીયાને સાંભળવાનું મળત નહીં. એના બાપે ભગવાનનું વચન સાંભળવાની મનાઈ કરી હતી. ચોરને ધાસ્તી ચોરી ટળાવનારની રહે. ચોરના કુટુંબને ચોરી ટળાવનારનો શબ્દ સાભળવો નહિ એવો બંદોબસ્ત કરવો પડે. તારે મહાવીરનુ વચન ન સાંભળવુ તેમ રોહિણીયા ચોરને તેના બાપે મનાઈ કરી. તે કાળમાં થઈ ગયું ને આ કાળમાં નથી તેમ નથી. આ કાળમાં પણ ફલાણી જગોએ ઠરાવ કર્યો કે વખાણમા જવું નહિ. રોહિણીયા ચોરના બાપ પાસેથી કંઈ શીખી લીધું હતું પેલાને ચોરી

અરિહંત પ્રત્યે જેને પ્રેમ જાગ્યો નથી, એની અંત અવસ્થા તો સુધરે કયાંથી ?

મટી જાય તે ડર હતો આને પોતાનો કક્કો ભુસાઈ જવાનો ડર હશે! પણ રોહિણીયાના બાપે જે કબૂલ કરાવ્યુ હતું તે પોતા તરીકે આજકાલના બિચારા ધરમથી પતિત થએલા પવિત્રતાના નામે પવિત્ર વસ્તુના પ્રાણ કાઢે છે મૂળ વાત પર આવો. રોહિણીયા ચોરને બાપના હુકમ ખાતર સાંભળવું ન હતું પણ શબ્દ વ્યાપકસ્વભાવવાળો હોવાથી ને શ્રોત્રનો ગ્રાહકસ્વભાવ હોવાથી સંભળાઈ ગયું શ્રવણ ઇન્દ્રિયની અપેક્ષાએ સહેલું છે પણ પર ઇન્દ્રિયને મુશ્કેલ છે વર્તમાન જિંદગીની અપેક્ષાએ શ્રવણ ને જ્ઞાન ભૂમિકા મુશ્કેલીવાળી નથી સહેલથી મળનારી છે મુશ્કેલ ત્રીજી ભૂમિકા છે, વિજ્ઞાનભૂમિકા. તેમાં શું છે, જેથી મુશ્કેલી છે?

ધર્મસિદ્ધાંતથી સંજ્ઞીપણું

ધર્મસિદ્ધાતની અપેક્ષાએ તેને જ વિચારવાળા ગણવામાં આવે છે કે જે વિજ્ઞાન નામની ભૂમિકાએ ચઢેલા હોય વિજ્ઞાન ભૂમિકા બહાર છે તે ભલે શિક્ષાદિ જાણનારા હોય, પાચે ઇન્દ્રિયોના વિષયો જાણનારા હોય છતાં વિચારશૂન્ય છે. કર્મસિદ્ધાતથી જેને વિચારવાળા ગણીએ છીએ તેને ધર્મસિદ્ધાંત વિચારશૂન્ય ગણે છે ત્રીજી ભૂમિકાએ ચઢેલા હોય આ વાત દંડકને જાણનારા સંજ્ઞાના ત્રણ ભેદો ગોખી ગોખી તૈયાર કરનાર સમજી ન શકે કે અમે તે વિચારશૂન્ય કે વિચારવાળા? પોતાના આત્માને અંગે પોતે વિચારવાળો છે કે વિચાર-શૂન્ય છે તે સમજે નહિ તો સંજ્ઞાના ભેદો પોકારી પોકારી શું કર્યું? સંજ્ઞાના ત્રણ ભેદો બીજાને સમજાવ્યા પણ સમજુના

શ્રી નવકારમંત્રની શાશ્વતતાનું કારણ તો એ જ કે એના પદો જાતિવાચક છે.

મને ઓળખ્યો નથી. પેલાએ કહ્યું કે વિચાર કરજો. હું જાઉ છું. બહાર જઈ હુંડી લઈ ગયો ને પોતાના મુનીમને જાતે લઈ પડાવમાં આપ્યા. વિચારજો, કિંમત શેઠની કે શેઠના અક્ષરની. ? આ તો દાખલો છે દુનિયામાં ૧૭ બોલો પણ લખી ન આપો તો કોઈ માનતું નથી. ખડીયામાં લેખણુ બોળ. તમારા કરતાં તમારા અક્ષર વધ્યા તો અહીં તથાભવ્યતા છે. તેથી તીર્થંકરના સંજોગે ન થઈ શક્યું તો તેના વચનને આધારે થઈ શકે છે. હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી મહારાજ કહે છે કે:- सुषमात्तो दुषमायां कृपा फलवती तव। હે ભગવાન સુષમા કાળમાં આપ પાસે આવ્યો તો અથડાયો ટીચાયો તો મહેરબાની ન થઈ, ને આ દુષમ કાળમાં મહેરબાની થઈ, તેની જ કિંમત ગણું છું. કેમ તો કે मेरुतो मरुभूमौ हि श्लाघ्यो० મેરુ પર્વત ઉપર લાખો ને કરોડો કલ્પવૃક્ષ હોય ત્યાં કલ્પવૃક્ષની કિંમત નથી પણ મરુભૂમિ એટલે મારવાડમા એક જ કલ્પવૃક્ષ હોય તે કિંમતી થાય છે. જે મારવાડમાં કલ્પવૃક્ષ કિંમત પામે તેનો છાંટો પણ મેરુનું કલ્પવૃક્ષ પામતું નથી કોઈક વિદ્યાધર મળી આવે તો ચોથા આરામાં તીર્થંકર, ગણધર, કેવળી એક બાજુ બેસી ગયા ચોથો આરો કલ્પવૃક્ષનો મેરુ હતો. જ્યા લાખો કરોડો કલ્પવૃક્ષ હોય ત્યાં એક કલ્પવૃક્ષ છેદાયો તો શું ને ન છેદાયો તો પણ શું ? ત્યાં ઝાઝી દરકાર ન હોય ચોથા આરામા ચૌદ પૂર્વલબ્ધિવાળા લાખો કરોડો હતા પણ દુષમકાળ તે મરુધર ભૂમિ છે ત્યાં આ એક જ કલ્પવૃક્ષ છે. (આગમ રૂપ કલ્પવૃક્ષ છે) ચોથા આરામા આલંબનનો પાર ન હતો આ દુષમકાળ રૂપી મરુધર ભૂમિમાં આ તમારી કૃપા

મોક્ષાર્થી સિવાય સાચા સુખનો અર્થી જગતભરમા કોઈ નથી.

તેજ ફળવાળી થઈ. કરોડો કલ્પમાં નમીબ ન ખોલી શકયો તે આ કથનીરૂપી કલ્પવૃક્ષ ખીલવી શકે છે તથાભવ્યત્વના પરિપાકે વિજ્ઞાનભૂમિકામા પ્રવેશ કરવાનુ' તીર્થંકરાદિકના વખતમાં બન્યુ નથી તે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓના વખતમાં બને છે. આ જીવની કોઈ તથાભવ્યત્વદશા કે જેના લીધે તીર્થંકર વખતે તેમની જ્યોત સહન ન થઈ, તે આ મંદ જ્વાલાથી ખરેખર વખત જીરવાયો નહિ. પણ જેને મંદ તેજ હોય, સૂર્યનું તેજ આંખ મીંચાવી દેતું હોય તેણે છાયામાં રહી દેખી લેવું જોઈએ. તેજ મંદ છે તેથી ઝગઝગાટમાં ન દેખે. તેમ તથાભવ્યત્વ દશા હોવાથી ઝગઝગાટ વખત જાગી શકયો નહિ. ઉપરનું તેજ રોકે ત્યારે જોઈ શકે આ જીવ તથાભવ્યત્વવાળો જ્યા સુધી મંદ આલબન મળે નહિ ત્યાં સુધી માર્ગે ચઢે નહિ અનંતા કેવળી તીર્થંકર ગણધરના સબંધે કંઈ કર્યું નથી તે આમા શું કરવાનો છે તે મનમા લાવવાનું નથી. પુરુષાર્થ ફળવાળો તથાભવ્યત્વવાળાને અંગે ફળીભૂત થાય છે. તથાભવ્યત્વ પુરુષાર્થથી પરિપકવ થાય છે. વધારે જ્યોતથી ન દેખ્યું પણ છાયે આવ્યો તો પણ દેખ્યું. અજવાળાથી આમા અત્યારે લાગણી થઈ. તેમા કારણ કોણ? બીજ કોણ? અનંતા દ્રવ્ય–ચારિત્રો બધા આના બીજ છે. કોરટના ત્રણસેં પગથિયા ચઢે ત્યારે જ દરવાજો છે. અનંતા દ્રવ્ય ચારિત્રો ભાવચારિત્રના પગથિયાં છે. ભૂંસેલા આંકડા સ્થિર એકડાનું કારણ છે. અનંતી વખત દ્રવ્યસંયોગો મળ્યા હતા તેના પ્રતાપે જ આ તથાભવ્યતા પરિપકવ પામી છે. મૂળ વાતમા આવો જે વિજ્ઞાનભૂમિકા જીવજીવન તરફ મૂકવું તે તીર્થંકરા-

---

સંયમ માટે સર્વ કાંઈ કરી છૂટનારા અવિરતિઓ પણ સર્વજ્ઞશાસનમાં સર્વવિરતિપદને લાયક છે.

મને ઓળખ્યો નથી. પેલાએ કહ્યું કે વિચાર કરજો. હું જાઉ છું. બહાર જઈ હુંડી લઈ ગયો ને પોતાના મુનીમને જાતે લઈ પડાવમાં આપ્યા. વિચારજો, કિંમત શેઠની કે શેઠના અક્ષરની ? આ તો દાખલો છે દુનિયામા ૧૭ બોલો પણ લખી ન આપો તો કોઈ માનતું નથી. ખડીયામાં લેખણુ બોળ. તમારા કરતા તમારા અક્ષર વધ્યા. તો અહીં તથાભવ્યતા છે. તેથી તીર્થંકરના સંજોગે ન થઈ શક્યું તો તેના વચનને આધારે થઈ શકે છે. હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી મહારાજ કહે છે કે :- सुषमातो दुषमायां कृपा फलवती तव। હે ભગવાન સુષમા કાળમાં આપ પાસે આવ્યો તો અથડાયો ટીચાયો તો મહેરબાની ન થઈ, ને આ દુષમ કાળમાં મહેરબાની થઈ, તેની જ કિંમત ગણુ છું. કેમ તો કે मेरुतो मरुभूमौ हि श्लाघ्यो० મેરુ પર્વત ઉપર લાખો ને કરોડો કલ્પવૃક્ષ હોય ત્યાં કલ્પવૃક્ષની કિંમત નથી પણ મરુભૂમિ એટલે મારવાડમાં એક જ કલ્પવૃક્ષ હોય તે કિંમતી થાય છે. જે મારવાડમાં કલ્પવૃક્ષ કિંમત પામે તેનો છાંટો પણ મેરુનું કલ્પવૃક્ષ પામતું નથી કોઈક વિદ્યાધર મળી આવે તો ચોથા આરામા તીર્થંકર, ગણધર, કેવળી એક બાજુ બેસી ગયા. ચોથો આરો કલ્પવૃક્ષનો મેરુ હતો. જ્યા લાખો કરોડો કલ્પવૃક્ષ હોય ત્યાં એક કલ્પવૃક્ષ છેદાયો તો શું ને ન છેદાયો તો પણ શું ? ત્યાં ઝાઝી દરકાર ન હોય. ચોથા આરામાં ચૌદ પૂર્વલબ્ધિવાળા લાખો કરોડો હતા પણ દુષમકાળ તે મરુધર ભૂમિ છે ત્યાં આ એક જ કલ્પવૃક્ષ છે. (આગમ રૂપ કલ્પવૃક્ષ છે) ચોથા આરામાં આલંબનનો પાર ન હતો આ દુષમકાળ રૂપી મરુધર ભૂમિમાં આ તમારી કૃપા

મોક્ષાર્થી સિવાય સાચા સુખનો અર્થી જગતભરમા કોઈ નથી.

તેજ ફળવાળી થઈ કરોડો કલ્પમાં નસીબ ન ખોલી શક્યો તે આ કથનીરૂપી કલ્પવૃક્ષ ખીલવી શકે છે તથાભવ્યત્વના પરિપાકે વિજ્ઞાનભૂમિકામા પ્રવેશ કરવાનું તીર્થંકરાદિકના વખતમાં બન્યુ નથી તે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓના વખતમા બને છે આ જીવની કોઈ તથાભવ્યત્વદશા કે જેના લીધે તીર્થંકર વખતે તેમની જ્યોત સહન ન થઈ, તે આ મંદ જ્વાલાથી ખરેખર વખન જીરવાયો નહિ. પણ જેને મદ તેજ હોય, સૂર્યનું તેજ આખ મીચાવી દેતું હોય તેણે છાયામાં રહી દેખી લેવુ જોઈએ. તેજ મંદ છે તેથી ઝગઝગાટમા ન દેખે. તેમ તથાભવ્યત્વ દશા હોવાથી ઝગઝગાટ વખત જાગી શક્યો નહિ. ઉપરતુ તેજ રોકે ત્યારે જોઈ શકે આ જીવ તથાભવ્યત્વવાળો જ્યા સુધી મંદ આલબન મળે નહિ ત્યાં સુધી માર્ગે ચઢે નહિ અનંતા કેવળી તીર્થંકર ગણધરના સંબંધે કંઈ કર્યું નથી તે આમા શું કરવાનો છે તે મનમા લાવવાનુ નથી. પુરુષાર્થ ફળવાળો તથાભવ્યત્વવાળાને અંગે ફળીભૂત થાય છે. તથાભવ્યત્વ પુરુષાર્થથી પરિપક્વ થાય છે. વધારે જ્યોતથી ન દેખ્યુ પણ છાયે આવ્યો તો પણ દેખ્યું. અજવાળાથી આમા અત્યારે લાગણી થઈ. તેમા કારણ કોણ? બીજ કોણ? અનંતા દ્રવ્ય–ચારિત્રો બધાં આનાં બીજ છે. કોરટના ત્રણસેં પગથિયા ચઢે ત્યારે જ દરવાજો છે. અનંતા દ્રવ્ય ચારિત્રો ભાવચારિત્રના પગથિયાં છે ભૂંસેલા આંકડા સ્થિર એકડાનું કારણ છે. અનંતી વખત દ્રવ્યસંયોગો મળ્યા હતા તેના પ્રતાપે જ આ તથાભવ્યતા પરિપક્વ પામી છે. મૂળ વાતમાં આવો જે વિજ્ઞાનભૂમિકા જીવજીવન તરફ મૂકવું તે તીર્થંકરા-

---

સંયમ માટે સર્વ કાંઈ કરી છૂટનારા અવિરતિઓ પણ સર્વજ્ઞશાસનમા સર્વવિરતિપદને લાયક છે

દિના સંયોગે નથી બન્યું તે અત્યારે આ વચન-રજ્જુથી બને છે આ વાત ખ્યાલમાં લેશો તો ખ્યાલ આવશે કે તીર્થંકર સિવાયના વખતમાં આચાર્યાદિક ઉપાધ્યાય સાધુ શ્રાવકો જીવનનો ભોગ કેવી રીતે આપતા હશે ? ઝાંખી આંખવાળાનું દૃષ્ટાંત વિચારી લેજો

ધર્મને અમૂલ્ય રત્ન ગણનારા અને તે સિવાયને કાંકરા ગણીને પ્રવર્તન કરવામાં વિજ્ઞાનભૂમિ

તીર્થંકરના વચનને તીવ્ર માનવાવાળા થાય તેથી સમગ્ર કર્તવ્ય કરનારા થાય છે તીર્થંકર, ગણધર, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની ચૌદ પૂર્વીના સંજોગે ન બનેલું છતાં તેમના વચનસયોગે બની શકે છે. આથી મહાવીર મહારાજા ગૌતમસ્વામી સરખાને કહે છે કે બોધિ દુર્લભ છે પણ શ્રવણ જ્ઞાન દુર્લભ નથી. જીવજીવનની ઝાંખી વિજ્ઞાનભૂમિકા આત્માનું સાધ્ય થઈ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા આવવી મુશ્કેલ છે. આવ્યું કયારે ? તમે જરૂર પૂછશો કે આ જીવ વિજ્ઞાન-ભૂમિકા પર આવ્યો છે કે નહિ આ પ્રશ્ન પૂછો તો તેનો ઉત્તર તમારે ત્યા જ મારે ભળાવવાનો. તમારા આત્માને પૂછો કે ધર્મને જ રત્ન ગણે છે કે નહિ ? ધર્મ રત્ન જ છે. આંગણે છે કે નહિ ? આ બે તમારુ અંતઃકરણ સાંભળી હકારમાં ઉત્તર આવે કે હું ધર્મ સિવાય કોઈને ઉત્તમ ગણતો નથી, ધર્મ અસંખ્યાત યોગમાં એક યોગ કિંમતી ગણું છુ સ્વપ્નમાં વાંઝણીને છોકરો આવે તો આનંદી અને માતી થાય છે તો આપણને ધર્મ કર્યાથી આનંદ

એકલુ સમ્યક્ત્વ પણ ભયંકર ભવદાવાનળને ઓલવી શકે છે

થતો નથી! પરકા આત્માના કેવળજ્ઞાનની વાત સાભળી મહોત્સવ અહીં સાક્ષાત્ ચક્રરત્નનો મહોત્સવ છતાં તે વાતના વડા આગળ વસ્તુના વડાની સરખામણીમા મૂક્યા તો છાતી ચમકી ગઈ ચક્રવતીં ચક્ર પાછળ ચાલે ચક્રવતીને દેવતાઓ જા દેવતા ફરક વનારું એવું ચક્રરત્ન. આ કેવળજ્ઞાન તે વાતના વડા કરવા છે આ કરું કે આનો મહોત્સવ કરુ, એટલી વિચારણા છાતી તોડી નાખનાર થઈ જ્યાં સરખામણીની શંકા થઈ ત્યાં ત્યા છાતીના પાટિયા તૂટી જાય છે તો તમારો આ મા વિજ્ઞાનની ભૂમિકાએ આવ્યો છે કે નહિ તેમા એ જ પ્રશ્નના ઉત્તર અંતઃકરણમાંથી લો. હવે તે ધર્મરત્ન કેવા પ્રકારનું છે તેનુ વિશેષ સ્વરૂપ જે બતાવશે તે અગ્રે વર્તમાન

ધર્મના અર્થી બનો

તત્ત્વથી જૂઠી ચીજને વ્યવહાર સત્ય માને છે

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મરત્ન પ્રકરણ કરતા થકા જણાવી ગયા કે પ્રથમ ધર્મરત્નની લાયકાત મેળવવી જોઈએ અનાજ પણ તેજ જમીન પર ઉગે છે કે જે ભૂમિ લાયક હોય ઉખર જમીનમા અનાજ ઉગતું નથી. વ્યવહારથી ઉખર જમીન અનાજ કે લીલોતરી માટે અયોગ્ય ગણાય કદી સવર્ત કે પુષ્કરાવર્તના મેઘથી ઘાસ ઉગી જાય, અને ભલે

પતન થવાના ભયમાત્રથી પાવન થવાનો પરમ પવિત્ર માર્ગ બંધ કરવા મથવું તે મૂર્ખતાની પરાકાષ્ઠા છે.

અનાજ ઊગે પણ વ્યવહારથી ઉખર જમીન ઉત્પત્તિ માટે લાયક ગણાય નહિ તેમ અતિશયવાળાથી કોઈ એવા ગુણ–ગ્રાહી જીવો ધર્મ પામી જાય પણ વ્યવહારથી એમ કહી શકાય નહિ કે ગુણરહિત જીવો ધર્મ પામે છે. આથી શાસ્ત્રોના વિધિ-વાક્યોને પ્રજ્ઞાપનીય ભાષા કહે છે. વ્યવહાર ભાષાના ૧૨ ભેદો સત્ય પણ નહિ ને જૂઠ પણ નહિ આ વ્યવહાર-ભાષા. જેમકે કોઇ દરિદ્ર છે તેનું નામ ધનપતિ હોય તો 'હે, ધનપતિ અહીં આવો' તો આપણે જૂઠું બોલ્યા કે નહિ? ભંડારી ગોત્ર હોય તો 'હે ભંડારી! અહીં આવો.' સત્તા એક પૈસાની નથી તેને આજ્ઞાપની અને આમંત્રણી વ્યવહારભાષા કહેવાય છે એ ભાષામાં તત્ત્વથી જૂઠાપણું હોય પણ નામથી ધનપતિ કે ગોત્રથી ભંડારી હોય તેને 'ધનપતિ અથવા ભંડારી આવો' કહેવાય, તેમાં મૃષાવાદને સંબંધ નથી. જેમ તત્ત્વથી સાચાપણું નથી અને વ્યવહારથી જૂઠાપણુ પણ તે ભાષામા નથી. એ ભાષાઓ વ્યવહારથી માત્ર બોલવાની છે. તે સાચી નથી ને જૂઠી પણ નથી, અર્થાત્ બોલનાર જૂઠું હોદે. છે તેમ કહી શકાય નહિ

જૂઠું નહિ બોલવું તે મહાવ્રત છે

શાસ્ત્રકારોએ મહાવ્રતમાં બીજો શબ્દ દાખલ કર્યો. સાચું બોલવું તે બીજા મહાવ્રતમાં ન રાખ્યું. પણ मुसावायाओ वेरमणं રાખ્યુ, તે કરતાં सच्चावायावयं રાખી શકત. સત્ય જ બોલવું તેમ ન રાખ્યું. કારણ સત્ય વાત બોલી દેવી તે સામાન્ય જીવોને અશક્ય છે, એટલું જ નહિ પણ જ્ઞાનીને તદ્દન અશક્ય છે તીર્થંકરની દેશનામાં ક્રોડ દેવતા આવે તે બધાના

ધર્મ અમૃત છે. અમૃતનો ઉપયોગ છૂટે હાથે કરનાર દાનેશ્વરીઓની પ્રભુશાસનમાં જરૂરિયાત છે.

વર્તન અને વિચારો તીર્થંકર-કેવળજ્ઞાની જાણે છે તો પણ બોલ્યા કરે નહિ સત્ય-વાત વ્રત, એમ નિયમ રાખો તો સાચું છુપાવવું નહિ અને જાહેર કરવું, તો ક્રોડાક્રોડ દેવતા અને મનુષ્યનું જે જે જાણ્યુ તે બધું બોલે તો જ વ્રત રહે સત્ય વચન વ્રત નથી. સત્યવચન વ્રત એ ભલભલાથી અશક્ય છે સામાન્યને પણ તે વ્રત અશક્ય સત્યવ્રત ત્યારે જ રહે, જેટલાના વૃત્તાંત જાણતા હો તે બોલ્યા જ કરે-બોલ્યા જ કરવા પડે સત્યવ્રત ગણવાવાળો હોય તો બેવકુફનો બાપ કહેવાય કોઈ પૂછવા આવ્યો કે આ વર્તનમાં કેમ છે? તો મોઢેથી શું બધું ભસી દેવું? પછી આલોયણને અંગે તમારું ચતુષ્કરણ પણ કેમ કહેવાશે? જે વાત પોતાના બાપને, ધણીને અને માને ન કહે તે તમને શાથી કરે છે? વાત નહિ જાય તે મુદ્દાથી નાનો બાળક બોલતો હોય કે આ કરવાલાયક છે કારણ કે તેને વાતનો વિચાર નથી, જે હોય તે બોલી દે છે આલોયણમા અહંકાર છોડી બાળક પેઠે જેવું હોય તેવુ કહી દેવું તેમાં શરમને સ્થાન નથી બીજી બાજુ વિચારીએ તો સત્યવ્રત એટલે દુનિયાને ગરદન મારવી અમુક મનુષ્ય સાથે વાત થએલી હોય અને કહેવા જાઓ તો સામનો જાન જાય કોઈ બાઈએ ધામણ પર ખોરાકીની ફરિયાદ કરી તે બાઈ પોણા સોળ હોય પણ તેના હાથમાં પુરાવો નથી પણ મહારાજ પાસે આવીને બાઈએ આલોયણ લીધી. હવે મહારાજને કોર્ટમા સાક્ષી પુરાવવા બોલાવે તો મુનિ શું કહે? હું કહી દઉં કે હું એ વાત ત્યાંથી કહેવા માંગતો નથી ધર્મને અંગે ધરમની રૂએ એ બાબત બોલી શકતા નથી. એ વાત કોરાણે મૂકો. હવે મૂળ વાત ઉપર આવો **કોઈ દિવસ સાચું બોલવું તેવું**

જિનવચન અમૃતપાન જેવું છે.

વ્રત છે જ નહિ. જૂઠું ન બોલવું તેવું વ્રત છે. મૃષાવાદ-વિરમણ વ્રત છે મહાવ્રતધારીએ જૂઠું ન બોલવું એ વ્રત છે પણ સાચું બોલવું તે વ્રત છે જ નહિ, સંભવિત નથી, હોય તો બેવકુફના બાપ બનવાનુ છે સત્ય બોલી જ દેવુ એ વ્રત છે જ નહિ, સંભાવિત નથી અને ઉત્તમતા પણ નથી ત્યારે જૂઠું ન બોલવુ તે મહાવ્રત છે. તે પણ સાપવાદ અર્થાત્ પ્રસંગે અપવાદવાળુ છે. પહેલા, બીજા, ત્રીજા અને પાંચમા વ્રતોને અપવાદવાળા કહ્યા છે

મૃષાવાદ ટાળવાથી ફાયદો શું ?

મૃષાવાદ ટાળવો શા માટે ? પદાર્થનુ જૂઠું સ્વરૂપ કહેવાથી બીજા-આત્માના જ્ઞાન ગુણને ધોકો પહોચે માટે મૃષાવાદ ટાળવુ. આ ડાબડી કાળી છે મેં લાલ કહી મારી મરજી લાલ કહેવાની છે, માટે તમને લાલ કહેવાની હું ફરજ પાડતો નથી મારે કેદી નથી બનવુ મને જૈનદર્શનનો ન માનતા. પાપ કેવી રીતે લાગે ? મારે લાલ કહેવી છે. મેં લાલ કહી તેમા પાપ કેવી રીતે લાગી ગયુ ? પાપ શી રીતે જૂઠમા લગાડો છો ? કહો જે સ્વરૂપે હતી તે બીજાને ઊલટા રૂપે સમજાવવા માટે મેં વચન કહ્યુ કાળા પદાર્થને લાલ સમજાવવા માટે લાલ શબ્દ વાપર્યો. પદાર્થના સ્વરૂપને ઊલટી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો. હું જગતનો ગુલામ નથી તો અમે શુ તારા ગુલામ છીએ કે તું કહે તે સાભળી લઈએ ? કાળીને લાલ કહી તે મને સંભળાવવા કહી બોલવામા ગુનેગારી છે તારી માન્યતા તારા મનમા રાખ સાચું સાભળવા આવ્યા ને જૂઠું સંભળાવે તેથી વિશ્વાસઘાત થાય

પોતે પોતાના સ્વ-સ્વરૂપને ઓળખી શક્યો નહીં તેથી જ આ આત્મા રખડયો છે.

છે વસ્તુ સ્વરૂપે વાત જૂઠી છે. વસ્તુ સ્વરૂપે સાચી વાત સાંભળવા આવ્યો તેમાં તેં વસ્તુ સ્વરૂપે જૂઠી જણાવી એના આત્માના ગુણોને ખોટા કરવા પ્રયત્ન કર્યો. પોતે ભાવપ્રાણને ધક્કો પહોચડાવવાનો પ્રયત્ન કર્યો. પોતે માને તો મનની બદદાનત પોતાના આત્માનું ખૂન થયુ પોતે અફીણ ખાય તો તે મરી જવાની કોશિશનો ગુનો છે, તેમ બીજાને અફીણ ખવરાવે તો મારવાની કોશિશનો પણ ગુનો છે તેવી રીતે સ્વ-પર ભાવનો પ્રાણનો નાશ કરવો તે જૈન દર્શનમા ગુનો છે. બીજાના ભાવપ્રાણનો નાશ કરવો તે પણ ગુનો છે અનંતા જ્ઞાનના નાશની કોશિશ છે. જબરજસ્ત પાપ છે જબરજસ્ત પાપના બચાવને અંગે જૂઠું બોલવાની આજ્ઞા તેટલા માટે જ મૂળસૂત્રકારે જણાવ્યું કે પારધી આવ્યો હોય અને પૂછે છે કે મૃગલા દેખ્યા? તો પ્રથમ મૌન રહે. તેથી સર્યું તો ઠીક, કદી ન સર્યું તો? પારધી કહે કે બોલ, ગયા કે નહિં? તો શાસ્ત્રકાર સાફ કહી દે છે કે કહેનાર જાણે છે છતા જાણતો થકો પણ નથી જાણતો એમ કહી દે. સ્યાદ્વાદ-સિદ્ધાંતને નહિ સમજનારા દ્રવ્ય પાપસ્થાનકો અને ભાવ પાપસ્થાનકના ફરકને સમજતા નથી તે અર્થ બીજો કહે છે કે હું જાણુ છું છતા નથી જાણતો એમ ન બોલે આવા અર્થ કરનારા કેટલી પોતાની બેવકુફી કરે છે. મૌનપણે ઉપેક્ષા કરે તેથી બીજો પક્ષ કયો થયો? મૌન રહે અથવા એટલે વિકલ્પાંતર બીજો પક્ષ જુદો કયો પાડયો? જાણતો થકો નથી જાણતો એમ બોલે ઇતિ શબ્દ ત્યાં પડયો છે ના જાણંતિ વદેજ્જા માનથી ઊલટાપણે બોલવુ. જાણતો છતો

ભાવતવ્યતા એ ઉદ્યમની એક ગુલામડી બદકે ચાકરડી છે

કથનના પરમાર્થને સમજો

જેમ ઉખર જમીનમાં અનાજ કે ઘાસ ન ઉગે તે વ્યવહાર તરીકેની ભાષા છે પછી પુષ્કરાવર્ત કે સંવર્તનીય મેઘ વરસી જાય અને ઉગે તેમ અહીં અતિશયવાળા જ્ઞાનીથી કોઈ ગુણહીન ધર્મ પામી જાય તેમા અડચણ નથી ઉખરમાં વાવેલું નિષ્ફળ જાય તે સત્ય વાત કહેનાર છે. તેમ જેઓ ૨૧ ગુણથી સંસ્કારિત ન થાય, જેનું કુટુંબ ૩૫ ગુણથી સંસ્કારિત ન થાય તે આત્મા ધર્મ પામવાવાળો ન થાય, તે કહેનાર જૂઠો નથી. કારણ કે પ્રજ્ઞાપનીય ભાષા છે. વ્યવહારમા ખાલી હાથે મિલાકત ન ચાલે. તેવી રીતે ૨૧-૧૬-૧૧ ગુણવાલો ન હોય, ૩૫ માર્ગાનુસારિ ગુણોથી કુટુંબને સંસ્કારિત ન કરે તેવો મનુષ્ય 'હાથમાં કોડી નહીં ને ઉભા બજારે દોડી' તે કહેવામાં જૂઠો નથી, અર્થાત્ પ્રજ્ઞાપનીય ભાષા છે કોઈક તેવા દિવ્ય પ્રભાવથી મહાપુરુષના સમાગમથી વિચિત્ર ક્ષયોપશમથી નિર્ગુણીને પણ કદી તેવા ગુણની પ્રાપ્તિ થઈ જાય તેથી ગુણ વગર ધર્મ થઈ જાય છે તેમ કહેવાને હકદાર નથી તેટલા માટે ધર્મરત્નની યોગ્યતા માટે ૨૧ ગુણનુ વર્ણન કર્યું. તેનુ સ્વરૂપ દ્રષ્ટાંત સમજાવ્યું. છતાં એક વસ્તુ હૃદયમા આવે તો જ ધર્મરત્ન પામી શકે. એક વસ્તુ ન આવી તો ૨૧ ગુણવાળો છતા કાંઈ ન પામે. વરસાદ સારો વરસ્યો હોય અને કોઈ ઉપદ્રવ નથી પણ વાવ્યું ન હતુ તો પાકે ક્યાંથી? કારતક મહિને ડાહ્યો થનારો ખેડુત શું કરે? તેમ ૨૧ ગુણે સંસ્કારિત કર્યો, ૩૫ ગુણે કુટુંબ સંસ્કારિત કર્યું, શ્રવણ કર્યું; પણ બીજ બળેલું હોય તો શું થાય? માટે બીજ સાબૂત જોઈએ. શ્રવણ એ પણ કહેવાતું બીજ અને જ્ઞાન પણ કહેવાતુ બીજ

નમો અરિહંતાણં એ જાપ તો શ્રાવકના શ્વાસોશ્વાસમા ચાલતો હોય

વ્યવહારુ વિજ્ઞાન-બીજ

ખરેખર બીજ તો વિજ્ઞાન છે વિજ્ઞાન એ કે 'ધર્મ એ ર રત્ન' દુનિયામા કિંમતીમાં કિંમતી ચીજ રત્ન રત્નથી અધિક કિંમતી ચીજ જગતમા નથી ચિંતામણી દેવમણી એ રત્ન એટલે દુનિયામા કિંમતી ચીજ માટે વપરાતો શબ્દ અહીં જેને લાગુ પડેલો હોય કયાં? ધર્મમા જગતમા કિંમતી ચીજ હોય તો ધર્મ જ છે જે વસ્તુ જેનાથી મળે તે વસ્તુ કિંમતી રૂપિયાભાર વજનવાળા રૂપિયાથી મણ અનાજ આવે છે તો થોડાથી ઘણુ મળે એવુ દેખાય તો થોડાને કિંમતી ગણો જોઈતી ચીજ જેનાથી ઘણી મળે ત કિંમતી ગણો મહોરથી રૂપિયા ઘણા મળે તો મહોર કિંમતી ગણી પણ જેનાથી ઘણા રત્નો મળે છે તેની કિંમત કેમ ભુલાય છે? એ રત્નો છે મોતી મહોર રૂપિયાને ખાદ્ય વસ્તુને મેળવી આપનાર ચીજનુ કિંમતીપણુ કેમ ભૂલ્યા છો? એક મહોરથી પદર રૂપિયા મળે તો મહોર કિંમતી એક રત્નમા સેંકડો મોતી મળે તો રત્ન કિંમતી તો પછી રત્નને મેળવી આપનાર સોના-રૂપા જોઈતી ચીજ મેળવી આપનાર એવી ચીજની કિંમત કોણ ભૂલે? જેની દૃષ્ટિ અટકી ગઈ છે તે જ ભૂલે માટે ધર્મ એ જ રત્ન તે રૂપ દૃષ્ટિ ખોલો કે જેનાથી બધી ચીજો મેળવી શકો છો કોટિધ્વજને ત્યા જન્મ્યા શું લેણુ હતુ તે લેવા આવ્યા? તમને કોટિધ્વજના વારસદાર કર્યા કોણે? રાજા રાણીએ કુંવરને ઓળખી કે માતા-પિતાને કુંવરે ઓળખી પસંદ કર્યા નથી. વચમા દલાલ કોણ છે? તમે શાસ્ત્રદૃષ્ટિએ ધર્મ માનતા ખંચાતા હો તો દુનિયાદારીની દૃષ્ટિથી તપાસી લો વચમા કોણ છે? તમે

સામાયિકની બાધા એ સજા નથી પણ સાજા કરવાની રામબાણ દવા છે

દેવાદાર હો તેને ઘેર છોકરો જન્મ્યો તેણે દેવું ક્યારે કર્યું હતું? પોતે દેવુ કર્યું નથી તો વારસામાં દેવું ક્યાંથી આવ્યુ? વચમાં રહેલો કોઈક છે. જે કેટલાકને વારસામાં ઋદ્ધિ સમૃદ્ધિ રાજ્ય આપે છે, અને કેટલાકને દેવું વિરોધ વૈર આપે છે. જેઓ આ રૂપિયા, મહોર, મોતી, ચાંદી, સોનું અને રાજ્ય કરતાં કિંમતી વસ્તુને ઓળખતા નથી અગર માનતા નથી. તે ચર્મ-ચક્ષુના ધણી છે ચામડેથી દેખાય તે જ માને અને દિવ્યજ્ઞાનથી જણાય તે ન માને તેને કહેવો શું? તે બિચારા જેઓ ખાન-પાન મહોર મોતી રત્ન યાવત્ રાજ્યપાટ દેખનારા પણ કારણ નહિ દેખનારા. ચામડીના ચાલે ચાલ્યા છે, પણ વિવેકની ચાલે ચાલ્યા નથી જ્યારે કારણ સમજે ત્યારે સાચું સાધન રૂપિયો, તે કરતાં મહોર, તે કરતાં મોતી, તે કરતાં ર ન, તે બધાં કરતાં સાચું રત્ન કયું? ધર્મરત્ન. અહીં જ વિજ્ઞાન-ભૂમિકામા આવ્યો.

પરમાર્થ દૃષ્ટિએ પણ વિજ્ઞાન એ બીજ છે

એ ધર્મરત્ન બધી ચીજને લાવનારી ખરી ચીજ છે. આ દુનિયાદારીથી આ વાત કરી. બાહ્યદૃષ્ટિથી વિજ્ઞાનભૂમિકામાં લગીર ઓછું છે. બાહ્ય પદાર્થને રસ્તે વિવેકદૃષ્ટિમાં ગયો, પણ આત્મદૃષ્ટિમાં ગયો નથી, ચર્મદ્રષ્ટિમાં ગયો. વિવેકમાં ગયો પણ હજુ સુધી આત્માના અવ્યાબાધ-માર્ગને અખત્યાર કરવો હોય તો ધર્મ એ જ ઉત્તમોત્તમ છે. સાધન તરીકે નહિ, એથી રાજ્યરત્ન મળે તે તરીકે નહિ. અત્યાર સુધી વિવેકની વાટે વહેતા હતા, હવે આત્માના અવ્યાબાધમાં આવો રત્ન એ જગતમાં ઉત્તમોત્તમ ચીજ. તેમ મારા આત્માનું જે સમ્યગ્દર્શન જ્ઞાન

આત્માએ પરમાત્મા બનવું હોય તો સ્વ-સ્વરૂપમા રમણતા કરવી

ચારિત્ર સ્વરૂપ તે જ જગતમાં ઉત્કૃષ્ટ વસ્તુ કે રત્ન છે. હવે રત્ન એ રત્ન નહીં. રત્ન મળે એ ધર્મનો ગુલામ રત્ન ધર્મથી મળનાર ચીજ, ધર્મની તાબેદાર ચીજ. માટે એ રત્નના તાબેદારના તાબેદાર થાઓ. આ બધું વાચ્ય અર્થ રાખીએ તો, માટે લક્ષણા કરો. સામાન્ય શબ્દાર્થમા ધર્મ એ જ રત્ન. એદંપર્યાયમાં જઈએ તો ધર્મ એ ઉત્તમોત્તમ પદાર્થ. રત્ન શબ્દથી લક્ષણા કરી ઉત્તમોત્તમ પદાર્થ કરો કેવળ વાચ્યાર્થ રાખો તો અવ્યાબાધ ચીજ આપનાર ધર્મ, તેને પત્થર સાથે સરખાવો તો કેવું ગણાય? નહીંતર ભરત મહારાજને વિમાસવાનું હતું જ નહિ ધર્મ એ ઉપમેય વસ્તુ છે અને ધર્મનું ઉપમાન રત્ન છે. છ ખંડ દેનારૂં ચક્રવર્તીને છ ખંડ જીતવાને દોરનારૂં એવું ચક્રરત્ન, તેને રત્ન જ કહ્યુ છે. ત્યાં ઉપમાનનુ કરું? કે ઉપમેયનુ કરુ? ચંદ્ર સરખું મોઢું. ચંદ્ર ઉપમાન ચીજ, મોઢું ઉપમેય ચીજ. ચંદ્ર સાક્ષાત્ હોય તો મો ગૌણપણુ પામે તેમ ધર્મરત્ન ગણે. રત્નનો અર્થ ખનીજ પદાર્થ વાચ્યાર્થ ગણે તો ઉપમાન સાક્ષાત્ થાય તો ઉપમેયની કિંમત કંઈ નથી વાચ્યાર્થ ન લેતા લક્ષ્યાર્થમાં લઈ જાઓ ઉત્તમોત્તમ પદાર્થ ધર્મ એ જગતમાં ઉત્તમમા ઉત્તમ પદાર્થ છે ધર્મ જેવો ઉત્તમોત્તમ પદાર્થ એક પણ નથી. ત્યા સુધી પહોચવું તે કોના માટે? જે આત્માના અવ્યાબાધ માર્ગ તરફ ગયા ન હોય અર્થાત્ તેવાને, પણ તેટલી હદે ન ગયા હોય તેવાને તો રત્ન તરફ જેવો તમારો આદર છે તેવો ધર્મ તરફ આદર હોવો જ જોઈએ વિજ્ઞાનની પરિપક્વ દશા હોય તે વખતે લક્ષ્યાર્થ. પ્રથમ પ્રવેશની અવસ્થામાં વાચ્યાર્થ રાખી

આત્માની શક્તિ આવિર્ભાવ થયેલી છે એવા કેવલી ભગવંતોને કર્મ કંઈ પણ કરી શકતું નથી.

પછી ધર્મ એ જ ઉત્તમોત્તમ ચીજ છે. આમ વિજ્ઞાનની પ્રથમની ને આગળની ભૂમિકા પ્રાપ્ત થાય ત્યારે સમજવું કે આ આત્મા માર્ગરત્નનો અર્થી થયો વાવેતર કરવાપૂર્વક ખેડાતી ને વાડ કરાતી જમીન જે ફળદ્રુપ થાય તેમ વાવેતર વગર ઉત્તમ ભૂમિ ફળદ્રુપ થઈ શકતી નથી. ચાહે વાચ્યાર્થ છોડી દઈને લક્ષ્યાર્થ માનીએ તો ધર્મ એ જ ઉત્તમોત્તમ છે. એ ભૂમિકામાં આવે તો ધર્મનો અર્થી થયો જાણવો. દરેક મનુષ્યે ધર્મના અર્થી થવું જોઈએ. ધર્મના અર્થી થયા વગરનું જીવન નિષ્ફળ છે મનુષ્ય જન્મનુ સાફલ્યપણું તેથી જ છે હવે એવા અર્થીએ શું કરવું જોઈએ, તે અધિકાર અગ્રે વર્તમાન.

જૈનો અને નવપદ ઓળીનો તહેવાર

એ વાત તો જગતમા અને વિશેષે કરીને જૈનજનતામાં જાણીતી છે કે જૈનધર્મ અગર જૈનશાસનનો જો કોઈ પણ ત્રૈકાલિક હોય તો માત્ર એટલો જ છે કે આત્માની પરમ ઉન્નતિ સાધવાનું લક્ષ્ય સર્વદા રાખવું. જૈનજનતાને ભૌતિક પદાર્થો જેવા કે ધન, કણ, કંચન, શરીર, કુટુંબ વગેરેની લાલચ કદાચિત પણ પરમધ્યેયના પદને સ્થાને રહેતી નથી, પરંતુ જૈનજનતાની મનોવૃત્તિ આત્માનુ સર્વદાને માટે સ્વરૂપ-પ્રાગટ્ય જેમા રહેલુ છે એવા પરમપદની સિદ્ધિ માટે જ મનોવૃત્તિ રમી રહેલી હોય છે અને તેથી જ જૈનશાસ્ત્રકારો સ્થાને સ્થાને જૈનત્વના દાવાને જણાવતા એમ જ વદે છે કે મુક્ત

વીર્યાચારમાં વિચક્ષણ બનેલાઓ રત્નત્રયીમાં ઉદ્યમવન્ત હોય છે.

મોત્તુણ ન કિંચિ પત્થેઇ અર્થાત્ સાચા જૈનત્વને ધારણ કરનાર જીવ મોક્ષ સિવાય કોઈપણ પદાર્થની ઝંખના સ્વપ્ને પણ કરે નહિ આમ છતા પણ જગતના વિચિત્ર વાતાવરણમા ઉછરેલા અને પોષાએલા જંતુઓ જૈનધર્મ સરખા વિશ્વના ઉત્તમધર્મને પામ્યા છતા. ભવિતવ્યતાના સપાટામાથી સરકેલા નહિ હોવાને લીધે અલ્પસંખ્યાવાળા જ જૈનો જૈનધર્મને પ્રાપ્ત કરવાના ભવમાંજ તે પૂર્વોકત પરમપદ મેળવી શકે છે, પરંતુ તેમાંનો ઘણો મોટો ભાગ આદ્ય જૈનધર્મની પ્રાપ્તિના ભવમા મોક્ષ મેળવવા માટે બેનસીબ રહે છે એટલું જ નહિ, પરંતુ ભગવાનહરિભદ્રસૂરીશ્વરજી તો એટલે સુધી કહેવાને તૈયાર છે કે યથાસ્થિત જૈનધર્મની પ્રાપ્તિના ભવમા કદાચ મોક્ષ કઈ ભવ્યાત્માઓને મળી જાય, પરંતુ વાસ્તવિક જૈનધર્મની હૃદયને સ્પર્શ કરતી એવી પ્રાપ્તિ કોઈ પણ જીવને એકજ ભવના આચરણથી મળતી નથી અને કદાચ યુગાદિદેવભગવંતઋષભદેવજીની માતા મરૂદેવા જેવા જીવોને મોક્ષ પ્રપ્તિના ભવમાં જ પહેલવહેલું હૃદયસ્પર્શી જૈનધર્મનું આચરણ સ્થાન મેળવે તો તે એટલું બધું અલ્પ અને અસંભાવનીય છે કે જે અંનતી ઉત્સર્પિણી-અવસર્પિણીઓએ બની શકે.

અર્થાત્ જન્મ જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ. અને ઉપાધિને જ્યા અંશે પણ અવકાશ નથી અને જ્યા કાયાની કેદમા જીવ પખેરુને ઝપટાવાનું નથી, જ્યા સર્વકાળ માટેનું અપ્રતિપાતિ અન્યૂન એવું અનતાનંત જ્ઞાન સુખ અને વીર્ય ઝળકી રહેલુ છે એવા પરમપદની પ્રાપ્તિના ભવમા પ્રથમ હૃદયસ્પર્શી ધર્માચરણ હોય નહિ એટલે કહેવું જોઈએ કે પરમપદની ઇચ્છાવાળાએ ધર્માચરણ હૃદયસ્પર્શી બને કે

એકવાર લીધેલ વ્રતના પ્રભાવે ચારગતિરૂપ સંસાર ભવભ્રમણ અર્ધપુદ્ગલપરાવર્તનમાં તો જરૂર બંધ થાય છે

હૃદયના સ્પર્શ વિનાનું બને, દુનિયાની બાહ્ય પદાર્થ સિદ્ધિને માટે બને કે પરમપદના સાધનને માટે બને, તો પણ ભગવાન્ જિનેશ્વરમહારાજે જગતના ઉદ્ધાર માટે નિરૂપણ કરેલ આચરણ સર્વદા કરવું જ જોઈએ આ કથનની મતલબ એવી નથી કે હૃદયસ્પર્શી ધર્માચરણની કિંમત અંશે પણ ઓછી હોય, પરંતુ જે ધર્મનું આચરણ હૃદયસ્પર્શી બની પરમપદ આપે તે ધર્મનું આચરણ, હૃદયસ્પર્શી ન હોય અગર પરમપદની પ્રાર્થનાથી ઓતપ્રોત થયેલું ન હોય તો પણ કરવાલાયક જ છે. સર્વ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે ધર્મશબ્દનો વ્યુત્પત્તિ અર્થ એ છે કે તેના આચરણ કરનારને તે દુર્ગતિથી જરૂર બચાવે અને તેને સદ્‌ગતિમાં જરૂર ધારણ કરે આટલા ઉપરથી ધર્મશબ્દની અનર્થકતા કે નિરર્થકતા નથી એમ સમજી શકાય તેમ છે. જો અનર્થક કે નિરર્થક સંજ્ઞા કરવી હોય તો અનેક વ્યંજન અને અનેક સ્વરમય વ્યુત્પત્તિસિદ્ધ ધર્મ શબ્દને યોજવાની જરૂર ન હતી. શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે પરમપદની લેશ માત્ર વાંચ્છા નહિ કરનારા એટલુ જ નહિ પરંતુ પરમપદની અસ્તિતાની ધારણા નહિ કરનારા એવા અભવ્ય અને મિથ્યાદષ્ટિ જીવો કે જેઓને ધર્મનું આચરણ પરમપદની સાધનાએ હૃદયસ્પર્શી હોતું નથી, તેવો પણ તે, ભગવાન્ જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલા ધર્મનું દ્રવ્ય થકી પણ આચરણ કરવાથી નરક અને તિર્યંચ આદિ દુર્ગતિઓમાં અનંતરપણે જતા જ નથી. એટલું જ નહિ પરંતુ ગ્રૈવેયક નામના દેવલોકો કે જે દેવલોકોમાં પરમપદની ધારણાથી હૃદયસ્પર્શીપણે ભગવાન્ જિનેશ્વર મહારાજના

કર્મવશાત્ તૂટતું એવું વ્રત પણ ભવિષ્યમાં ભાવપ્રત્યાખ્યાનનું પરમ કારણ થાય છે.

ધર્મને માનનારા અને અંશે તેને આચરણમાં મેલનારા, જેને જૈનશાસ્ત્રોમાં અવિરતિ સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિ સમ્યગ્દષ્ટિ તરીકે ગણવામાં આવે છે, તે પણ પ્રાપ્ત કરી શકતા નથી તેવા ગ્રૈવેયક દેવલોકની પ્રાપ્તિ પૂર્વે જણાવેલા પરમપદની વાછાને માન્યતા સિવાયના અભવ્ય અને મિથ્યાદૃષ્ટિ જીવો કરી શકે છે. અર્થાત્ પરમપદની સાધના ને માન્યતા સિવાય પણ આચરણમા મેલાએલો જગત ઉદ્ધારક જિનેશ્વર મહારાજનો ધર્મ દુર્ગતિને રોકવા સાથે સદ્દગતિને આપનારો જરૂર થાય છે જો કે પરમપદની સાધના અને માન્યતા સાથે આચારમા મેલાતા જૈનધર્મની મહાનતા આગળ આ દ્રવ્યધર્મની કિમત એક અંશ જેટલી પણ નથી આ વાતમા કોઈપણ સુજ્ઞથી બે મત થઈ શકે તેમ નથી પરંતુ જગદુદ્ધારક જિનેશ્વર મહારાજે કહેલા ધર્મના બાહ્યઆચરણથી પણ કેવો અનર્ગલ ફાયદો થાય છે તે જ જણાવવા માટે ઉપરનું વિવેચન છે.

આ જ કારણથી પરમપદના ધ્યેયથી નિરૂપણ કરાએલા જૈનશાસનમા જૈન ધર્મનું સ્વર્ગ અને મોક્ષરૂપી પારલૌકિક ફળ સ્થાને સ્થાને બતાવવામાં જેમ આવ્યું છે, તેવી જ રીતે અનેક ધર્મકૃત્ય યાવત્ પંચપરમેષ્ઠીમંત્રસ્મરણ જેવાના સામાન્ય ધર્મ સર્વપાપનો નાશ અને પ્રથમ મંગળતારૂપ ફળ જણાવ્યા છતા ઇહ લોગમ્મિ ત્તિદંડી વિગેરે કહીને અલૌકિક ફળોની અપેક્ષાએ પણ તે નમસ્કાર પાઠની કર્તવ્યતા આદરણીય જણાવવામાં આવી છે તેવી જ રીતે આ ઓળી નામનુ પર્વ કે જેની આરાધના જ્ઞાનપંચમી આદિ પર્વોની માફક મોક્ષના

દ્રવ્યદયા કરતા ભાવદયા અતિવિશિષ્ટ છે દ્રવ્યદયાના ભોગે પણ ભાવદયાનું સંરક્ષણ પરમ આવશ્યક છે ભાવદયાના ભોગે દ્રવ્યદયાની વકીલાત એ ઘોર મિથ્યાત્વ છે

એક એક અંશને આરાધવા માટે નહિ, પરંતુ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણે તત્ત્વોની અને સમ્યગ્દર્શનાદિ સર્વ ગુણોની આરાધના માટે નિયત થયેલું છે. અને તેથી તે ઓળીના પર્વોની પ્રવૃત્તિને શાશ્વતી યાત્રા તરીકે ભગવાન્ પંચાંગીકાર અને ગ્રંથકાર જણાવે છે. સુજ્ઞમનુષ્યો સમજી શકશે કે ચાતુર્માસિક અને સાંવત્સરિક જેવા મહાપર્વોની આરાધ્યતા અત્યંત જરૂરી અને ઉત્તમ છતાં પણ તે માત્ર ભરત ઐરવતની ચોવીશીમાં જ હોય છે. અને તેમાં પણ માત્ર આદ્ય અને અંત્ય એવા તીર્થંકર મહારાજના શાસનમાં જ હોય છે. એટલે ચોવીશમા મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં ચાતુર્માસિક અને પર્યુષણાની આરાધના નિયમિત હોતી નથી, છતાં અરિહંત પદાદિ નવે પદોની આરાધના તો એવી જબરજસ્ત છે કે જે આરાધનાને આદરવા માટે કોઈપણ શાસનમાં એટલે ચોવીશીના સર્વ તીર્થંકરના અને મહાવિદેહમાં વર્તતા વીસ વિહરમાન જિનેશ્વરના શાસનમાં વિકલ્પ નથી એટલે સર્વ ક્ષેત્રોના સર્વ તીર્થંકરના શાસનમાં અરિહંત મહારાજ આદિ નવપદોની આરાધના તો નિયમિત જ છે. અને તેથી પ્રતિવર્ષે બે વખત બનતી તેવી આરાધના શાશ્વતયાત્રા તરીકે પંચાંગીકાર અને ગ્રંથકારો જણાવે તેમાં આશ્ચર્ય નથી

આવી રીતે અરિહંતાદિ નવપદોની ઓળીનું પર્વ શાશ્વતું છતાં જેમ અંગ ઉપાંગ વિગેરેમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની આરાધનાને અંગે પૂર્વકાળનાં વૃત્તિ દૃષ્ટાંતોને સ્થાને નવીન બનેલા તત્કાળના દૃષ્ટાંતો જોડીને સ્કંધક અને આર્દ્રકુમાર વિગેરેના પ્રકરણો યોજવામાં આવેલાં છે, તેવી રીતે આ શાશ્વતી ઓળીની યાત્રાની આરાધનાને અંગે જૈન શાસ્ત્રકારોએ મહારાજા શ્રીપાળનું દૃષ્ટાંત અનુગત કરેલું છે. જૈન જનતા સારી રીતે જાણી શકે છે કે શ્રી શ્રીપાળ મહારાજને આચાર્ય ભગવાન

મુનિચંદ્રજીએ કરેલ નવપદ આરાધનાનો ઉપદેશ પરમપદની સિદ્ધિને દેવાવાળો મુખ્યતાએ હતો, છતાં પણ તાત્કાલિક અને પ્રધાનપણે કોષ્ટના રોગના નિવારણ માટે હતો. એટલે કહેવું જોઈએ કે ભગવાન અરિહંતમહારાજ વિગેરે નવપદોની આરાધનાવાળું ઓળીનું પર્વ પરમપદની સાધના તરીકે અને પરમપદની વાછના તરીકે હોવું જરૂરી છતાં ઐહલૌકિક ફળને માટે પણ તેની કરાતી આરાધના કોઈ પણ પ્રકારે ત્યાગ કરવા લાયક તો નથી જ. ધર્મની આરાધના કરનારને પરમપદની સિદ્ધિ. સમજાવવાની અને તેની હેતુના સમજાવવાની પ્રથમ નંબરે જરૂર છે, છતા પણ હરકોઈ દૃષ્ટિએ નવપદની આરાધના થાય તો તે ઉત્તમ જ છે. અને તેવી આરાધના પરંપરાએ યોગ્ય જીવોને પરમપદને પણ આપનારી નીવડે છે એમા સંશય નથી. માટે ભવ્ય જીવોએ મુખ્યતાએ પરમપદની સિદ્ધિ માટે પણ શ્રી અરિહંતાદિ નવપદોની આરાધના કરવામા ચૂકવુ નહિ. શાસ્ત્રોમા સ્થાન સ્થાને ધર્માચરણના ઐહલૌકિક અને પારલૌકિક દૈવિક તેમ જ માનુષિક ફળો વર્ણન કરવામાં આવ્યા છે. પરંતુ કોઈપણ શાસ્ત્રકારે કોઈપણ સ્થાને ઐહલૌકિક કે પારલૌકિક દૈવિક કે માનુષિક સાધ્ય સાધવા માટે કરાતા ધર્મનું ખંડન કર્યું નથી, તેમ તેવા ધર્મનો કોઈપણ જીવ પાસે ત્યાગ કરાવ્યો નથી. ઐહલૌકિક પારલૌકિક દૈવિક અગર માનુષિક ફળોની કામનાને હૃદયમાંથી આરાધના કરવા માટે દૂર કરવામા આવે એમાં કોઈપણ જાતના મતભેદને સ્થાન નથી. અને તેથી જ ઇતરને દ્રવ્યાનુષ્ઠાન કહેવામા આવે અને ઇતરમાં વિષ ગરલાદિ દોષો કહેવામાં આવે તેમા આશ્ચર્ય નથી. પરંતુ ધર્માચરણને કોઈપણ પ્રકારે દૂર કરી શકાય જ નહિ એ સર્વ સિદ્ધાંતોનું ઐકયમતવાળું સત્ર છે, માટે ભવ્ય જીવોએ હરકોઈ પ્રકારે નવપદની આરાધનામા તત્પર રહેવું એ જ શ્રેયસ્કર છે.

ધર્મનું સ્વરૂપ અને તેની ઉપમાઓ

જગતમાં કોઈ પણ આસ્તિક વર્ગ ધર્મની ઉત્તમતાને માન્યા સિવાય રહી શકતો નથી. જગતમાં જેમ સત્યવાદી-પણાની, શાહુકારીની, સરલતાની, અને નિર્લોભીપણાની સ્થિતિ સર્વ મનુષ્યો મેળવી ન શકે તો પણ પોતાના ઉપર છાપ તો તેવી મરાવવા માટે જરૂર પ્રયત્ન કરે છે. તે ઉપરથી સ્પષ્ટપણે સુજ્ઞમનુષ્ય સમજી શકે કે દરેક મનુષ્ય ભલે સત્યવાદી વિગેરે અવસ્થાને ધારણ કરી ન શકે તો પણ તે સત્યવાદીપણા વિગેરેની દશાને જરૂર ઇષ્ટ તો ગણે જ છે, તેવી જ રીતે પરમાર્થદૃષ્ટિમાં મુસાફરી કરનારને જરૂર જણાશે કે જગત્‌ના જીવો ધર્મને ઇષ્ટ તરીકે તો ગણે જ છે, કેમકે જો તેમ ન હોત તો કોઈપણ મનુષ્ય ધર્મને કરતો હોય અગર ન કરતો હોય તો પણ તે ધર્મીપણાના શબ્દથી ખુશ થાય છે. અંશે પણ ધર્મીપણાના શબ્દથી નાખુશ તો થતો જ નથી. પરંતુ પોતે અધર્મના કાર્યોને છોડનાર હોય અગર ન હોય તો પણ પોતાને માટે અધર્મી એવો શબ્દ વપરાય ત્યારે તે જરૂર નાખુશ થાય છે, પરન્તુ તે એક અંશે પણ ખુશ થતો નથી. એટલે કહેવું જોઈએ કે જગતના જીવોને સામાન્ય રીતે ધર્મ એ ઇષ્ટ વસ્તુ છે અને અધર્મ એ અનિષ્ટ વસ્તુ છે. સામાન્ય રીતે જગત્‌મા એ વ્યવહાર સર્વત્ર દેખાવામાં આવે છે કે જે વસ્તુ જે મનુષ્યને ઇષ્ટ હોય છે તે મનુષ્યને તે વસ્તુના લાભને બતાવનારા જૂઠા શબ્દો પણ આનંદ ઉપજાવનારા થાય છે, તથા જે વસ્તુ જેને અનિષ્ટ હોય તે વસ્તુના સંબંધને જણાવનારા જૂઠા શબ્દો પણ અફસોસ કરાવનારા કે દુઃખ કરાવનારા થાય છે. જગત્‌માં ધનવૃદ્ધિ, આયુષ્યવૃદ્ધિ, પુત્રલાભ, અર્થલાભ વિગેરેનાં વાક્યો આશીર્વાદ દેનારાના કહ્યા પ્રમાણે ફલીભૂત જ થાય છે એવો

નિયમ નથી, છતાં તે આશીર્વાદના વાક્યો સાંભળતાં સર્વ સુજ્ઞમનુષ્યો ખુશ થાય છે, કોઈ નાખુશ થતું નથી. અને નિ:સંતાનપણું, દરિદ્રપણું, કોઢીયાપણું યાવત્ મરણ પામવાપણું કહેનારા દુર્જનોના વાક્યથી કોઈ પણ પ્રકારે તે તે નિ:સંતાનપણું વિગેરે થઈ જતાં નથી, છતાં તેવા અધમ શબ્દો બોલનાર અધમ મનુષ્યો તરફ કોઈ પણ પ્રકારે મનુષ્ય રુચિ થતી હોય તેમ દેખાતું નથી. એટલું જ નહિ, પરન્તુ મધ્યસ્થ મનુષ્યો તરફથી પણ તેવા અધમ વાક્યો બોલનાર અધમોને ફીટકાર મળે છે, અગર દુષ્ટતાવાળા ગણવામાં આવે છે, એ વાત વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે ઇષ્ટપણે ગણાયેલી વસ્તુના સંયોગને જણાવનારો અસત્ય શબ્દ પણ પ્રીતિ ઉપજાવનારો થાય છે, અને અનિષ્ટ તરીકે ગણાયેલી વસ્તુના સંયોગને જણાવનારો જૂઠો શબ્દ પણ અપ્રીતિ કરાવનારો થાય છે. એ સ્થિતિએ વિચારતાં આખા જગતને ધર્મ એ ઇષ્ટ વસ્તુ હોવી જ જોઈએ અને તેવી જ રીતે અધર્મ એ પણ અનિષ્ટ વસ્તુ હોવી જોઈએ. આવી રીતે ધર્મની ઇષ્ટતા જાણ્યા છતાં જેઓને ધર્મના સ્વરૂપનું જ્ઞાન ન હોય તેઓ ધર્મના નામે અધર્મના સંયોગમાં ગરજી થાય, અને અધર્મના નામે ધર્મના સંયોગમાં પણ બેગરજી થાય તેમાં કોઈ પણ પ્રકારે આશ્ચર્ય નથી. એથી દરેક મનુષ્યે ધર્મના સ્વરૂપને જાણવાની જરૂરિયાત સ્વીકારવી જ જોઈએ. ધર્મનુ સ્વરૂપ જાણવા પહેલાં નીચેની વાત સમજવી જરૂરી છે.

૧ કેટલાક મનુષ્યો પુણ્ય કે નિર્જરારૂપ ધર્મને નહિ સમજતા હોવાથી અથવા તો તે ધર્મ કરવામા અશ્રદ્ધાવાળા કે આળસુ હોવાથી વસ્તુના સ્વભાવને જ ધર્મ ગણવા તૈયાર થઈ આશ્રવને રોકવા કે સંવરાદિને આદરવા બેદરકાર થાય છે, પરંતુ તેઓએ વિચારવું જોઈએ કે જ્યાં ધર્મ એટલે સ્વભાવ -

અને ધર્મી એટલે સ્વભાવવાળો એવા વિભાગ કરીને ધર્મધર્મી તરીકે પદાર્થો સમજાવવા હોય ત્યાં જ માત્ર તે વસ્તુસ્વભાવને ધર્મ કહેવો તે વ્યાજબી ઠરે.

૨. કેટલાકો તરફથી પોતાની ફરજને ધર્મ તરીકે ગણવામાં આવે છે, અને પુણ્ય કે નિર્જરાધર્મથી વિમુખ થવાય છે. પરંતુ કૌટુમ્બિક વ્યવહારને અંગે જે કાર્ય કુટુંબની અપેક્ષાએ કરવું જોઈએ તે કાર્ય જણાવવું હોય ત્યારે જ તે ફરજને ધર્મ તરીકે ઓળખાવી શકાય, પરંતુ જેમ વસ્તુ-સ્વભાવને ધર્મ કહેતાં પાપનો સ્વભાવ દુઃખી કરવાનો છે અને ઝેરનો સ્વભાવ મારવાનો છે એમ ગણી કોઈ પણ વ્યાવહારિક મનુષ્ય પાપ કે દુઃખથી ઝેરની માફક બેદરકાર રહી શકે નહિ, તેવી જ રીતે કૌટુમ્બિક વ્યવહારની ફરજને ધર્મ માનનારો મનુષ્ય જો સુજ્ઞ હોય તો જ કુળપરંપરાથી આવતી ચોરી, જુગાર, વ્યભિચાર, હિંસકપણું વિગેરે ફરજોને ખરાબ સમજી સર્વથા દૂર કરી શકે. અજ્ઞાનીઓ તો એવી ફરજોને પોતાની ફરજ જ છે એમ ગણીને કરનારો તે મનુષ્ય આ ભવ અને પરભવમાં તો શું પરંતુ ભવોભવમા પણ તે પોતાના આત્માના હિતથી દૂર જ રહેનારો થાય છે

૩ કેટલાકો પોતાનુ મન શુદ્ધપણે જે વર્તન કબુલ કરે તેને ધર્મ કહેવા દોરાય છે, પરંતુ તેઓએ પણ સમજવું જોઈએ કે બિલાડીનું બચ્ચું ઉંદરને મારવા જતાં કે કૂતરું બીલાડીને મારવા જતાં કે કોળી વાઘરીના બચ્ચાંઓ જનાવરોને મારવા જતાં શુદ્ધ હૃદય ધરાવતાં ગણાય, પરંતુ શુદ્ધ હૃદયપણાની વ્યાખ્યા જો 'શાસ્ત્રોને અનુકૂળ' એમ થતી હોય તો સ્પષ્ટ શબ્દોમાં કહેવું જોઈએ કે શાસ્ત્રના વચનોને અનુકૂળ પ્રવૃત્તિ કરવી તેનું નામ જ ધર્મ છે અને શાસ્ત્રથી નિરપેક્ષપણે શુદ્ધતાની વાતો કરવી તે તો કેવળ

અધમઆચારોના સંસ્કારો ધરાવનાર બાળકોના અધમ કૃત્યોને પણ શુદ્ધ માનવા જેવું જ થાય અને એથી જ ગાંધી જેવા વાછરડાને મારનાર અને વાંદરાને મરાવવા તૈયાર થાય.

જો કે શાસ્ત્રોની ઉત્તમતાના વિષયમાં આસ્તિકોને પરસ્પર મતભેદ હોવાથી શુદ્ધ અંતઃકરણના વિષયમાં પણ વિવાદનું ખસવુ તો થતું જ નથી, છતાં અહિંસાદિક પદાર્થો એટલા બધા શુદ્ધ અને પવિત્ર છે કે તેઓનું સ્વરૂપ અને ભેદ વિગેરે સંબધી ભિન્નતા છતા પણ અહિંસા વિગેરેની ઉત્તમતામા કોઈપણ જાતનો મતભેદ રહેતો નથી. એટલે અહિંસા વિગેરેવાળું અંત કરણ વ્યવહારથી શુદ્ધ અંતઃકરણ છે એમ કહી શકાય, પરંતુ શુદ્ધ દૃષ્ટિએ વિચારતા વાસ્તવિક શુદ્ધ અંતઃકરણ ત્યારે જ કહેવાય કે જ્યારે સાચી માન્યતા ધરાવવા સાથે શુદ્ધ દેવ ગુરુ અને ધર્મની ઉત્તમતા અંત કરણમાં વસાવી અહિંસાદિના માર્ગે પ્રવર્ત્તવાનું થાય

ઉપરની હકીકત જ્યારે ધ્યાનમાં લેવામા આવશે ત્યારે શાસ્ત્રકારો ધર્મનું જે સ્વરૂપ જણાવે છે તે સત્ય તરીકે લક્ષમા આવશે શાસ્ત્રકારો ધર્મના સ્વરૂપને અને ફળને જણાવતાં સ્પષ્ટપણે કહે છે કે મૈત્રી આદિ (મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય) ચાર ભાવનાઓએ વાસિત અંતઃકરણ હોય અને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જો અનુષ્ઠાન થાય તો તે અનુષ્ઠાનને ધર્મ કહી શકાય

આવો ધર્મ શું કાર્ય કરે છે તે જણાવતાં શાસ્ત્રકારો કહે છે કે ધર્મના ફળ બે પ્રકારે છે એક ફળ તો કોઈપણ કારણ અને સંયોગે જીવે પહેલા દુર્ગતિને લાયકનાં કર્મો બાંધ્યાં હોય તો તેનો નાશ કરી તે જીવને દુર્ગતિમાં પડતા બચાવી લેવો એ છે. દુર્ગતિથી બચાવવો એટલું જ એક ફળ નહિ, પરંતુ અત્યંત સુખમય અને નિત્ય સુખમય એવા સ્થાનકે તે ધર્મ

રૂપિયા જેવી કિંમત થાય છે ત્યારે આ ધર્મપરિણુતિરૂપ શંખલની કિંમત થઈ શકતી જ નથી

૮ રત્નનો સંચય : જગતમાં રત્નોનો સમુદાય રાજા ભાઈઓ કે ચોરોથી ઉપાડી જવાય છે, પરન્તુ આ ધર્મને ઇપણ ઉપાડી લઈ જઈ શકતો નથી રત્નોનો ભંડાર જેમ જેમ ખર્ચાય તેમ તેમ ખૂટે છે, પરંતુ આ ધર્મરૂપી રત્નોનો ભંડાર તો જેમ જેમ ખરચવામાં આવે તેમ તેમ વધવાવાળો છે. જગત્‌માં રત્નોનો ભંડાર અરણ્ય વિગેરેમાં આપત્તિને કરનારો થાય છે. પરંતુ આ ધર્મરૂપી રત્નભંડાર તો સર્વ જગોપર શ્રેષ્ઠ સિદ્ધિ કરનારો જ થાય છે જગત્‌માં રત્નોના ભંડારો ભરેલા હોય છતાં તેમાથી એક પણ રત્ન જીવની સાથે બીજે ભવે આવતું નથી, પરંતુ આ ધર્મરૂપી રત્નોનો ભં' જેવોને તેવો જીવની સાથે પરભવમાં આવે છે.

૯ સાર્થવાહ : જગત્‌ના સાર્થવાહો બાહ્ય અરણ્યને કરાવનારા થાય છે પરંતુ આ ધર્મ સાર્થવાહ જ સંસા દ્રનો પાર કરાવનાર છે જગત્‌ના જંગલો મર્યાદિત હોય ત્યારે આ સંસારરૂપી જંગલ ભલભલાઓને પણ ર યંકર હોઈ અનંત હોય છે જગત્‌ના સાર્થવાહો લે પ્રવાહમાં તણાયેલા હોય છે, ત્યારે આ ધર્મસાર્થવાહ લે પ્રવાહ દૂર કરનાર હોય છે જગત્‌ના સાર્થવાહો સા નગરોમા લઈ જનારા હોય છે, ત્યારે આ ધર્મરૂપી સાર્થ શાશ્વત્ સુખમય એવા મોક્ષનગરમાં લઈ જનાર હોય

ઉપર પ્રમાણે ધર્મનું સ્વરૂપ અને તેની નવ ઉપમાઓ વિ ભવ્યજીવોએ ધર્મને માર્ગે પ્રયાણ કરી આત્માનું ક કરવાની જરૂર છે.

卐